
કુમાર

સંસ્થાપક・રવિશંકર રાવળ
આવતી કાલનાં નાગરિકોનું માસિક
વર્ષ ચુંમાળીસમું・અંક આઠમો
ઓગસ્ટ・ઓગણીસસો સડસઠ
તંત્રી・બચુભાઈ રાવત
સળંગ અંક
૫૨૪



યુદ્ધત્રસ્ત મૃત્યુ
'[illegible] કરો માનવીઓ,
[illegible] નથી સહેવાતું.'

('સિમ્પ્લીસિસિમુસ'નું એક વ્યંગચિત્ર)

જુઓ આ અંકમાંનો લેખ

કલા-અંક

ધાર્યા મુજબ આ મહિને પણ આપી નથી શકાયો...એનાં કારણો જણાવતાં, ક્ષમા માગતાં અને નવો વાયદો આપતાં પણ હવે ક્ષોભ અને શરમ લાગે છે. અનેક 'કુમાર'-પ્રેમીઓ આ વિલંબ અંગે ધીરજ ધરીને સહાનુભૂતિપૂર્વક આશ્વાસન સાથે લખે છે કે મોડો થશે એટલો સારો નીકળશે; તો કોઈ તીખા તરણો મેણાં મારીને શિખામણ આપે છે કે તમારે 'આમ' ને 'તેમ' કરવું જોઈએ. આની પાછળ પણ 'કુમાર' પ્રત્યેની ચાહના જ હશે એમ માનીને અમે એ બંને માથે ચડાવીએ છીએ ને એ અંક બને તેટલો વહેલો આપવાના સંકલ્પ સાથે ફરી એક વાર ક્ષમા માગીએ છીએ. –તંત્રી

કુમાર

ઑગસ્ટ ૧૯૬૭ · અંક ૫૨૪

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૧૫; પરદેશમાં રૂ. ૨૮ અથવા શિ૦ ૨૭; છૂટક નકલ: રૂ. ૧-૫૦

વાચકો લખે છે

કળા વિશે હમણાં પ્લેટોનો અભિપ્રાય વાંચ્યો. આથી ઉચ્ચ અભિપ્રાય બીજો કોઈ નહિ હોય: 'કુદરત સર્જિત એક માણસને કળાકારે દોરેલી એ જ માણસની છબી સાથે સરખાવો. છબી વધુ સુંદર લાગશે, કારણ કે કુદરતમાં નથી એવું 'મનુષ્યત્વ' કળામાં છે, જે કુદરત કરતાં ઘણી રીતે ચડિયાતું છે!'

ખરેખર, કળાને આ વિદ્વાન ફિલસૂફે ઘણી જ સમજભરી અંજલિ આપી છે.

અનુકરણ કે આડંબર કળાનું ભૂષણ નથી. વળી આ ફોટોગ્રાફીના જમાનામાં સાચો કળાકાર જલદી જુદો તરી આવશે. આબેહૂબ ચિત્રણ તો કૅમેરાની મદદથી કોઈ પણ કરી શકે. ખરો કળાકાર એ જ કે જેની કળામાં વિચારોનું ઊંડાણ હોય. કળાનો ઉદ્દેશ આંખને છેતરવાનો નહિ પણ કેળવણી આપવાનો છે, એ આજના આધુનિકતાવાદીઓએ જાણવું જરૂરી છે. કળાની ઉત્તમતા આંખથી વધીને મન સુધી પહોંચવામાં રહેલી છે.

સંગીત-સાધનાની સમજ વધારવા એ વિભાગ શરૂ કર્યો એ જાણી આનંદ. આપણે ત્યાં ધર્મના આશ્રયે સંગીત ઠીક ફાલી શક્યું છે. ડૉ. હંટરે ભારતના ઇતિહાસમાં લખ્યું છે કે ઈ. પૂર્વે ૩૫૦ પહેલાં સા-રે-ગ-મ-પ-ધ-ની, એ સપ્ત સૂર નક્કી થઈ ચૂક્યા હતા. હિંદુ લોકોના સપ્તસૂર ફારસીમાં ગયા; ત્યાંથી અરબસ્તાન-થઈને લગભગ ઈ સ.ની ૧૧મી સદીમાં એનો યુરોપખંડમાં પ્રચાર થયો.

ગ્રીક કથન પ્રમાણે પાઇથાગોરાસ એક દિવસ રસ્તે ચાલતાં કર્ણેન્દ્રિયોના નિયમો વિષે વિચાર કરતો હતો ત્યાં એક લુહારની કોઢમાં ચાર જુદાજુદા વજનના હથોડાથી લોઢું ટિપાતું હતું તેમાંથી મધુર સૂરાવલિ નીપજતી સાંભળી. પાઈથાગોરાસે હથોડાઓનું વજન કરાવીને પ્રમાણ કાઢ્યું જે ૬, ૮, ૯, ૧૨ એ પ્રમાણમાં થયું. પછી સરખી લંબાઈ-જાડાઈના ચાર તાર બાંધી તે પર ઉપર્યુક્ત પ્રમાણનાં વજન લટકાવ્યાં. તે વગાડતાં લુહારની કોઢ જેવા જ મધુર સ્વરો સાંભળવા મળ્યા. એ દેશના પ્રથમ તંતુવાદ્ય 'લાયર'ને ચાર તાર જ હતા. ટર્પૅન્ડરે બીજા ત્રણ ઉમેર્યા. પછી વળી એક ઉમેરાતાં આઠ તાર થયા.

ફક્ત સાત સૂરમાં અનેક લહરીઓ! સૂરોના ચડતા-ઊતરતા ક્રમનો પાર નથી. ભરચક છે છતાં સાદાઈ છે; ગૂંચવાએલું લાગે છતાં નિયમિત છે; વિવિધતાભર્યું છે છતાં ભવ્ય છે.

સંગીતને કામ-મહેનત મજૂરી સાથે કેવું ગૂંથી લેવાયું છે! ખલાસીઓ અને રબારીઓનાં ગીતો, ગોવાલણોનાં ગીતો, ખેડૂનાં ને ઘાણી ચલાવતા ઘાંચીનાં ગીતો, દળણું દળતાં ને કૂબા કૂટતાં ગવાતાં ગીતો! બધે જ સંગીત! સંગીત એ સહાનુભૂતિની માતા છે, ધર્મની સખી છે. હૃદયને સ્પર્શે એ સંગીત ઉત્તમ છે.'

ઉપરના બધા વિચારો ડૉ. હ. મ. દેસાઈના 'સંસારનાં સુખ'માંનાં અવતરણોથી ભરપૂર છે. એ પુસ્તક પણ થોકબંધ લેખકોના ફકરાઓ ગૂંથી બનાવાયું છે; જેમાં સંસાર-અ-ભૌતિક સુખો માણવાની શીખ બહુ સરળતાથી સમજાવાઈ છે.

(મુંબઈ) —રમેશ બી. શ

~

શતરંજની રમતમાં વાચકોને હવે રસ ન એવા નિર્ણય ઉપર મહેરબાની કરીને આવો નહિ. કોયડાને બદલે સંપૂર્ણ રમતથી જ શતરંજની સમગ્ર વ્યૂહરચના જાણવાની મળે! શતરંજની રમત વિષેની લેખમાળા પછી ઉ- જિત થએલો રસ ચાલુ રહે તેમ મોટાભાના વાચકો ઇચ્છતા હશે તેમ હું માનું! કદાચ વાચકો લખતા નહિ હોય!

(રાજકોટ) —જયંતીલાલ માદ

~

જુલાઈ અંકમાં ફાધર વાલેસની નવી લેખમાળા 'જીવનદર્શન'નો પહેલો હપ્તો વ માર્ગદર્શક બનવાની આશા આપે છે. યુવાનો માટે તો આવા લેખો ઘણા જ પ્રેરક ને માર્ગદર્શક બની રહેશે. મુ. રવિભાઈની લેખમાળા અમારા જેવા જૂનાને પણ ઘણી માહિતી આપે છે. એ લેખો તો શક્ય તેટલો વધુ ગાળો આવરી લે તે આવશ્યક છે. ધનસુખલાલ મહેતાનાં સ્મરણોએ સારી ચર્ચા જગાવી પણ એમાંથી ઘણું જાણવાનું મળે છે એ નિર્વિવાદ. ભાઈ ચંદ્રવદનની નવી લેખમાળાની શરૂઆત જુએ એટલો રસ એમની આગલી લેખમાળાઓએ જગાડેલો જ છે. ગુલાબદાદા બ્રોકર પણ આકર્ષણ જમાવી શક્યા છે.

જૂન અંકના 'દિનવિશેષ'માં 'તા. ૨૮ ગુજરાતી ભાષાનું પ્રથમ દૈનિક 'મુંબઈ સમાચાર' શરૂ થયું, ૧૮૮૨' છપાયું છે,

હકીકતદોષ છે. વાસ્તવમાં 'મુંબાઈ સમાચાર' તા. ૧ જુલાઈ (૧૮૮૨)ના રોજ પ્રકટ થએલું આ પહેલી જુલાઈએ 'મુંબાઈ સમાચારે' તેના ૧૪૬મા વર્ષમાં પ્રવેશ કર્યો. એ પ્રસંગે તેના અગ્રલેખમાં જણાવાયું છે તેમ તેના આદ્ય સ્થાપક મોબેદ ફરદુનજી મર્ઝબાનજીના જન્મને ૧૮૦ વર્ષ થયાં છે (૨૮મી માર્ચ, ૧૭૮૭: જન્મ સુરત); ગુજરાતી ભાષાનું સૌથી પહેલું મુદ્રણાલય પણ તેમણે જ સ્થાપ્યું, જેને ૧૫૫ વર્ષ થયાં છે (ઈ. ૧૮૧૨); અને એ મુદ્રણાલયમાં સર્વપ્રથમ ગુજરાતી પંચાંગ પ્રકટ થયું એને ૧૫૩ વર્ષ થયાં છે (ઈ. ૧૮૧૪). એટલે ચાર વર્ષ બાદ 'મુંબાઈ સમાચાર' દોઢ શતાબ્દી ઊજવશે. અને ગુજરાતી પત્રકારત્વની પણ એ દોઢ શતાબ્દી હશે.

ગયે વર્ષે જુલાઈના 'દિનવિશેષ'માં "તા. ૨૯-પહેલવહેલું ગુજરાતી દૈનિકપત્ર 'સમાચાર-દર્પણ' શરૂ થયું, ૧૮૪૯" છપાયું હતું; એ હકીકત ઑગસ્ટ અંકમાં સુધારતાં જણાવ્યું છે: 'ગુજરાતી ભાષાનું સૌથી પહેલું અખબાર 'શ્રી મુમબઈનાં શમાચાર' ૧૮૨૨ના જુલાઈની તા. ૧લીએ પ્રગટયું. એદર સોમવારે પ્રગટ થતું. ૧૮૩૨ના જાન્યુઆરીની બીજી સુધી એ એવી રીતે પ્રકટ થતું રહ્યું. એ પછી ૧૮૩૨ના જાન્યુઆરીની ત્રીજી તારીખથી એ દૈનિક થયું. વર્ષ દિવસ એમ ચાલ્યું, પણ ઉત્તેજનના અભાવે દૈનિક તરીકે ઝાઝા વખત એ ચાલી શક્યું નહિ. આથી વરસેક પછી પાછું એ સાપ્તાહિક બન્યું. વળી થોડાક સમય સુધી તો અઠવાડિયામાં બે વખત પ્રગટ થતું. ઈ. ૧૮૪૯માં 'સમાચારદર્પણ' નામનું નવું અખબાર નીકળવા માંડ્યું-દૈનિક તરીકે. ઈ. ૧૮૫૫થી 'મુંબાઈ સમાચાર' પાછું દૈનિકરૂપે પ્રકટ થવા માંડ્યું. આમ, ઈતિહાસદૃષ્ટિએ પણ પહેલવહેલું ગુજરાતી દૈનિક પત્ર 'સમાચાર દર્પણ' નહિ પણ 'મુંબાઈ સમાચાર'; અને એ સૌથી

પહેલાં પ્રકટ થયું ૧૮૫૫માં નહિ પણ ૧૮૨૨-માં જુલાઈની પહેલી તારીખે.

(મુંબાઈ) —યજ્ઞેશ હ. શુક્લ

~

શ્રી સુરેશ મોદીની 'શતરંજ'ની લેખમાળા બંધ થવી ન જોઈએ. તેઓ 'end game studies'ને બદલે સળંગ રમત આપે, અને તે જલદી શરૂ થાય એમ ઇચ્છું છું. ફાધર વાલેસ પોતાની મનનીય અને અભ્યાસપૂર્ણ 'જીવન ઘડતર'ની લેખમાળા ચાલુ રાખે છે એ જાણી ખૂબ જ આનંદ થયો. અમારી કૉલેજમાં તેમના લેખો 'નોટિસબોર્ડ' પર મૂકવાનું શરૂ થયું છે જેથી ઘણાં વિદ્યાર્થીઓ તે વાંચી શકશે.

(રાજકોટ) —વિદ્યાર્થી વાચક

~

શ્રી મોતીભાઈ વીણુના પરિચયલેખમાં એક ક્ષતિ રહી ગઈ છે. પૉલિટેકનિક તો ભરૂચમાં ચાલે જ છે; મેડિકલ કૉલેજની મુરાદ મોતીભાઈના મનમાં હતી તે અપૂર્ણ રહી ગઈ.

(ભરૂચ) —નરોત્તમ વાળંદ

[• ઉપર્યુક્ત લેખ પ્રો. વાળંદનો લખેલો હતો એનો ઉલ્લેખ કરવાનો પણ રહી ગયો છે.]

~

'પત્રમૈત્રી' વિભાગની પ્રસિદ્ધિ કંઈક અનિયમિત થઈ લાગે છે. વધુ બહોળા માર્ગદર્શન માટે પત્રમૈત્રી માટે ચાલતી કોઈ સંસ્થા કે પ્રકાશન આપના (અને વાચકોના) ધ્યાનમાં હોય તો મને પ્રકાશ ફેંકશો તો ઋણી થઈશ.

(મુંબાઈ) —વિનોદભાઈ રાવલ

[અમારી પાસે આવતી માહિતી અને જગ્યાના અવકાશ અનુસાર અમે એ વિભાગ આપવાનો પ્રયત્ન કરીએ છીએ.]


~

એક શબ્દની વ્યુત્પત્તિ બાબત વાચકો માર્ગદર્શન આપશે? Rhubarb-રૂબાર્બ-એ એક જાણીતી વનસ્પતિજ દવા છે જેનો ઉપયોગ જુદીજુદી માત્રામાં રેચક કે મંદ રેચક તરીકે થાય છે. તેનું ગુજરાતી નામ રેવંચિની છે. આ શબ્દ કેવી રીતે બન્યો હશે? આ ઔષધ-crude drug ચીનથી આવે છે અને તેનું લૅટિન નામ Rheum રેઅઁ છે. એટલે તો રેઅઁ ચીની શબ્દ નહિ બન્યો હોય ને? અંગ્રેજી શબ્દ રૂબાર્બ તો આવી રીતે બન્યો છે: Rheum Barberum—રેઅઁ બાર્બેરમ =રૂબાર્બ. કોઈ જાણકાર સાચો અર્થ દર્શાવશે તો આભારી થઈશ.


(બગસરા) —હાતિમ



'રાજકુમારનો પહેલો શિકાર' રાજ્યશાહી પરનો એક કટાક્ષ



ગુલબ્રાન્સને દોરેલાં ઇબ્સનનાં અને ટોલ્સ્ટૉયનાં બે ઠઠ્ઠાચિત્રો



↑ આ અંકમાં જેનો પરિચય આપ્યો છે તે જર્મન વ્યંગપત્ર 'સિમ્પ્લીસિસિમુસ'નાં કટાક્ષચિત્રોના નમૂના. ઉપર: 'પ્રતિબંધિત પુસ્તક'

કલાવાર્તા

ઇન્દ્ર દુગડ: એક મુલાકાત

પ્રથમ 'કુમાર' દ્વારા અને પછી ભાઈ પ્રદ્યુમ્ન તન્નાને લઇને શ્રી ઇન્દ્ર દુગડનો મને પરિચય થયાને તો લગભગ એક દાયકો વીતી ગયો. અગાઉ એમનો મહેમાન પણ થઈ આવ્યો હતો. તે પછી ફરી સાતેક વર્ષે હમણાં એમને મળવાનું થયું. પ્રદ્યુમ્ને પરિચયમાં ('કુમાર' અંક ૩૬૬) ઓળખ આપી છે એવા જ સ્નેહાળ, આતિથ્યશીલ, ને સાચા કલાકારને સહજ એવા નમ્ર.

એક દાયકા પછી ઇન્દ્ર'દા હવે જરા મોટા—પીઢ લાગ્યા. ઊંચી કાઠીના તો છે જ, અને હમણાં વળી માંદગીમાંથી ઊઠેલા, તે દૂબળા લાગતા હતા. પણ ચિત્રો કરવાનું તો અવિરત ચાલુ જ. હજી આ એપ્રિલમાં જ કલકત્તામાં એમનાં ચિત્રોનું એક પ્રદર્શન યોજાઈ ગયું. પચાસ જેટલાં એ ચિત્રોમાં ત્રણેક તૈલચિત્રો ને બીજાં કાગળ તેમજ કાપડ પર કરેલાં જળરંગી ચિત્રો હતાં. 'હિંદુસ્તાન સ્ટાંડર્ડ'એ એની નોંધ લેતાં લખેલું:

'...વર્તમાન ચિત્રકારોમાં તેઓ એક એવા કલાકાર છે જે પોતાના ચિત્રવિષયમાં કે કલ્પ ક્રિગત ખયાલાતો ભરતા નથી. એમને મન ચિત્રાલેખનનો હેતુ વાસ્તવિકતાના સૌન્દર્યને રજૂ છે. અલબત્ત, એનો અર્થ એવો નથી કે જે કંઈ સુંદર લાગે એની નરી ફોટોગ્રાફિક છાપ ઉતાર કારની કલ્પનાનો પાશ અને લાગણીની ભીનાશ એમનાં ચિત્રોને જડ ફોટોગ્રાફથી અનોખી અર્પે છે. આકારો, સંયોજનાઓ ને રંગાલેખનના નિયમોની અમુક મર્યાદાઓ તેઓ સ્વીકાર એમાં પણ એમની શૈલી સર્વલક્ષી, કંઈક રૂઢિગત ને સારી પેઠે ઘડાએલી છે.

ચિત્રવિષયનું લાવણ્ય બહાર આણવામાં તેઓ ચિત્રાલેખનનું સાફલ્ય માને છે. ચિત્રકા વણ્યને અનોખા દૃષ્ટિકોણથી વધુકો ઉઠાવ આપવો જોઇએ અને દૃશ્યના વાતાવરણને તાદૃશ એવું રંગાલેખન કરવું જોઈએ. અને ખરેખર પોતાનાં દૃશ્યચિત્રો દ્વારા તેઓ જાણે કોઈ રમ્ય પ્ર રજૂ કરે છે. જ્યાં જ્યાં તેઓ ગયા છે ત્યાં ત્યાંના નૈસર્ગિક સૌન્દર્યને એમણે ચિત્રોમાં ઉતાર્યું છે પુષ્પચિત્રો પણ એક કાવ્યમય ચિત્રમાળા રજૂ કરે છે.' (અનુસંધાન પૃષ્ઠ ૩૨૮ની સામેના ચિ







ઉપર: પ્રાચીમાં પ્રથમ કિરણ (રેશમ પર કરેલું એક જળરંગી દૃશ્ય). જમણી બાજુ: નીલગિરિનું એક જલરંગી દૃશ્ય



આ અંકની કલાવાર્તામાં
જેમને વિષે નોંધ છે એ
કલાકાર ઇન્દ્ર દુગડનાં
રેશમના પટ પર કરેલાં
બે સુંદર પુષ્પચિત્રો.
શ્વેત કમળ
(બ્લૉકો : કલાકારના સૌજન્યથી)
અને
પીળું ગુલાબ



આવતી કાલનાં નાગરિકો માટેનું જ્ઞાન અને સંસ્કારઘડતરનું માસિક કુમાર ૫૨૪
ઑગસ્ટ ૧૯૬૭
તંત્રી બચુભાઈ રાવત

જીવનદર્શન - ૨

શાથી સંતોષ?

ફાધર વાલેસ

બાળકને એક કીમતી રમકડું મળ્યું છે. ભિખારીના ખોળામાં એક અમૂલ્ય હીરો મૂક્યો છે. મનુષ્ય નામના પ્રાણીની છાતીમાં દિવ્ય તેજની એક ચિનગારી નાખી છે.

એ રમકડું લઇને બાળક શું કરશે? એ હીરો લઇને ભિખારી શું કરશે? એ દિવ્ય તેજ, એ માનવજીવન લઇને...તમે શું કરશો?

જો બાળક એમ માનશે કે આ તો સામાન્ય રમકડું છે, તો એને ઉછાળી-પછાડીને એના ચૂરેચૂરા ઉડાડી નાખશે; એટલે એની મઝા લાંબી નહિ ચાલે. પણ જો એને સમજાવીએ કે આ તો વીજળીથી ચાલતું રમકડું છે, ને આમ ચાંપ દબાવીએ તો એ પોતાની મેળે હાલે, કૂદે, બોલે, તો બાળકને અનેકગણી મઝા પડશે.

જો ભિખારીને એમ લાગશે કે આ તો સામાન્ય કાચનો ટુકડો છે, તો એ ફેંકી દેશે. પરંતુ જો એની કિંમત એને સમજાશે તો ઝવેરીની પાસે જશે અને આખી જિંદગી સુખેથી જીવી શકે એટલો પૈસો પાછો લઇને આવશે.

અને એ ચિનગારી? એ તીવ્ર બુદ્ધિ, એ ધબધબતું હૃદય, એ માનવયંત્ર...? શી ચાંપ દબાવીએ તો એ હર્ષથી કૂદે? કયું ફલક સૂર્ય સામે ધરીએ તો એ ચમકી ઊઠે? શી રીતે એની કિંમત આંકીએ, એની પાસેથી ચિરસ્થાયી આનંદ મેળવીએ, જીવનની સાર્થકતા સિદ્ધ કરીએ?

માનવજીવનનું મૂલ્ય આંક્યું અંકાય નહિ; માનવહૃદયનો તાગ કાઢ્યો કઢાય નહિ; માનવબુદ્ધિની મર્યાદા બાંધી બંધાય નહિ.

એનો અર્થ એ થયો કે માણસ કોઈ ક્ષુદ્ર ક્ષણિક હેતુ માટે સરજાયું નથી. તેનામાં એક અનંત તત્ત્વ છે, અમૃતનું એક ટીપું છે, દિવ્યતાનો એક અંશ છે. હા, પેલી ચિનગારી.

તેની તરસ દુનિયાની સર્વ નદીઓનાં જળથી છિપાતી નથી; તેની ભૂખ દુનિયાનાં સર્વ ખેતરોના અન્નથી ધરાતી નથી; તેની સુખપિપાસા દુનિયાનાં સર્વ સુખભોગથી સંતોષાતી નથી. તેની મૂર્તિ આગળ પૈસા ને કીર્તિ, ભોગવિલાસને સત્તાનું ગમે તેટલું નૈવેદ્ય ધરાવો તો યે એ ઈષ્ટદેવ રિઝાતા નથી. એને કંઈક વધારે જોઇએ, બીજું જોઇએ. દુ:ખ તો એટલું જ કે એ માનવદેવતાને શું જોઈએ છે તે અનેક વાર તે પોતે જ કહી શકતો નથી!

એક સુંદર પુરાણી કથા છે. દેવોને ચિંતા થઈ કે આ માનવી જબરો નીકળ્યો છે. એ ભારે પુરુષાર્થ કરવા બેઠો છે. એના હાથમાં જો હવે અમરતાનું રહસ્ય આવ્યું તો અમારા જેવો જ થયો સમજો! એટલે તેઓ અમૃતનો કુંભ લઇને બ્રહ્માની પાસે ગયા અને વિનંતી કરવા લાગ્યા: 'આ અમૃતકુંભ એવે સ્થાને સંતાડી રાખો જ્યાં માનવીનો હાથ પહોંચી ન શકે. કારણ કે જો અમે તે ગિરિશિખર ઉપર મૂકીશું, તો માનવી ત્યાં ચડીને તે લૂંટી લેશે; અને જો તેને મહાસાગરને તળિયે સંતાડીશું તો સાગર ઉલેચીને પણ તે એને ત્યાંથી શોધી કાઢશે.' બ્રહ્માજીએ કહ્યું: 'ફિકર નહિ. મને એ કુંભ આપો. હું તેને એવી જગ્યાએ ગોઠવી દઈશ કે જ્યાં શોધવા જવાનો ખયાલ સરખો માનવીને નહિ આવે. એવી અંધારી ગુફામાં મૂકીશ કે માનવીનો હાથ કોઈ દિવસ ત્યાં નહિ પહોંચે.' દેવો ગયા, ને એ રાત્રે, માનવી નિદ્રાધીન હતો ત્યારે, ચૂપકીદીથી આવીને બ્રહ્માએ અમૃતકુંભ માનવીના અંત:કરણમાં સંતાડી દીધો. ત્યારથી માનવી અમર સુખની શોધમાં દુનિયામાં ભમે છે: ઉપર-નીચે, દરિયામાં ને પર્વતોમાં, બધે જ એ ફરી વળ્યો છે... પણ તેનો હાથ હજી પોતાના અંત:કરણ સુધી પહોંચ્યો નથી.

સુખ અંદર છે; અમૃતકુંભ અંત:કરણમાં છે. માનવીનો છેલ્લો ને સાચો, ને હજી બાકી રહેલો પુરુષાર્થ પોતાનું માનવત્વ સિદ્ધ કરવાનો છે. પંડિતો એને આત્મસાક્ષાત્કાર કહેશે; કવિ એને હૃદયકમળની ખિલવણી કહેશે; માનસવિજ્ઞાની એને વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ કહેશે. એવા પાંડિત્યથી ગભરાઈ જવાની જરૂર નથી; એ બધા ભારે શબ્દોનો આટલો સાર સમજી લો કે તમે હાલ જે છો, જે થઈ રહ્યા છો, જે થવા માટે સરજાએલા છો અને જે તમે જાણ્યેઅજાણ્યે બનવા પ્રયત્ન પણ કરી રહ્યા છો, એ તમે પૂર્ણ રીતે, જાગૃત રીતે, ઉત્તમ રીતે બને. એમાં દર્શન, કવિતા ને વિજ્ઞાનનો નિચોડ છે.

બીજની સાર્થકતા શામાં છે? તો કે તે ફૂટે, ફાલે અને એના ભીતરમાં જે વૃક્ષ સંતાએલું છે તે ઊગે, ફૂલે, ફાલે અને આકાશનાં પંખીઓને આશરો આપે ને માણસોના હાથમાં ફળ મૂકે. બીજ જે હતું તેનું સાર્થક્ય કરવાનું હતું, એટલું જ. અંદરથી સ્ફુરણ; ગર્ભમાંથી જન્મ; હૃદયમાંથી વિકાસ.

તમારા જીવનની સાર્થકતા શામાં છે? તો કે તે ઊગે, વિકસે, અને તમારા દિલમાં જે શક્તિ, ને તેજ, ને ઐશ્વર્યનો સંચાર થયો છે તે વ્યક્ત થાય, ફેલાય અને ઘણાનું કલ્યાણ સર્જે. દૂર પારસમણિની શોધમાં નીકળી જવાની જરૂર નથી; હાથમાં જે છે તેનો ઉપયોગ જ કરવાનો સવાલ છે.

તમારી જાતને આ સીધોસાદો પ્રશ્ન પૂછો: શું કરવાથી મને ખરેખર સંતોષ થાય? તેનો નિખાલસ જવાબ તમારા આત્મવિકાસનો માર્ગ ચીંધશે; કારણ કે કોઈ પણ જીવ જે કાર્ય માટે સરજાયો છે એ જો કરે તો જ એને ખરો આનંદ થાય. પંખી ઊડવા માટે સરજાએલું છે અને તેથી મુક્ત ઉડ્ડયનમાં એનો આનંદ છે; એને પાંજરામાં પૂરશો તો ગમે તેટલું સારું ખવડાવશો તો પણ તે ઉદાસ રહેશે. માછલી પાણીમાં જ વિહાર કરવા સરજાઈ છે; એને જમીન પર મૂકશો તો તરફડિયાં મારીને મરી જશે. ઘોડો દોડવા માટે સરજાયો છે; એની લગામ ખેંચતા રહેશો તો એનો જીવ અકળાઈ જશે, પણ એને દિલ મૂકીને દોડવા દેશો તો એ પવનવેગે ઊડશે અને અનેરો આનંદ રોમેરોમ અનુભવી રહેશે. પોતાની શક્તિ વાપરવાથી, પોતાની સાચી પ્રકૃતિ પ્રમાણે વર્તવાથી, પોતાનો ધર્મ પાળવાથી સાહજિક આનંદ ને સંતોષ દરેક જીવને થાય છે. એટલે એ સહજ સંતોષ ઉપરથી પોતાનો કુદરતી ધર્મ શો છે એનો ખયાલ મેળવી શકાય છે.

આ માપદંડ લઇને તમે હવે તમારું જીવન, વર્તન, આદર્શો માપી લો: શાથી મને ખરો સંતોષ થાય? હા; કૃત્રિમ, કે ક્ષણિક, કે તામસિક સંતોષ નહિ; પણ ઊંડો, સાત્ત્વિક, ચિરસ્થાયી આત્મસંતોષ. રોજના નાના પ્રસંગો પર આ માપદંડ વાપરી શકો છો, પણ પ્રથમ તો સમગ્ર જીવન માટે જ એ વાપરો. જીવનની દિશા શોધવાની વાત હતી ને? તો એ શોધ-

ં આ સરળ કસોટી ખૂબ ઉપયોગી નીવડશે. કલ્પના કરો કે તમે જિંદગીમાં છેક આગળ નીકળી ગયા છો અને પાછળ જોઈને જીવનનું સિંહાવલોકન કરી રહ્યા છો. શામાં કૃતાર્થતા ને શાનો પસ્તાવો થાય છે? શું કર્યું તે સારું થયું, અને શું કર્યું હોત તો વધારે સારું થાત? ને, તમે કેવા થવા સરજાયા હતા એનો સ્પષ્ટ ખયાલ આવે છે ને? શું કરવા ને કરાવવા તમને મનખાદેહ મળ્યો હતો એ આપોઆપ સમજાઈ આવે છે ને? બસ; તો આજની તારીખ પર પાછા આવીને એ સ્પષ્ટ જોએલી ક્ષિતિજ તરફ જીવનનૌકા હાંકવા માંડો.

એવું અવલોકન કરતાં એક કવિને જરા નિરાશાજનક અનુભવ થયો:

જન્મ્યો, જીવ્યો ને મૃત્યુ પામ્યો,
પણ યાદ રહ્યું કેવળ આટલું મને:
વારિધિને એક કાંઠેથી લહર ગઈ
ખેંચી મને એના જ સામે કિનારે!

'લહર ખેંચી ગઈ', એ કે થોડી આત્મકથા કહેવાય? ખેંચાવું, દોરાવું, તણાઈ જવું... પણ દિશા કોણ નક્કી કરે? લહર કે સુકાની? હા, સુકાની જો સુકાન સંભાળવાને બદલે હોડીને તળિયે સૂઈ રહે તો એ જરૂર આમતેમ ધકેલાઈ જવાનો; અને કદાચને સામે કિનારે પહોંચે તો એ ચમત્કાર જ હોવાનો.

અને બીજા કવિની ચેતવણી; ભીખપાત્રમાં પડેલો હીરો મળ્યો હતો તે સાચવવા વિષે:

જનમજનમનાં પુણ્યે કરીને, હંસા,
સંતોનો સંગ વો'રાણો;
માંડ કરીને હાથ આવ્યો'તો હીરલો
તે ધોળે દિયે લૂંટાણો!

માનવજીવન પાસેથી પૂરું વળતર ન લેવું એના જેવી આફત માનવી માટે બીજી નથી. માટે પહેલેથી જ એનો ઉત્તમ ઉપયોગ કેવી રીતે કરવો એ વિચારીને, એની આખી યોજના સમજીને, એની સાધના વહેલી આદરવી જોઈએ.

પંડિત જવાહરલાલ નેહરુએ એક પ્રસંગે આ જ વિચારો સુંદર રીતે દર્શાવ્યા હતા. જીવનની અનોખી તકનો પૂરો લાભ લેવાનો આગ્રહ, મુખ્ય વારસો વેડફી ન દેવાની પ્રતિજ્ઞા, અંતિમ ઘડીએ જીવનકાર્ય માટે સંતોષ,

---

થીજી ગયો સમય / જયન્ત પાઠક

· વસંત-મૃદંગ ·

થીજી ગયો સમય આ પટમાં નદીના:
કાળાડીબાણુ ખડકો, વચમાં ધરો ઊંડો—
નાનો સમુદ્ર; અહીં બાળક આદિવાસી કો
આઠેકનો તરી રહ્યો...ઘડીમાં ગળામાં
રહેરી લિયે જળની હાંસડી સૂર્યમાંજી.
ઊંધોછતો થઈ તરે, કરપાય ઠેઠ
સેખડો સુધી
ઠેલે તરંગ જળના, જળને હસીહસી
હસાવતો,
ગહનમાં ડૂબકી દઈને
ઓ નીકળ્યો... મત્સ્યાવતાર!

પાંદડું ઠાલું ને— / યશવંત ત્રિવેદી

· ગાન ·

હું રે એકલસૂરો પોપટો:
માયા મેલીને ઊડી જાઓ રે પોપટડી,
હું રે એકલસૂરો પોપટો.

હું રે પરપોટો ભૂરી ઝાંયનો,
આછો ઓછાયો મારા નામનો,
અડકો તો રેળાઈ જાઉં રે પોપટડી
ખુદખુદનું આયુ મેના, કેવડું?

ખરતી ક્ષણોને રે શીદ વીણવી,
મખમલિયે પીંછે શીદ ગૂંથવી,
ગૂંથો ગૂંથો ત્યાં છૂટી જાય રે પોપટડી
પીંછાનું આયુ મેના, કેવડું?

પાંદડું એકલ, એકલ પોપટો,
પાંદડું ઠાલું ને ઠાલો પોપટો,
પાંદડું ઝીલે ના ભાર રે પોપટડી
પાંદડાનું આયુ મેના, કેવડું?

ફળિયું / હરિકૃષ્ણ પાઠક

· ગઝલ ·

ઢળે ખાટલા આઠદશ પાથરીને
પછી કૈંક વાતે વળી જાય ફળિયું
સહ્યા જે કંઈ તાપ તડકા—શમાવી,
મીઠી નિંદ ઓઢી ઢળી જાય ફળિયું.
દિવસભરનો કલશોર ગજવાં ભરીને
પરીલોક પંથે પળી જાય ફળિયું.
કદી ક્યાંક ઊંચો સુણે સાદ ત્યાં તો
કુતૂહલના ટોળે ભળી જાય ફળિયું.
વળી આભમાં સહેજ વાદળ ચડે ત્યાં
તપ્યાં નેવલે છલછલી જાય ફળિયું.
નવું રૂપ જ્યાં પાંચ પગલાં ભરે ત્યાં
ભીતરની યે વાતો કળી જાય ફળિયું!
કદી રંગ ઝ્હોરે, કદી રોષ ળ્હોરે,
સમયની રમાં ખળખળી જાય ફળિયું.

ઘરનો ફેંકયો
તૃણ-કચરો; પંખી
બાંધતાં માળો.

*

પર્વતટોચે
રહેંસ્યું વાદળ સ્વયં
ગયું વેરાઈ.

*

મત્સ્યગૃહમાં
જોઉં; માછલી-આંખે
સાગર તરે.

ધીરુ પરીખ

અરધી રાતે / કટાવ

મનોજ ખંડેરિયા

અરધી રાતે, સૂના ઢોલિયે
ભરત ભરેલા મોર અચિંતા
એકસામટા સીમ ભરીને
ટહુકે...ટહુકે...

ઘરના ખૂણે પડેલ હુક્કે
સમય ફરી ઝગમગતો,
તાજી ગડાકુની રે વાસ
પ્રસરતી વહે રક્તમાં...

અંધકારની હૂંફ ભરેલી
ફૂલશય્યામાં પર્ણ સમો
ફરફરતો તરતો રહેરો.
રહેરો પીવા મન ભરીને
આખું રે નભ ઝૂકે, રે કૈં ઝૂકે...

પ્રાણ ઘાસની
તાજીતમ લીલાસ ઉપરે
ભાન ભૂલી આળોટે;
ગલમોટા શો શ્વાસ
ભીતરથી ફોરે,
ઝ્હોરે લજ્જાની મંજરીઓ.

મહક મહકતી
મંજરીઓની વચ્ચે બેસી
ધીમુંધીમું મૃદુ ટહુકતાં
કોકિલકંઠી! આજ તમે રે
અજાણ એવી કોક ઘટામાં
જઈને બેઠાં; ને અહીં આજે
અરધી રાતે જુઓ ઢોલિયે
મોર અચિંતા એકસામટા
આભ ભરીને ગ્હેકે...ગ્હેકે.

અને બીજાઓના કલ્યાણ માટે જીવન ખરચવાનું વ્રત. અને આ રહ્યા એમના પ્રેરક શબ્દો:

'જીવન એ માણસની વહાલામાં વહાલી વસ્તુ છે. અને તેને માત્ર એક જ વખત જીવન જીવવાનું હોવાથી તેણે જીવન એવી રીતે જીવવું જોઈએ કે જેથી કાયર અને ક્ષુલ્લક ભૂતકાળની શરમથી તેને સંકોચાવું ન પડે, હેતુશૂન્ય રીતે વારસો એળે ગુમાવ્યો એવી લાગણીથી રિબાવું ન પડે, ને મરતી વખતે કહી શકે, મારું સમગ્ર જીવન અને સઘળું સામર્થ્ય આ દુનિયાના પરમ ધ્યેયને અર્થે—માનવજાતના મુક્તિને અર્થે—મેં ખરચ્યું છે.' ૯

પ…ગ…થિ…યાં

પહેલે પગથિયે હડતાલ પાડી. વિદ્યાર્થી તરીકે આપણો ભણવાનો ધર્મ, કામદાર તરીકે ઉત્પાદન ચાલુ રાખવાની આપણી ફરજ, વેપારી તરીકે પ્રજાને ચીજવસ્તુઓ સુલભ બનાવવાની આપણી જવાબદારી. તે જવાબદારી ભૂલીને, તે ફરજ ચૂકીને, તે ધર્મ ત્યજીને આપણે હડતાલો પાડી…એ તો માત્ર પહેલું પગથિયું હતું.

બીજે પગથિયે આપણે બીજાઓ પાસે હડતાલ 'પડાવી'. ઘણાને ભણવું હતું; ઘણાને પોતાનાં કામકાજ ને વેપારધંધા ચાલુ રાખવાં હતાં. પણ થોડાક લોકો એમનો અભ્યાસ ને રોજગાર રઝળાવવા માગતા હતા. એ થોડાકે દેકારો કર્યો, ધમાલ મચાવી, ધાકધમકીનું વાતાવરણ ઊભું કર્યું. એ 'થોડાક' હતા, પણ 'ઘણાને' એમણે ડરાવી દીધા. બળજબરીથી એમણે હડતાલો પડાવી. આપણે મૂગા રહ્યા, જોઈ રહ્યા, માટે 'આપણે' પણ એ હડતાલ પડાવીને?…એ થયું બીજું પગથિયું.

ત્રીજું પગથિયું તરત આવ્યું: 'અમારે નથી ભણવું; તમને પણ નહિ ભણવા દઈએ. નિશાળમાંથી બહાર નીકળો, નહિતર પથરા મારીશું.' પછી પ્રાથમિક શાળાને પથરા માર્યા, કન્યાશાળાને પણ પથરા માર્યા, કૉલેજોને પથરા માર્યા. 'અમારે કામ નથી કરવું; તમને પણ કામ નહિ કરવા દઈએ.' પછી કારખાનાંને પથરા માર્યા, દુકાનોને પથરા માર્યા, તાર ટપાલની કચેરીને પથરા માર્યા. પથરા પડયા, એટલે આપણે નિશાળ-કૉલેજોમાંથી ભાગ્યા; સરસ્વતીનાં મંદિરો રેઢાં મૂકીને ભાગ્યા; આપણને રોજી અપાવતા સંચા ને યંત્રો રઝળાવીને ભાગ્યા; આખી ને આખી બજારો તોફાનીઓને હવાલે કરી દઇને ભાગ્યા; આપણી બહેન દીકરીઓ દૂરદૂરને ગામડેથી આવીને જે છાત્રાલયોમાં વસી છે તેને બચાવવા પણ ન રોકાયા. ભાગીને ઘર ભેગા થઈ ગયા! પણ જેમણે નિશાળો પર પથરાબાજી કરી, જેમણે દુકાનો પર પથરાબાજી કરી, તે આપણે ઘેર આવીને પથરા ઉગામશે ત્યારે ક્યાં જઈશું? શું કરીશું?—એનો વિચાર કરવા આપણે થોભ્યા નહિ.

હવે જુઓ આવે છે ચોથું પગથિયું: 'રેઢી નિશાળો અમે બાળીશું; સૂમસામ બજારોમાં અમે દુકાનો ને બેંકો લૂંટીશું; બેધડક બળીને આગ ચાંપીશું. પોલીસ થોડી છે, તે બીચારી કેટલે ઠેકાણે પહોંચવાની હતી? એમ તો અમે ય થોડા છીએ—પણ રેઢી દુકાનો લૂંટવા માટે અમે પૂરતા છીએ, સૂના શહેરને સળગાવી મૂકવું હોય તો ય અમે પહોંચી વળીએ તેમ છીએ. હા, તમે બધા ઘણા છો. પણ તમને તો અમે કાં તો ચકરાવે ચડાવી દીધા છે. કાં તો ભગાડી મૂકયા છે. તમે અમને ક્યાંય નડતા નથી. તમે તો અમારે માટે પ્રજાની ઓથ બની ગયા છો. પોલીસની લાઠીઓ ઊછળે છે ત્યાં આડા ધરવા તમારા જ વિદ્યાર્થીઓ અમને ખપ લાગે છે. પોલીસની ગોળીની હડફેટે તમારા પ્રેક્ષક-ટોળામાંથી જ કોઈક આવી જઈને અમને બચાવી લે છે. કુમળાં બાળકોને અમે પથરાબાજીને રવાડે ચડાવી દીધા છે. પોલીસને એ ત્યાં પરેશાન કરશે, રોકી રાખશે, ટોળે વળીને રસ્તા બંધ કરી દેશે—ને અહીં અમે અમારું કામ લહેરથી પતાવીશું. જરૂર પડશે ત્યારે પોલીસને પથરા મારીને અમે તમારાં ઘરમાં સંતાઈ જઈશું, ઘરની પછીતેથી પણ પથરા મારીશું. પછી પોલીસ ઘરમાં આવીને તમને પીટશે તેની હરકત નથી—એ 'પારાવી લીલા'નાં અમે છાજિયાં લઈશું. કોઈ પણ તોફાની કે નવાણિયો કુટાઈ જશે તો તેને અમે "શહીદ" બનાવીશું.'

આમ એક પછી એક પગથિયાં આવે છે. પાંચમે પગથિયે શું હશે, છેલ્લે પગથિયે શું થશે, તેની કલ્પના કરવી મુશ્કેલ નથી. આ અંધારી વાવનાં એક પછી એક પગથિયાં આપણી જનતા ઊતરતી જાય છે અને ઊંડા પાતાળમાંથી ફાસીવાદનાં (એટલે કે રાજકીય ગુંડાગીરીનાં), સરમુખત્યારશાહીનાં, સિતમખોરીનાં પાણી ફૂટતાં આવે છે. હવે ઝાઝી વાર નથી. એ પાણી આપણને છાતીસમાણાં તો પહોંચી પણ ગયાં છે. હવે એકાદ-બે જ પગથિયાં ઊતરીએ, એટલે એ આપણે માથે ફરી વળશે.

ત્યારે પછી હડતાલ પાડી તો શું—'હડતાલ' હરફનો ઉચ્ચાર પણ નહિ કરી શકાય. બે મૂઠી ધાન માટે ખાખી લેબાસ પહેરીને આપણી સડકો પર ખોડાઈ ગએલા અને અપમાનો ને પથરાબાજી સહન કરતા બીચારા ગામડીઆ જુવાનો ત્યારે નહિ હોય. 'દમનનો કોરડો' એ શબ્દો ત્યારે છાપાંળવો વાણીવિલાસ મટીને વાસ્તવિકતા બન્યા હશે. ખુદ છાપાં ત્યારે સમસ્ત પ્રજાની આંખે બાંધવાની (ઘાણીના બળદને બાંધે છે તેવી) અંધારી બન્યાં હશે. ગાંધી ને નેહરુ જેવા યુગપુરુષોની બેફામ ટીકા કરવા દેતું આજનું વાણીસ્વાતંત્ર્ય તો કોઈ સ્વપ્ન સમું બની ગયું હશે. 'ચૂંટણી', 'મતદાન' એ કોઈ માયાવી ભૂતકાળનાં સંભારણાં બની ગયાં હશે.—અને પછી તો એ શબ્દોના વિકૃત અર્થો જ આપણાં મગજમાં પણ ઠાંસી દેવામાં આવ્યા હશે.

પચાસ કરોડ નરનારીઓ ને બાળકો આજે જાણે ડૂબી રહ્યાં છે. હજી પણ સમય છે પાછા વળવાનો. (જોકે ઘડીભર એમ પણ થાય છે કે હવે કદાચ અતિ મોડું થઈ ગયું હશે.) આંખો ઉઘાડીએ, બધા સાથે મળીને જોર કરીએ. તો ધૂંધવી રહેલા ફાસીવાદમાં જળસમાધિ લેતા આ વિરાટ મુલકને હજી યે ઉગારી શકાય—કદાચ. નહિતર, આપણે તો ડૂબીશું જ અને સાથોસાથ આવનારી પેઢીઓને પણ ડુબાડીશું.

શાંતિસમિતિ · ભાવનગર

શ્વસનમાર્ગ (કાયાની કરામત-૬)

નાકનો અંદરનો ભાગ તરુણાસ્થિના પડદા વડે બે ભાગમાં વહેંચાએલો છે. તેમાં બંને પડખે આંતરત્વચાની ત્રણત્રણ ગડીઓ છે. એની ધારને 'કૉન્કાઈ' કહે છે. એના પર સતત એક તરફ હાલતા રહેતા અતિ સૂક્ષ્મ વાળ શ્વાસમાં આવેલી હવામાંના કચરાને બહાર ધકેલે છે. બહારની સૂકી કે ભીની તથા ઠંડી કે ગરમ હવા અહીં એક સરખી હૂંફાળી બને છે.

શ્વાસનળી આંતરત્વચાની બનેલી ને તરુણાસ્થિથી રક્ષાએલી, ચારેક ઈંચ લાંબી તથા એક ઈંચ પહોળી છે. તેની અંદર પણ અતિ સૂક્ષ્મ વાળ હવામાંના કચરાને બહાર કાઢે છે. ઉધરસના ધક્કાથી એ કચરો બહાર ફેંકવામાં સહાય થાય છે. શ્વાસનળી અંદરને છેડે બે પહોળી શ્વાસનલિકાઓ રૂપે ડાબા જમણા ફેફસામાં વૃક્ષની શાખા-પ્રશાખાઓ પેઠે લઘુ શ્વાસનલિકાઓ રૂપે ફેલાય છે. લઘુ શ્વાસનલિકાઓને છેડે આવેલા વાયુકોષોમાં શ્વાસમાં આવેલો ઑક્સિજન લોહીને શુદ્ધ કરે છે.



કોળિયો ગળતી વખતે ગળજીભી કંઠનળીને ઢાંકી દઈ ખોરાકને શ્વાસનળી-માં જતો અટકાવે છે.



શ્વાસનળીમાં ચોક્કસ પ્રમાણમાં ઉપર ધકેલાતી હવા કંઠનળીમાંના સ્વરતંતુઓ પર અથડાવાથી તેમાં કંપન પેદા થઇ અવાજ ઉત્પન્ન થાય છે. મોં, જીભ અને હોઠના હલનચલન વડે એ અવાજનું આપણે શબ્દોચ્ચારમાં રૂપાંતર કરીએ છીએ.

ઊંચો સ્વર કાઢતી વેળા કંઠનળી અને સ્વરદ્વારની સ્થિતિ. (નીચે) નિરાંતે શ્વાસ લેતી વેળાની સ્થિતિ. વધુ ઝડપે ને ઊંડા શ્વાસોચ્છ્વાસ વેળા સ્વરદ્વાર વધુ પહોળું થાય છે.



તેજસ્વી બુદ્ધિપ્રતિભા સાથે અવિશ્રાંત પરિશ્રમપૂર્વકની પ્રબળ કાર્યદક્ષતા સાધીને પોતાના વૈદ્યકીય વ્યવસાય જેટલાં જ કૌશલ અને સફળતા રાજનયમાં પણ દાખવનાર સિદ્ધાંતનિષ્ઠ દઢાગ્રહી છતાં નમ્ર અને ખેલદિલ રાજપુરુષ

ડૉ. જીવરાજ મહેતા

જેઓ આ ૨૯મી ઑગસ્ટે ૮૧મા વર્ષમાં પ્રવેશશે

લેખક · **શ્રી રાઘવજી લેઉવા**

અધ્યક્ષ : ગુજરાત રાજ્ય વિધાનસભા



ઈ. સ. ૧૯૧૫ની નવમી જાન્યુઆરીએ ભારતમાં કાયમી વસવાટ કરવા ગાંધીજી આફ્રિકાથી ઇંગ્લંડ થઈ મુંબાઈ આવ્યા ત્યારે એમના માનમાં અનેક મેળાવડા થએલા. એમાંના એક, મુંબાઈની કપોળ વિદ્યાર્થી બોર્ડિંગના ૧૫મી ફેબ્રુઆરીના મેળાવડામાં ગાંધીજીએ કહ્યુ:

'આજે આ બોર્ડિંગની મુલાકાત લેવાનું સાધારણરીતે મારા માટે શક્ય બન્યું ન હોત. પરંતુ આ જગ્યાએ ડૉ. જીવરાજ મહેતા રહ્યા હતા અને ઝળકતી કીર્તિ મેળવી હતી, તેથી આ સ્થળ જોવા માટે હું આતુર હતો. તેમના સંબંધી ટૂંકમાં કહું તો તે યુવાન ને દેશપ્રેમી છે અને તેથી, આવનારાં વરસો દરમ્યાન તેઓ દેશને ઉપયોગી નીવડશે.'

આવું ઉમદા પ્રમાણપત્ર ગાંધીજી જેવા કડક મનુષ્યપારખુ પાસેથી પ્રાપ્ત કરનાર ડૉ. જીવરાજ મહેતાનો જન્મ સૌરાષ્ટ્રના અમરેલી ગામમાં ગરીબ પણ વૈષ્ણવી સંસ્કારવાળા કુટુંબમાં, પિતા નારાયણજી મહેતાને ત્યાં ઈ. ૧૮૮૭ની ૨૯મી ઑગસ્ટે આઠ ભાઈબહેનોમાં સાતમા અને સૌથી નાના પુત્ર તરીકે થયો હતો. ઘરની આર્થિક સ્થિતિ સારી ન હોવાથી નાનપણમાં માતાને પાણી ભરવામાં મદદ કરનાર આ ભાવિ નાણાપ્રધાને 'ઠમુ ઠમુ લઈને ગ્યાસતેલનો વેપાર કરેલો.' સોળ વર્ષની ઉમરે મૅટ્રિક પાસ થતાં સુધીમાં અઢી રૂપિયાની સ્કૉલરશિપ અને ટ્યૂશનોની આવકથી ઘરમાં સહાયક થતા એ કિશોરે પ્રથમ તો સિવિલ સર્વિસમાં જોડાવાનાં સ્વપ્ન સેવેલાં, પણ ડૉ. એદલજીને ત્યાં ટ્યૂશન કરતાં કરતાં એમને ડૉક્ટર થઈને ગરીબોની સેવા કરવાની મહત્ત્વાકાંક્ષા જાગી. મોટા ભાઈ રણછોડદાસ તથા જગજીવનદાસ, દાદીમા અને આપ્ટે જેવા શિક્ષકોની પ્રેરણા પામીને ખંતીલા, ચોક્કસ અને નિયમિત બનેલા તરુણ જીવરાજભાઈ અમરેલીમાંથી મૅટ્રિક થઈને મુંબાઈ ગયા ને ત્યાંની કપોળ વિદ્યાર્થી બોર્ડિંગમાં માફીના વિદ્યાર્થી તરીકે દાખલ થયા. મેડિકલ કૉલેજમાં દરેક પરીક્ષામાં કોઈ ને કોઈ ઇનામ કે શિષ્યવૃત્તિ મેળવતા આ તેજસ્વી વિદ્યાર્થીએ છેલ્લી




પિતા: નારાયણજી મહેતા અને માતા: ઝમકબાઈ (ઈ. ૧૯૧૩)

'એ જુવાન અને દેશપ્રેમી છે, અને આવનારાં વરસો દરમ્યાન દેશને ઉપયોગી નીવડશે.' —ગાંધીજી

'આ જુવાનમાં માનવીઓના નેતા થવાનું જન્મસિદ્ધ સામર્થ્ય છે.' —ગોખલે

'એમના જેવા બાહોશ માણસ ઘણા થોડા છે. એમની પાસે સફળ વહીવટનો ઇલમ છે.' —સરદાર

> મારા જીવનની પરમ અભિલાષા આ દેશની સર્વતોમુખી ઉન્નતિમાં ઉપયોગી બનવા સિવાય બીજી કોઈ નથી. મને નિવૃત્ત થવાનો વિચાર કદી આવતો નથી. ઈશ્વર આપણી પાસેથી જ્યાં સુધી કામ લેવા ઇચ્છે અને સમાજ તેમાં સંમતિ આપે ત્યાં સુધી આપણે કામ કરતા રહેવું જોઈએ. —ડૉ. જીવરાજ મહેતા

એલ.એમ. ઍન્ડ એસ. (એમ.બી.બી.એસ.નું પૂર્વનામ)ની પરીક્ષામાં આઠમાંથી સાત વિષયમાં સર્વોત્તમ ગુણ માટેનાં ઇનામો મેળવ્યાં અને આઠમું ઇનામ એક સહાધ્યાયીના ભાગમાં મેળવ્યું.

અભ્યાસકાળ દરમિયાન એમના એક ટ્યૂટર ડૉ. પુરંદરે (નામાં

ત સ્ત્રી-રોગ-નિષ્ણાત) ટાઇફૉઈડમાં સપડાયાના સમાચાર મળતાં ષ્ય જીવરાજ એમની ખબર કાઢવા ગયા, ને ત્યાં આર્થિક મર્યાદાને ધે ડૉ. પુરંદરે નર્સ રોકી શક્યા નથી એ પામી જતાં જ પોતાના ક સહાધ્યાયી સાથે એમની સારવારમાં શિષ્યભાવે રોકાઈ ગયા, ને ડૉ. પુરંદરે સાજા થઈને ઑસ્પિટલ છોડી ગયા ત્યાં સુધી એમની વા સતત ચાલુ રાખી. આ વાતને ડૉ. પુરંદરેએ એક જાહેર સમા-મમાં ઉલ્લેખ કર્યો ન હોત તો એ સેવા સદા માટે ગુપ્ત જ રહેત.

એલ. એમ. ઍન્ડ એસ.ની અપૂર્વ ફતેહથી મળેલી મુંબાઈ યુનિ-સિંટીની સર મંગળદાસ નથુભાઈ ટ્રાવેલ ફેલોશિપ અને તાતા ટ્રસ્ટ-ાંથી મળેલી લોન-સ્કૉલરશિપની સહાયથી તેઓ ઈ. ૧૯૦૯માં વધુ ભ્યાસ માટે લંડન ગયા. હિંદમાંની આવી યશસ્વી કારકિર્દી છતાં ા. જીવરાજને નિયમ મુજબ એમ.ડી. થવા માટે લંડન યુનિવર્સિટીની મ.બી.બી.એસ.ની બધી પરીક્ષાઓ આપવી પડી. ત્યાં પણ છેલ્લી રીક્ષામાં તે પ્રથમ આવ્યા અને યુનિવર્સિટીનો સુવર્ણચંદ્રક પ્રાપ્ત કર્યો.

બુદ્ધિમાન ને ચારિત્ર્યશીલ વિદ્યાર્થી તરીકેની એમની પ્રતિષ્ઠા ાવા છતાં અને શિક્ષકવર્ગમાં પણ પ્રીતિપાત્ર હોવા છતાં સામ્રાજ્ય-ાહી અને રંગભેદના એ જમાનામાં એમની ઑસ્પિટલમાં જે નોકરી પર એમનો હક્ક હતો તે એમને ન મળતાં એમનાથી બીજે નંબરે ાવનાર ગોરાને મળી. આ અન્યાય માત્ર હિન્દીને જ નથી પણ તમામ ેનગોરા વિદ્યાર્થીઓને થયો છે એ પ્રશ્ન ઉપર એમણે હિંદ, બ્રહ્મદેશ, ્લોન આદિના તમામ એશિયન વિદ્યાર્થીઓની સહાયથી ત્યાં ચળ-ળ ચલાવી અને પોતાને થએલા અન્યાયની પ્રતીતિ ઑસ્પિટલના ત્તાધીશોને કરાવી આપી. પરિણામે, એ જ ઑસ્પિટલમાં બીજી વી જ મહત્ત્વની જગ્યા પર એમની નિમણૂક કરવામાં આવી.

વિદ્યાભ્યાસ દરમિયાન 'ઇન્ડિયન ગિલ્ડ ઑવ સાયન્સ ઍન્ડ ક્નૉલૉજી'ના વિદ્યાર્થી-મંત્રી તથા પ્રમુખ તરીકે કાર્ય કરનાર યુવાન તા જીવરાજે ઈ. ૧૯૧૧માં ગોખલેજીના વરદ હસ્તે ઉદ્‌ઘાટન પામેલી લંડન ઇન્ડિયન એસોસીએશન' સ્થાપવામાં અગ્ર ભાગ ભજવેલો. ેથી રાજકારણમાં ભાગ લેતા યુવાનો પર ચાંપતી નજર રાખતી બ્રિટિશ સરકારની 'ઇન્ડિયા ઑફિસે' એમને ચેતવણી આપી, પણ મા ભાવિ દેશભક્તે એની કાંઈ પરવા કરી નહિ. એસોસીએશનના એ ક્રિય કાર્યકર હોઈ એમને મોટો લાભ એ થયો કે હિન્દથી ઇંગ્લંડ જતા ારતના સર્વમાન્ય નેતાઓ—શ્રીનિવાસ શાસ્ત્રી, ટાગોર, ગોખલે, રોજિની નાયડુ, ઝીણા, લાલા લાજપતરાય આદિ-નો એમને પ્રત્યક્ષ રિચય થયો; એટલું જ નહિ પણ ઈ. ૧૯૧૪માં 'પબ્લિક સર્વિસિઝ મિશન'ના કામ માટે ત્યાં ગએલા ગોખલેજીને કામનો ઘણો બોજો હેતો હતો, અને તે મધુમેહ તથા લોહીના દબાણની બીમારીથી પી-ડાતા હોઈ તેમને કુશળતાભરી વૈદ્યકીય સારવારની ઘણી જરૂર હતી એ જોઈને ડૉ. જીવરાજે આવા મહાન દેશભક્તની સેવા કરવાની પોતાની પ્રથમ ફરજ ગણી, અને પોતાના અભ્યાસમાં ખલેલ પડવાની પરવા કર્યા સિવાય ગોખલેજીની સાથે રહીને તેમની સેવા કરવાનું પોતાને માથે લીધું અને તેઓ ત્યાં રહ્યા ત્યાં સુધી એમની શુશ્રૂષા કરી. આ જ સમયે ગોખલેજીને મળવા દક્ષિણ આફ્રિકાથી આવેલા ગાંધીજી-ની સાથે એમને પરિચય થયો, અને ખોરાક અંગેના પ્રયોગોથી નાજુક બની ગએલી તબિયતવાળા ગાંધીજીની સેવા પણ એમણે ઉપાડી લીધી.

ઈ. ૧૯૧૫ના નવેમ્બરમાં સ્વદેશ આવીને ડૉ. જીવરાજે મુંબઈમાં પ્રૅક્ટિસ શરૂ કરી. એ જ વર્ષે ડૉ. સિંહાના પ્રમુખસ્થાને ભરાએલા કૉંગ્રેસ-અધિવેશનમાં હિન્દી વિદ્યાર્થીઓ વિષે મનનીય ને માહિતીપૂર્ણ



વડોદરાના દીવાન સર મનુભાઈ નંદશંકર મહેતા, તેમનાં પુત્રી હંસાબહેન અને ડૉ. જીવરાજ મહેતા



હંસાબહેન સાથે લગ્ન વેળા (ફોટો: મગનલાલ પી. સન્સ)



પુત્રી અંજનીબહેન સાથે હંસાબહેન તથા જીવરાજભાઈ





ડૉ. જીવરાજ મહેતા લંડનમાં: (૧) ડાબી બાજુ: ઇંડિયા હાઉસ' ખાતે પોતાના કચેરી ખંડમાં:(૨) મથાળે: કૉમનવેલ્થ સેક્રેટરી મિ બૉટમ્લી સાથે; (૩) નીચે: લંડનના કેન્સિંગ્ટન પૅલેસ ગાર્ડન્સ ખાતેના એમના સત્તાવાર નિવાસસ્થાને શ્રીમતી હંસાબહેન મહેતા સાથે. (ત્રણે ફોટો: રમણિકલાલ સોલંકી તથા ગુજરાતમિત્ર લંડન કચેરીના સૌજન્યથી;



વિચક્ષણ રાજદૂત

ચાણક્યોના વિશ્વમાં વાક્ચાતુર્ય અને મુત્સદ્દીગીરી સાથે કર્તવ્યનિષ્ઠા ને સચ્ચાઈના ગુણ જરૂરી છે. વિશ્વરાજકારણના એક કેન્દ્ર સમા લંડનમાં ભારતીય રાજદૂત તરીકેની જવાબદારી ૧૯૬૪થી ૧૯૬૬ સુધી અદા કરનાર ડૉ. જીવરાજ મહેતાએ આ ગુણોની પૂરી પ્રતીતિ કરાવી.

સવારે દસના ટકોરે ઇંડિયા હાઉસમાં આવીને રાતના ૮ાા સુધી સતત કાયરત રહેવાની એમની શક્તિ ને સ્ફૂર્તિ કોઈ પણ યુવાનને શરમાવતાં. રાષ્ટ્રની શાન, સ્વમાન અને સંસ્કૃતિના રક્ષક એવા રાજદૂતોનો દિવસ કેવો ઉદ્યમી હોય તે તો એ કચેરી સાથે સંકળાએલી વ્યક્તિ જ જાણી શકે. રોજિંદાં ખટપટાં કામો ઉપરાંત જગતભરના રાજપુરુષોની મુલાકાતો, ભારતથી આવતા અગ્રણીઓ માટે વ્યવસ્થા અને મંત્રણા, મહેમાનોનું સ્વાગત, ભારતીયો અને ભારતીય વિદ્યાર્થીઓ સાથે મિલન, દેશની સમજદારી વધારવા પાર્લમેન્ટના સભ્યો અને પત્રકારો સાથે ચર્ચા વિચારણા વગેરે ઉપરાંત સભાસંબોધન, રેડિયો-ટેલિવિઝન મુલાકાત બ્રિટનનો પ્રવાસ અને તે દરમિયાન સ્થાનિક ભારતીયો સાથે મિલન આદિ સામયિક કાર્યક્રમો પ્રસન્ન પરિશ્રમપૂર્વક આટોપતા ડૉ. મહેતા કદી કાર્યના ભાર નીચે દબાએલા જણાયા નથી. રોજિંદાં કામથી પરવારીને ભારત અંગે બ્રિટિશ પત્રોની રજૂઆતો પણ જાતે જ વાંચી જવાના.

ઇંડિયા હાઉસમાં પણ ઘણો એવો સુધારો કર્યો. એમના આગમન પહેલાંની ૧૪૫૦ની સ્ટાફ-સંખ્યા વિદાય વખતે ૯૫૦ની કરીને રાષ્ટ્રના વિદેશી હૂંડિયામણમાં એમણે બચત કરી આપી, તો ભારત-પાક ઘર્ષણ વેળા અંગત અપીલ દ્વારા વિદેશી હૂંડિયામણ રળી પણ આપ્યું. ભારત-પાક સંઘર્ષથી બ્રિટન-ભારત વચ્ચેના સંબંધો જે તંગ બન્યા એને રાબેતાની પરિસ્થિતિ પર લાવવા એમને જે જહેમત ઉઠાવવી પડી તે તો જાણનારા જ જાણી શકે.

ત્રણ વર્ષના બ્રિટન નિવાસ દરમિયાન પોતાના મિલનસાર અને મિષ્ટ પ્રકૃતિથી એમણે અનેકનો જે પ્રેમ સંપાદિત કર્યો હતો તેની ગવાહી એમના વિદાયસમારંભ વેળાએ રાજપુરુષો, રાજદૂતો, પત્રકારો તેમજ અગ્રણી બ્રિટિશ અને ભારતીય પ્રજાજનોની હાજરી તથા એ સૌએ એમના કાર્યની કરેલી મુક્ત પ્રશંસાએ પૂરી હતી. એમના નિવાસ દરમિયાન બ્રિટનના સામાજિક ક્ષેત્રે અનન્ય સેવા બજાવનાર અને લીડ્ઝ યુનિવર્સિટી દ્વારા ડૉક્ટર ઑવ ફિલૉસૉફીની માનાર્હ ઉપાધિથી વિભૂષિત થનાર એમનાં આદર્શ પત્ની અને સમર્થ શિક્ષણકાર શ્રીમતી હંસાબહેન મહેતા પણ બ્રિટનમાં એટલાં જ લોકપ્રિય બની રહ્યાં હતાં.

આ મહિને ૮૧મા વર્ષમાં પ્રવેશતા ડૉ. જીવરાજ મહેતા રાષ્ટ્રની સુદીર્ઘ સેવા કરવા શક્તિમાન બને એ માટે એમના સ્વસ્થ દીર્ઘાયુની પ્રાર્થના છે.

(લંડન) **રમણિકલાલ સોલંકી**



લંડનમાં
ત્યારે અને હમણાં

ડાબી બાજુ : લંડનમાં અભ્યાસ કરતા હતા ત્યારે વિખ્યાત ભારતીય વિજ્ઞાની આચાર્ય પ્રફુલ્લ ચંદ્ર રૉય સાથે; જમણી બાજુ : લંડનમાં હાઈ-કમિશનર હતા ત્યારે લૉર્ડ માઉન્ટબૅટન સાથે; બાજુમાં હંસાબહેન. (બીજો ફોટો : રમણિક-લાલ સોલંકી તથા ગુજ-રાતમિત્રના સૌજન્યથી)



વચન આપી એમણે શ્રીમતી સરોજિની નાયડુ જેવાંની પ્રશંસા પ્રાપ્ત રી. હવે તેઓ પોતાની ડૉક્ટર તરીકેની પ્રાઈવેટ પ્રૅક્ટિસમાં સ્થિર તા જતા હતા, ત્યાં માનસિક બીમારીનો ભોગ થઈ પડેલા સર રતન તાતાને સારવાર માટે ઇગ્લંડ લઈ જવાની જરૂર ઊભી થઈ. પ્રથમ વિશ્વયુદ્ધના એ ભીષણ દિવસોમાં, કોઈ પોતાની જિંદગી જોખમમાં મૂકવા તૈયાર થતું ન હતું એ કાળમાં, ડૉ. જીવરાજને કૃતજ્ઞતાનો સર્ગિક ગુણ પૂર્ણ કળાએ ખીલી ઊઠયો. જે તાતા-ટ્રસ્ટે સ્કૉલરશિપ આપીને પોતાને વિલાયતના વિદ્યાભ્યાસની સગવડ કરી આપી હતી એ તાતા ખાનદાનના કુટુંબીજન સાથે જવાની પોતાની ફરજ ગણીને હામે ચાલીને સર રતન તાતા સાથે જવા તે તૈયાર થયા. કમનસીબે સૌને જે ભય લાગતો હતો એ સાચો પડ્યો અને એમની સ્ટીમર 'એસ એસ. અરેબિયા' ભૂમધ્ય સમુદ્રમાં જર્મન ટૉર્પિડોનો ભોગ બનીને ડૂબી. પોતે જેની સારવાર માટે ગયા હતા એ સર રતન તાતાને સુરક્ષિત રાખતા ડૉ. જીવરાજ મહેતા અન્ય સાથીઓ સાથે બે દિવસ વરસતા વરસાદમાં લાઈફબોટમાં અથડાયા, અને એમને બચાવી લેવાયા ત્યારે તેઓ પ્લુરસી જેવા જીવલેણ દર્દનો ભોગ થઈ ચૂક્યા હતા! આમ, ફરજના ઊંચા ખયાલને લીધે એમણે જિંદગી પર કાયમી જોખમ વહોરી લીધું, પણ એમને એ વાતનો કદી વસવસો થયો નથી; ઊલટાનો પોતે કૃતજ્ઞભાવે પોતાની ફરજ બજાવી શક્યા એ માટે તેઓ પરમાત્માનો આભાર માને છે.

૧૯૧૬ના મે માસમાં તે ઇગ્લંડના સૅનેટોરિયમમાં દાખલ થયા અને ડૉક્ટરોએ ક્ષયનું નિદાન કરતાં પોતાની સારવાર માટે ઇગ્લંડ અને યુરોપના અન્ય દેશોમાં તેમને રહેવું પડ્યું. તબિયત સુધરતાં ઈ. ૧૯૧૯માં તે સ્વદેશ પાછા ફર્યા ત્યારે અહીં ગાંધીજીએ પોતાની પ્રવૃત્તિ પૂર જોરમાં શરૂ કરી દીધી હતી. તેમાં તે જોડાઈ ગયા અને જલિયાંવાલા બાગના અત્યાચારની તપાસમાં મદદ કરવા લાગ્યા. આ સમય દરમિયાન ગાંધીજીની તબિયત દીર્ઘ ઉપવાસોને લીધે તેમજ એમને પ્રિય એવા એમના ખોરાકના પ્રયોગોથી નંખાઈ ગઈ હતી, તેથી ડૉ. જીવરાજે પોતાનો મોટા ભાગનો સમય ગાંધીજીની નિકટ રહી એમની સારવારમાં ગાળવો શરૂ કર્યો.

એમાં એમના પોતાના જ રોગે પાછો ઊથલો મારતાં ડૉ. જીવરાજને ફરી ૧૯૨૦માં સ્વિટ્ઝર્લૅન્ડ જવું પડ્યું. આ ગાળામાં જ તેઓ ત્યાં ૧૯૨૧ના ઑગસ્ટમાં વડોદરાનરેશ સર સયાજીરાવ ગાયકવાડના અંગત પરિચયમાં આવ્યા. વડોદરા રાજ્યના પ્રજાજન તરીકે તો ડૉક્ટરે વડોદરાની સેવા કરવી જોઈએ એવા સયાજીરાવ ગાયકવાડના સૂચનનો એમણે પોતાના સ્વાભાવિક કૃતજ્ઞભાવે સ્વીકાર કર્યો; અને દેશ આવીને પહેલાં મહારાજાના અંગત ડૉક્ટર તરીકે, અને ત્યાર બાદ રાજ્યના ચીફ મેડિકલ ઑફિસર તરીકે (જે પદે આજ સુધી અંગ્રેજો જ નીમાતા હતા એ પદ પર) પ્રથમ હિન્દી હોવાના માન સાથે કાર્ય કર્યું. વિગતોમાં ઊંડા ઊતરી વહીવટી ગૂંચોનો ઉકેલ આણવાની એમની સ્વભાવગત કુશળતા આ સમયથી જ પ્રતીત થવા લાગી.

ઈ. ૧૯૨૪ના જાન્યુઆરીમાં ડૉ. જીવરાજે એ સમયના વડોદરાના દીવાન સર મનુભાઈ નંદશંકર મહેતાનાં પુત્રી હંસાબહેન સાથે આંતરજ્ઞાતીય લગ્ન કરી ક્રાંતિકારી પગલું ભર્યું, જેના પરિણામે ઉભય પક્ષને ઠીકઠીક સહન કરવું પડ્યું. પરંતુ બન્ને પક્ષે સઘળા વિરોધવંટોળનો પ્રસન્નતાપૂર્વક સામનો કર્યો. તેમાં પણ પોતે આવા લગ્નથી કોઈ મહાન સિદ્ધિ પ્રાપ્ત કરી છે એવું ગુમાન એમણે કે હંસાબહેને કદી દાખવ્યાનું એમના અંગત પરિચયમાં આવનારને કોઈને લાગ્યું નથી. એ બનાવને જીવનનો સ્વાભાવિક ક્રમ જ એમણે માની લીધો છે.

ઈ. ૧૯૨૫માં તેઓ વડોદરા છોડીને મુંબાઈ ગયા અને એ વર્ષના એપ્રિલની પહેલી તારીખે મુંબાઈ મ્યુનિસિપાલિટીએ તાજેતરમાં જ સ્થાપેલી 'ગોરધનદાસ સુંદરદાસ મેડિકલ કૉલેજ' અને 'કિંગ એડવર્ડ મેમોરિયલ હૉસ્પિટલ'ના ડીન તરીકે એમની નિમણૂક થઈ. એકધારાં સત્તર વર્ષ સુધી એ સ્થાને રહીને એક કડક અને સમર્થ ડીન તરીકે એમણે બતાવેલી વહીવટી કુશળતા તથા ઉચ્ચ કોટિના શિક્ષક અને શિક્ષણશાસ્ત્રી તરીકે દાખવેલી પ્રતિભા પ્રશંસનીય અને નોંધપાત્ર બની રહી. અંગ્રેજ ડૉક્ટરોના વર્ચસવાળી તેમજ સરકારી કૉલેજ હોવાને કારણે એ સંસ્થાઓને જે સુવિધાઓ હોય છે તેવી સુવિધા ભોગવતી સરકારી મેડિકલ કૉલેજની હરીફાઈમાં પણ ગોરધનદાસ મેડિકલ કૉલેજને એક નમૂનેદાર કૉલેજ બનાવવામાં તેમનો ફાળો ચિરસ્મરણીય રહેશે. ઉચ્ચ કક્ષાની શિસ્ત, સ્વચ્છતા, નિયમિતતા અને વૈદકીય વ્યવસાય પાસેથી અપેક્ષિત તમામ ઉચ્ચ ધોરણોનું યથાર્થ પાલન એ કૉલેજ અને હૉસ્પિટલમાં થતું. એની પાછળ ડૉ. જીવરાજ મહેતાની જાગરૂકતા, નાનામાં નાના કર્મચારીને (અનુ. પૃ. ૩૨૬)

ગુનાશોધનની લેખમાળાના આગામી હપ્તાના પુરોસંધાનરૂપ એક વાર્તા

બક્ષિશપત્ર

પુષ્કરભાઈ ગોકાણી

શેઠ વ્રજલાલ પર ટપાલમાં એક અંગત પત્ર આવ્યો. કાપીને ચોડેલી છાપાની કાપલીઓ દ્વારા એમાં સૂચવ્યું હતું કે 'આપનું છેલ્લું વિલ રજિસ્ટર કરાવશો નહિ.' આ નનામો પત્ર જોઈ શેઠ વિમાસણમાં પડી ગયા. આખરે પોતાના પુત્ર સુમનના જમાઈ વકીલ સુરેન્દ્રને એમણે બોલાવ્યો. વકીલે પોલીસને જાણ કરી અને છેવટે સૌએ સાથે મળી નક્કી કર્યું કે એ વિલ રજિસ્ટર તો કરાવવું જ.

આ વિલ ન જાણે કેટલામું હશે. લગભગ એંશીની ઉંમરે પહોંચેલા શેઠનો આગલા અને નવા ઘરનો મળી બહોળો પરિવાર હતો. પ્રથમ પત્નીના બે પુત્રો નંદલાલ અને સુમન તથા બીજી પત્ની સવિતાથી એમને કંઈ સંતાન નહોતું વળી, નંદલાલને એક પુત્રી તથા સુમનને ત્રણ પુત્રો ને બે પુત્રી હતી. એમાંની એકનો પતિ સુરેન્દ્ર વકીલ હતો અને બીજીને ડૉક્ટર ચંદ્ર સાથે પરણાવી હતી. શેઠના પુત્રો મલબાર હિલ પર અલગ રહેતા હતા અને શેઠની કાપડની વિશાળ પેઢીમાં ભાગીદાર ગણાતા હતા. વૃદ્ધાવસ્થાને કારણે, બીજી બધી રીતે સારી તબિયત હોવા છતાં શેઠ ડાયાબીટિસ અને લોહીના ઊંચા દબાણના દર્દી હોઈ એમનો લગભગ બધો ધંધાકીય વહીવટ એમના સાળા છગનલાલને હસ્તક હતો. સવિતા શેઠાણીએ પોતાના ભાઈને આમ ઠેકાણે પાડયો હતો. વિસ્તૃત વ્યવસાયો અને મોટા પરિવારને લીધે ઊભી થતી જંજાળોથી પ્રેરાઈ મૂળથી જ ઊર્મિશીલ સ્વભાવના શેઠે વારંવાર પોતાનું વસિયતનામું ફેરવ્યા કર્યું હતું અને ચારેક વિલ તો અગાઉ રજિસ્ટર કરાવેલાં હતાં. હવે ફરી વધુ એક વાર તેઓ પોતાનું વિલ ફેરવતા હતા ત્યાં આવો નનામો પત્ર એમને મળ્યો.

બીજી સવારે ફરી પત્ર મળ્યો. અગમચેતી વાપરી વકીલ સુરેન્દ્રે તેનું કવર વગેરે સાચવી રાખ્યું. પત્ર પરની ટપાલની છાપ મલબાર હિલની હતી. છાપાની કાપલીઓમાં સંદેશો હતો : 'વિલ રજિસ્ટર કરાવશો તો ગંભીર પરિણામ આવશે.' ફરી ઈન્સ્પેક્ટર રાઠોડને બોલાવવામાં આવ્યા. એમણે શેઠનું આ પહેલાંનું છેલ્લું વિલ જોવા માગ્યું. તેમાંની મુખ્ય વિગત આમ હતી : 'કોલભાટ લેન અને ગાયવાડીના માળાનું ભાડું વિધવાઓના કલ્યાણમાં અને લોનાવલાની હોટેલનું ભાડું ગરીબ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવામાં વપરાય; માથેરાન અને માટુંગાનાં મકાન પોતાની બન્ને પુત્રીઓને મળે તથા દુકાનનો ભાગ પોતાની પત્ની સવિતાને મળે. બાકીનાં બધાં મકાનો બન્ને પુત્રોને સરખે હિસ્સે વહેંચાય.' આ બાકી કેટલાં મકાનો તે ઈન્સ્પેક્ટરે પૂછતાં શેઠે જણાવ્યું કે 'એમાં બીજા ચાર માળાઓ છે : જામ્બલી મહોલ્લામાં એક સવિતાનિવાસ અને મલબાર હિલ પર નંદવન, સુમનનિવાસ તથા લક્ષ્મીકુંજ છે.'

ઈન્સ્પેક્ટરે શેઠની ઇચ્છા પૂછી અને જો વિલ રજિસ્ટર કરાવવા જવાનું હોય તો શેઠના રક્ષણાર્થે વ્યવસ્થા કરી આપવાની તૈયારી બતાવી. બપોરે જમીને પોલીસ રક્ષણ સાથે જવાનું નક્કી થયું.

જમવામાં તે દિવસે શેઠની સાથે એમના બંને પુત્રો, છગનલાલ, શેઠે વિલમાં સાક્ષી તરીકે રાખવા બોલાવેલા પોતાના મિત્ર પ્રભુલાલ તથા બંને જમાઇઓ, અને તે દિવસે જ ધંધાર્થે અચાનક આવેલા રમણલાલ વગેરે હતા. બારેક વાગ્યે ઈન્સ્પેક્ટર પણ આવી પહોંચ્યા.

પણ જમ્યા પછી શેઠને બેચેની વધવા લાગી હતી. વિલ રજિસ્ટર કરાવવા જવાની એમની હિંમત ચાલતી ન હતી. સૌને લાગ્યું કે પેલા નનામા પત્રોને કારણે શેઠને ગભરામણ થઈ રહી છે. પણ શેઠની તબિયત એકદમ બગડતી જણાઈ. ડૉ. ચંદ્રે એમને તપાસીને શેઠના ખાસ ડૉક્ટર ભગવાનદાસને તુરત બોલાવ્યા. પણ એ આવી પહોંચે તે પહેલાં તો શેઠ અવસાન પામ્યા. અતિશય ગભરાટ ને નબળા હૃદયને કારણે આમ બની ગયું એવું ડૉ. ચંદ્રનું માનવું હતું. ડૉ. ભગવાનદાસે પણ એવો જ અભિપ્રાય આપ્યો અને એના સર્ટિફિકેટ પર ઈન્સ્પેક્ટરે ઘટતી કારવાઈ કરી. એકાએક આવી પડેલી આ આપત્તિનો પ્રથમ આંચકો વેઠી લઈ સૌ શેઠને અવલમંજલ પહોંચાડવાની તૈયારીમાં કામે લાગી ગયા. એ બાકીની કૌટુંબિક બાબતમાં પોતે રોકાઈ રહેવાની જરૂર ન લાગતાં ઈન્સ્પેક્ટર જવા ઊઠયા, ત્યાં જ ટેલિફોન રણક્યો.

ડૉ. ચંદ્ર ઊઠીને ફોન લીધો ને પછી ઈન્સ્પેક્ટર માટે એ હોઇને એમને આપ્યો. 'ઈન્સ્પેક્ટરસાહેબ,' ફોનમાં અજાણ્યો જ અવાજ આવ્યો : 'આ મૃત્યુ સ્વાભાવિક નથી જણાતું. પોસ્ટમોર્ટમ કરાવી લો, નહિતર તમારી કીર્તિ પર કદાચ ડાઘ બેસી જશે.' અને ઇન્સ્પેક્ટર કંઈ બોલે એ પહેલાં જ સામેથી ફોન બંધ થઈ ગયો.

ઈન્સ્પેક્ટરે હવે બધો દોર પોતાના હાથમાં લઈ તુરત જ કૉરોનરને ફોન કરીને બોલાવ્યા ને પોલીસખાતામાંથી પણ જરૂરી માણસો બોલાવવા માંડયા. કૉરોનર આવી પહોંચતાં બધી પરિસ્થિતિનો ખયાલ આપી એમણે શબને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યું. સવારથી માંડી શેઠનું અવસાન થયું તે દરમિયાન ઘરમાં આવ્યા ગયા સૌ કોઈનાં આંગળાંની છાપો લેવડાવી. ઘરમાંની એક પણ ચીજને આઘીપાછી નહિ કરવાનું જણાવી શેઠના છેલ્લા તથા નવા વિલનાં અસલ લખાણો સાથે બીજા દસ્તાવેજી કાગળો પોતાને કબજે લઈ લીધા. શેઠના ચોપડાઓ તપાસી જવા માટે ઇન્કમ ટૅક્સ ખાતાને પણ જણાવ્યું. પ્રાથમિક બધા વિધિ પતાવી દફતરમાં જઈ એમણે વ્રજલાલ શેઠને નનામા પત્ર મળ્યાથી માંડી બધા બનાવોની વિગતવાર નોંધો ડાયરીમાં લખી લીધી.

પોસ્ટ-મોર્ટમનો રીપોર્ટ આવી ગયો. શેઠને સાઈનાઇડ અપાયું હતું. કબ્જે લીધેલી શેઠની દવાની શીશીઓની લૅબૉરેટરી તપાસમાં પણ, શેઠ જમીને રોજ નિયમિત જે દવા લેતા હતા તેમાં સાઈનાઈડ ભેળવાએલું મળી આવ્યું. બનાવ ખૂનનો જ લાગતો હતો.

ઇન્સ્પેકટરે સૌનાં બયાન લીધાં. કુટુંબીઓ ને નોકરો ઉપરાંત- નામાં જમવામાં તે દિવસે સાથે રહેલા પ્રભુલાલ શેઠના મિત્ર હતા ને મલબાર હિલ પર રહેતા હતા. નવા વિલમાં સાક્ષી કરવા શેઠે એમને બોલાવ્યા હતા. મહેમાન રમણલાલ શેઠની પેઢીમાંથી કેટલીક ખરીદી માટે વલસાડથી આવ્યા હતા. શેઠ સાથેનો એમનો પરિચય ધંધા અંગે છેલ્લા ચારેક માસથી જ થયો હતો. બાકી બધાંનાં બયાનોમાંથી ખાસ કંઈ જાણવા જેવું મળ્યું નહિ. બીજી પણ યોગ્ય બધી તપાસો થઈ, પણ કંઈ વળ્યું નહિ, ને ઈન્સ્પેક્ટરે કેસને સમરીમાં ફાઇલ કર્યો.

થોડા દિવસ પછી જાણવા મળ્યું કે સવિતાબહેન પાસે એના ભાઈ છગનલાલે શેઠના વિલ અંગે દાવો દાખલ કરાવ્યો છે. (અનુ. પૃ. ૩૧૯)

જીવનપટનાં સ્મૃતિચિત્રો

લેખક અને આલેખક
રવિશંકર રાવળ

૩૧૫ તત્કાલીન લગ્નવ્યવસ્થા

આ લાંબી વૅકેશનમાં મેં કુટુંબના અને ભાઈઓના વ્યવહારોમાં ઠીક ભાગ લીધો. કોઈ માંડવે કે કોઈ જાનમાં નવા સંબંધીઓનો વિશેષ પરિચય થયો. કોઈ મોસાળનું, કોઈ પિતરાઈ, કોઈ શ્વશુર પક્ષનું,—એમ જાણે હું વિવિધ સંબંધોના એક જાળામાં ગંઠાઈ ગયો હોઉં એમ લાગ્યું. એ દરેક તરફ મારે કોઈ ફરજ કે જવાબદારી તો પ્રસંગ આવ્યે અદા કરવાની હતી; પણ કુટુંબમાં જ એક લગ્ન થયું તે અમારા કુટુંબની પરંપરામાં નવું કદમ હતું.

અત્યાર સુધીના અમારા કુટુંબના દરેક બાળકના સંબંધો સગાંઓના જૂથમાં મોવડી થઈ ફરતા બેચાર વડીલોએ કરી નાખ્યા હતા. એ વડીલોમાં જ્ઞાતિજૂથમાં કોઈનો છોકરો કે છોકરી વરાયા વગર રહી ન જાય તેની ભારે ચિંતા રહેતી. તેઓ એક જ લક્ષ રાખતા કે કન્યાની એક પાઈ પણ અગ્રાહ્ય માનનારા પોતાના જૂથને કન્યા માટે એવા જ ખાનદાન વર મળી જાય, અને તે જ પ્રમાણે પોતાના ઘરમાં કોઈ છોકરો કુંવારો રહી ન જાય તો જ કુલીનપણું અને બ્રાહ્મણની ટેક રહી ગણાય; એટલે છોકરો કે છોકરી જન્મે ત્યારથી આ વડીલમંડળ તેને ક્યાં ગોઠવવાં તેની ત્રેવડમાં રહેતું. ગરીબ બ્રાહ્મણો તે માટે તેમના ખૂબ ઓશિયાળા થતા, ને તેમણે ઠરાવેલા સાદા નિયમો અને રિવાજ પ્રમાણે કારજ કે વરા કરતા.

એ સમયમાં થોડામાં નિભાવી લેનારા આ બ્રાહ્મણોને ગામડાના પટેલો કે શ્રીમંતો એટલા ખર્ચની જોગવાઈ પણ કરી આપતા. આ બ્રાહ્મણો ગમે તે નિમિત્તે પણ કન્યાવિક્રય (કન્યાના બદલામાં કંઈ લેવું) સ્વપ્નમાં પણ વિચારતા નહિ. આ એક જ બાબતની ચિંતાથી મુક્ત બનતાં કુટુંબોને પછી કન્યા કે પુત્રની કેળવણી માટે પરવા ન રહેતી. ગામડાની ભિક્ષાવૃત્તિ કે વૈષ્ણવ મંદિરના સેવાકાર્યથી કુટુંબ નભી જતાં, એટલે કન્યા કે પુત્ર મોટાં થાય ત્યાં સુધી જીવનનો જરાપણ સંઘર્ષ તે અનુભવતાં નહિ. તેમનો સંસાર પણ એ જ રીતે આગળ વધતો અને જ્ઞાન કે વિદ્યાસંચય કે કોઈ તાલીમની એવના કોઈ કરતા નહિ.

જોકે શહેરોમાં સ્થિતિ બદલાતી ચાલી હતી. કેટલાક બ્રાહ્મણ યુવકો થોડું ભણ્યા હતા ને સારી નોકરી મેળવી શક્યા હતા. છતાં પરંપરા પ્રમાણે તેમની પત્નીઓ તો આવા જ રૂઢ ને અણઘડ સંજોગોમાંથી મળતી હતી. (એવા સંજોગોના ભોગ બનેલાની હાલત જાણવી હોય તો સ્વ. ભોગીન્દ્રરાવની નવલકથા 'આસિસ્ટંટ કલેક્ટર' વાંચવી.) કોઈક જ ઠેકાણે સમાનશીલગુણવાળાં દંપતીનું દર્શન થતું; કારણ કે લગ્નો જોડી આપનારા વડીલો બીજું કશું વિચારતા જ નહિ. આને ઘેર છોકરો ને ફલાણાભાઈને ત્યાં એક છોકરી છે: 'કરી દો વેશવાળ!' પણ કોણ વહેલું જન્મ્યું છે તેની યે તપાસ ન કરે. આથી ઘણી વાર વર કરતાં કન્યા એક બે કે ત્રણ વર્ષ મોટી હોવાના અનેક દાખલા બનતા.

વળી કન્યા તેર વર્ષની થાય તે પહેલાં લગ્ન ઉકેલી નાખવાનો આગ્રહ રખાતો. છોકરો નાનો છે, ભણે છે વગેરે દલીલો વેવાઈ સાંભળે જ નહિ. એની કંકોતરી આવે કે તુરત જાન લઈને મુહૂર્તે પહોંચી જ જવાનું અને લાડીને સાસરે લઈ જ આવવાની. આવાં કજોડાંથી કંઈક કુટુંબોના છોકરા ભણતા અટક્યા, સાસુવહુઓની તકરારોથી કુટુંબો જુદાં પડ્યાં, મોટી વયની કન્યાઓને સંતાપ વેઠવા પડ્યા અને તેમની સંતતિને દારિદ્રય અને કંજુસ જીવન વેઠવાં પડ્યાં.

આ જ પ્રથાનો ભોગ અમે ત્રણે ભાઈઓ બન્યા હતા. મારા



ગોપાલ કૃષ્ણ ગોખલે
ઈ. ૧૯૧૫ની ૧૯મી એપ્રિલે
એમનું અવસાન થયું

*

એમણે સર્વન્ટ્સ ઑવ ઇન્ડિયા સોસાએટી (ભારત સેવા સમાજ) સ્થાપીને મામૂલી મર્યાદિત વેતન ઉપર સર્વ સેવા સમર્પણ કરી દઈને તે દ્વારા દેશના પ્રશ્નોમાં અને સ્વાયત્ત રાજ્યવ્યવસ્થા તેમજ સમાજના ઉદ્ધાર માટે વૈજ્ઞાનિક વિચાર કરનારા બુદ્ધિમાનો માટે સ્વાર્થત્યાગ અને સેવાનું આધુનિક સ્વરૂપનું કેન્દ્ર તૈયાર કર્યું હતું, અને પોતે મુંબાઈ સરકારની કાઉન્સિલના સભ્ય થયા છતાં પોતાના ખર્ચ પૂરતી રકમ રાખી પોતાનું સર્વસ્વ સોસાએટીને અર્પણ કર્યું હતું.

પિતાશ્રી ઘણા સમજુ, સુજ્ઞ ને વિચારવંત હતા, છતાં જ્ઞાતિવડીલોએ ઠરાવેલા સંબંધોને ફેરવી કે ફોક કરી શક્યા ન હતા. બેત્રણ વર્ષ પહેલાં મારો નાનો ભાઈ પરણ્યો ત્યારે લગ્ન થોડાં વર્ષ મોડાં કરવાની વાત પણ વેવાઈએ મંજૂર રાખી ન હતી. જોકે ઘણા કિસ્સાઓમાં લગ્ન પછી બેત્રણ વર્ષ કન્યા પિયરમાં રહેતી ત્યારે વર પોતાનો અભ્યાસ પૂરો કરી શકતો ને કાંઈ પણ જમાવી લેતો એટલે સરખાઈ આવી જતી. પણ સાસરે ધકેલાઈ ગએલી બિચારી કન્યાઓ શું કરે? લાજમાં નીચું મોં રાખી, વરને સારી નોકરી કે કમાણી મળે ત્યાં સુધી સાસરવાસમાં કામના ઢસરડા કરતી તે યૌવનનો કસ ઉતારી નાખતી. યૌવનથી ઝબકતું મુખ કે પ્રફુલ્લ બાળકોની મુક્ત મસ્તી કે લીલા બાલવયમાં શરૂ થએલા એમના સંસારમાં વિરલ હતાં. અન્યથા એ બ્રાહ્મણ બાલિકાઓને કે જેમણે ફૂટતાં યૌવને પણ સાસરીનાં વડીલ સ્ત્રીપુરુષોનાં મેણાંટોણાં અને ટીકાઓ સહી લીધાં, અનેક કડવા ઘૂંટ પચાવ્યા અને શીલ ગુમાવ્યાં નહિ. સંસારના કુરિવાજોએ નાખેલાં સંકટોમાં પણ પોતાનું સ્થાનભાન ભાગ્યે જ કોઈ નારી ભૂલી હશે.

૩૧૬ એ યુગનું દાંપત્ય

અમારા સમવયસ્કોમાં લગભગ દરેક જણ વિવાહિત હતો અને દરેકની પાછળ એક પત્ની, એકાદ બાળક અને કુટુંબ તથા સમાજની જાળી ગૂંથાએલી હતી. લગ્નમાં કોઇને જ પસંદગીનો અવકાશ નહોતો તેમજ સ્વતંત્ર ગૃહ કે જીવનની સગવડો પ્રાપ્ત થઈ નહોતી, એટલે વિધાતાના લેખ પ્રમાણે બધું થાય છે એમ માની પતિપત્ની સંસારના ચાલુ ચીલે આગળ વધતાં હતાં. પત્નીઓને સ્વતંત્ર સંબંધો, મૈત્રીઓ કે વ્યક્તિત્વવિકાસના સંજોગો નહોતા. સુશિક્ષિત યુવાનો પણ પત્ની સાથેનો સંબંધ અરસપરસના દેહાર્પણમાં જ ફલિતાર્થ ગણતા. એ રીતે પરસ્પરને સહન કરવાની કે અનુકૂળ થવાની ફરજ પડતી.

ચોપડીઓમાં જૂની વાર્તાઓમાં રાજકુંવરો કે રાજકુંવરી નજર મળતાં મુગ્ધ બની જતાં ને 'પરણું તો એને જ, બાકી બીજા ભાઈ-બાપ

કે મા-બેન' એવો સંકલ્પ કરતાં, પણ સંસારમાં એવું કદી જોવા મળતું નહિ. પણ હવે નવા સાહિત્યમાં 'કલાપી'એ મુગ્ધ પ્રેમનાં કાવ્યો રચેલાં, વિરહવ્યથા વર્ણવેલી, તેની ચર્ચા યુવાનોમાં થતી. તેની પ્રેમ-ભાવનાને અંતે પણ દેહસમર્પણ ચરિતાર્થ થતું. તેના પહેલાં ગોવર્ધન-રામના સરસ્વતીચંદ્ર અને કુમુદના ભાવનાત્મક પ્રેમની કલ્પના યુવાન પ્રજાનું એક સ્વપ્ન બની ચૂકી હતી. એક વાર રાજકોટમાં શ્રી નથુરામ શર્માના શિષ્યો પૈકીના વકીલ ગોરધનદાસ લાધાભાઈને એક આમ-મંડળમાં ચર્ચા કરતાં સાંભળેલા કે આ તમારા 'સરસ્વતીચંદ્રે તો નવી પેઢીનું માથું ફેરવી નાખ્યું છે. હમણાં એક કેસમાં છોકરાછોકરીના પત્રો પુરાવામાં આવ્યા છે, તેમાં સરસ્વતીચંદ્રે આમ કર્યું હતું અને કુમુદે આમ કર્યું તેવા ઉલ્લેખો હતા.' અમારામાં કોઈ સરસ્વતીચંદ્રની ધૂન-વાળો નહોતો અને કુમુદો ક્યાં છુપાઈ હશે તે કોણ જાણે. સભામાં કે જાહેરમાં સંસ્કારી રૂપસુંદર યુવતીઓનાં દર્શન જ દુર્લભ હતાં. વળી કવિ નાનાલાલે દેહલગ્ન અને સ્નેહલગ્નની મીમાંસા ચલાવી વૈધવ્ય અને લગ્નનાં વિશ્લેષણ કર્યાં હતાં. યુવાનો મળે ત્યારે કોઈના દાખલા લઈ કવિના વિચારોની ચર્ચા થતી, પણ જીવંત પાત્રો જડતાં નહોતાં. કોઈ તેજસ્વી યુવતી કે સ્ત્રી મુંબાઈ અમદાવાદ કે વડોદરામાં આગળ પડતી તો તેના પર ટીકા અને કલંકનાં તીર નાખનારા પણ નીકળી આવતા. જીવનસાધનામાં સહકાર્ય અને સહચાર આપી શકે એવી સાથી-પત્ની કોઈના ઘરમાં દેખાતી નહોતી. પણ પ્રસન્નતા અને સંતોષથી ઘરની માવજત કે કુટુંબસેવા સમજનારી સન્નારીઓ તો અવશ્ય હતી. જોકે પતિનાં માનસિક ઉડ્ડયનો તો એકાકી જ રહેતાં, અથવા કોઈ રાજ્ય કે સરકારની વફાદારીથી સેવા કરતાં કરતાં પ્રેરણા કે સર્જકતા વિનાનું જીવન તેઓ જીવી જતા.

૩૧૭ કુટુંબમાં લગ્ન: નવું પગરણ

પણ કુટુંબના આ વખતના લગ્નમાં પહેલી જ વાર બે કુટુંબના વડીલોએ સામસામા બેસી, પરસ્પરની લાગણી જાણી પોતાનાં બાળકોનું વેવિશાળ કર્યું. અત્યાર સુધી ઝાલાવાડમાંથી ઊતરી આવેલા જૂથની કન્યાઓ અમારા કુટુંબમાં આવી હતી. પણ મારા કાકાના જ્યેષ્ઠ પુત્ર માટે ભાવનગરમાં જ આબાદ થએલા ગુજરાતી બ્રાહ્મણ અને ધંધે મહેતાજી એવા અંબાશંકર ભટ્ટની પુત્રી મળી. તેઓ સીનિયર ટ્રેઈન્ડ હોવાથી વિદ્યાનાં વિવિધ ક્ષેત્રની વાતો કરી શકતા, તેથી મારા પિતાશ્રી બહુ પ્રસન્ન થતા. મારા કાકા પણ રેલવે ઑફિસમાં હતા. તેમનો પુત્ર રામનારાયણ ભણવામાં મારા નાના ભાઈની સાથે જ હતો અને છઠ્ઠી અંગ્રેજી કે મૅટ્રિક સુધી પહોંચી ગયો હતો. છતાં હજુ પણ વડીલો જ લગ્નસંબંધમાં પોતાના જ મોભા ને વટ જોતા હતા. બાળકો પુખ્ત વયના થવા છતાં પોતાના જીવનધ્યેય વિષે વિચાર કરી શકે તેવા ન હતા. તેમને વડીલો વિના પંગુતા અને લાચારીનો જ અનુભવ થતો, એટલે વડીલો જ્યારે કહે ત્યારે વરરાજા બની ઘોડે ચડવા તૈયાર થઈ જતા.

અમારા વેવાઈ તો વળી બે પત્ની પરણ્યા હતા તેની અમને નવાઈ હતી. એમની નવી-જૂનીની ઘણી ચર્ચા ને મજાક ઊડતી. મારા પિતાશ્રી મજાકમાં પૂછતા કે તમે સીનિયર ટ્રેઈન્ડ શિક્ષક હોવા છતાં આવું કેમ સૂઝ્યું? ત્યારે તે લાચારીથી કહેતા કે છોકરાં થતાં ન હતાં, એટલે વડીલો અને કુટુંબીઓના દબાણથી આમ કરવું પડ્યું. દૈવયોગે બંને પત્નીઓને બાળક-બાળકી થયાં હતાં અને તેમનો સંસાર ફાલ્યો હતો.

આવી રીતે લગ્નજીવનમાં સપડાએલા એ પેઢીના કૈંક યુવાનોને તો વહેલો અભ્યાસ છોડી દેવો પડતો, અકાળે વૃદ્ધત્વ આવતાં, માંદગીઓ આવતી, બાળકોની કેળવણીના સાંસા થતા, બાળવિધવાઓ



કાકાના મોટા પુત્ર રામનારાયણના લગ્ન વખતે
ડાબી બાજુથી ઊભેલા: રામનારાયણ; પોતે; મારા મોટા ભાઈ રતિલાલ; નાનો ભાઈ પ્રાણશંકર; બેઠેલા: કાકા અને પિતા.

અને કુટુંબક્લેશો વધતા. બ્રાહ્મણોની એક આખી નવી પેઢીના યુવાનો માંડમાંડ સારી નોકરી કે ધંધો પામ્યા હતા અને તેમની પત્નીઓ અર્ધસંસ્કારી, જડ, મૂઢ અથવા નવી જીવનપ્રણાલીને નહિ સમજનારી હતી. બ્રાહ્મણ કોમ પછાત કોમની હારમાં આવી ગઈ હતી. એમાંના કેટલા યે ગોર મહારાજો, રસોઇયા કે ભિક્ષુક બની ગયા હતા.

એ યુગના અધિકારીઓ કે વેપારીઓનાં ગૃહજીવનમાં પણ ભાગ્યે જ સ્વસ્થતા કે સંસ્કારી આનંદની પ્રવૃત્તિઓ જોવા મળતી. કોઈક જ સ્ત્રી પોતાના આંતરબાહ્ય જીવનમાં ભાત પાડતી કે સહકાર આપતી જોવામાં આવી હતી. અલબત્ત કેટલાંક નારીરત્નો મેં એવાં પણ જોયાં છે કે જે પોતાના જીવનમાં સેવા, વાત્સલ્ય અને પ્રેમલતાથી આસ-પાસનાં સગાંસંબંધીઓમાં સન્માન અને આદર મેળવી શકી હતી; એવાંને જો સાક્ષરતા, જ્ઞાન અને વિજ્ઞાનની શક્તિઓ મળી હોત તો તેઓની છાયામાં ઘણી તેજસ્વી પ્રજા પાંગરત, પણ કુટુંબનાં લગ્ન-મરણના વ્યવહારોની જાળીની બહાર તેમની અસર પહોંચતી જ ન હતી.

૩૧૮ રાષ્ટ્રીયતાની હવા

ઈ. ૧૯૧૫ની ૧૯મી એપ્રિલે શ્રી ગોપાલ કૃષ્ણ ગોખલેના અવસાનના સમાચાર આ દેશમાં ખૂબ આઘાતજનક બન્યા. એમણે સર્વન્ટ્સ ઑવ ઇન્ડિયા સોસાએટી (ભારત સેવા સમાજ) સ્થાપીને મામૂલી મર્યાદિત વેતન ઉપર સર્વ સેવા સમર્પણ કરી દઇને તે દ્વારા દેશના પ્રશ્નોમાં અને સ્વાયત્ત રાજ્યવ્યવસ્થા તેમજ સમાજના ઉદ્ધાર માટે વૈજ્ઞાનિક વિચાર કરનારા બુદ્ધિમાનો માટે સ્વાર્થત્યાગ અને સેવાનું આધુનિક સ્વરૂપનું કેન્દ્ર તૈયાર કર્યું હતું, અને પોતે મુંબાઈ સરકારની કાઉન્સિલના સભ્ય થયા છતાં પોતાના ખર્ચ પૂરતી રકમ રાખી પોતાનું સર્વસ્વ સોસાએટીને અર્પણ કર્યું હતું. એ સોસાએટીના સભ્યો સમાજનાં જુદાંજુદાં ક્ષેત્રોમાં કામ કરતા. તેઓ પ્રવાસો કરતા, કમિટીઓ યોજતા, સરકાર અને પ્રજાની જાણ માટે પત્રિકાઓ અને પુસ્તકો બહાર પાડતા

અમે તો અમારા અભ્યાસમાં ગોખલેનું ગણિત ભણતા ત્યારથી તેમને એક સમર્થ પ્રોફેસર તરીકે જાણતા પણ પછી તેમણે ટ્રાન્સવાલમાં હાડમારીથી જીવતા હિંદીઓની સરકારી ધોરણે તપાસ કરવા ખાસ દક્ષિણ આફ્રિકાની સફર ખેડી ટ્રાન્સવાલનો પ્રશ્ન પ્રજાની પ્રતિષ્ઠાનો બનાવ્યો, અને ગાંધીજી તેમની પ્રામાણિકતા અને સચ્ચાઈભરી સેવાઓથી પ્રભાવિત થઈ તેમને પોતાના ગુરુ ગણતા થયા વગેરે બાબતોએ તેમના પ્રતિ પ્રજામાં મહાન આદર ઉત્પન્ન કર્યો હતો.





Ⓘ. સાહિત્યપરિષદનાસૂરત અધિવેશનથી પ્રથમ વાર યોજવા શરૂ થએલા કલાપ્રદર્શનમાં મોકલેલાં ત્રણ ચિત્રો : ડાબી બાજુ: 'સરતવતીચંદ્ર'ના પ્રકરણ 'વાડામાંલીલા'માંનોએક પ્રસંગ; જમણી બાજુ : કવિ નાનાલાલના 'ગુર્જર સુંદરી' કાવ્ય પરથી કરેલું એનામનુંચિત્રજેનેરૌપ્યચંદ્રક મળેલો અને સ્વ. રણજિતરામે સર પટ્ટણી માટે ખરીદેલું; સામે પાને : ગુજરાતની વસતિના વૈવિધ્યસભર લાક્ષણિક પાત્રોનાં પોતાની સ્કેચ બુકોમાંનાં અસંખ્યાત આલેખનોમાંથી થોડાં ચૂંટીને યોજેલું ચિત્ર.

આખા દેશની જેમ ભાવનગર શહેર ને સંસ્થાઓમાં પણ મોટી હડતાળ પછી, સભાઓ થઈ અને યુવકોમાં એટલો બધો ઉત્સાહ જાગ્યો કે તેમના સ્મારક માટે નાણાંભંડોળ કરવાના ઠરાવો થયા. પૈસા મેળવવા એક મોટો નાટ્યપ્રયોગ યોજાયો. એની કમિટીના મુખી નાનાભાઈ ભટ્ટ થયા એટલે અમારું મંડળ પણ સાથે જૂટી ગયું. અંગ્રેજી–ગુજરાતી–સંસ્કૃત સંવાદો શોધી કાઢવામાં આવ્યા. જૂના પ્રયોગો (પિંઢારો, હરિશ્ચંદ્રની હર્રાજી વગેરે) ઉપરાંત મોટાભાઈ (હરગોવિંદ પંડયા)ના આગ્રહથી વાસુદેવ મહારાજે મસ્તરામ પાસે 'ખૂને નાહક' નાટકનો એક ઉર્દૂ સંવાદ તૈયાર કરાવ્યો. એમાં એક પ્રસંગ એવો આવ્યો જેમાં મસ્તરામ અને નાનાસાહેબ ભાઈ તરીકે ઓળખાણ થતાં આવેશથી ભેટે છે. એ પ્રસંગે પ્રેક્ષકો ઉપર કમાલ અસર કરી.

મેં પરદાઓની ચિત્રણા ઉપરાંત નેપથ્યરચનામાં પણ બધી જાતની દોરવણી અને કામગીરી બજાવી. એક વાર તો એવી જરૂર પડી કે પાછળનો મોટો પરદો ઊંચા મોભ સાથે બાંધવાનો હતો. તેના બે છેડાનાં દોરડાં તો બે બાજુથી મેડા પરથી ખેંચી શકાયાં, પણ વચમાં ઝોળ પડતી હતી તેની દોરી વચ્ચોવચ્ચ બાંધવાની હતી. એટલી ઊંચાઈની સીડી પણ ન હતી અને બધું કામ કથળતું હતું. તે વખતે હું હિંમત કરી મોભ ઉપર ઘોડો થઈ પગની આંટી સાચવતો વચ્ચોવચ્ચ પહોંચી ગયો, અને લાંબી દોરીથી ઝોળ ખેંચી તેનું દોરડું વચ્ચોવચ્ચ બાંધી આપ્યું. તે વખતે મારા સાથીઓ મારા સાહસ માટે ચિંતા કરી જોઈ રહ્યા પણ છેવટે તેમની શાબાશી મળી અને તેમના મનમાં મારા માટે ખૂબ આદર થએલો જોયો. મને પણ આગ્નીની પેઠે મારામાં સાહસ માટે કોઈ ઠંડી તાકાત છે એવું ભાન થયું.

આ પ્રસંગ માટે પાટિયાં, સુશોભન વગેરે ઉપરાંત અઠવાડિયા પહેલાં ગોખલેની નાની છબિ પરથી મોટું કૅયૉન-ચિત્ર મેં તૈયાર કરી રાખ્યું હતું તે રંગભૂમિના આગળના ભાગમાં ઘોડી પર મૂકયું હતું. ભાવનગરના વિદ્યાર્થીમંડળે અમારા આખા સમૂહના કામને શ્રેષ્ઠ ગણ્યું. મારી પાસેના સ્વયંસેવકોને દોરવણી આપી હું સખત કામ લેતો હતો ને નાનાભાઈ બારીકાઈથી જોતા હતા. અમે પણ સવાર-સાંજ કામ છોડી નીકળતા નહિ, એટલે કમંડળ ભરીને કૉફી નાસ્તો અને રકાબી-પ્યાલા તે અમારા સ્થાન પર મોકલી આપતા. આથી સ્વયંસેવકોને કામની ઑર ખુમારી ચડતી. કહેવાની જરૂર નથી કે આ પ્રયોગને અંતે સારી રકમનું ભંડોળ થએલું.

૩૧૯ સૂરતમાં સાહિત્ય પરિષદ અને પ્રદર્શન

એ વર્ષે મે માસમાં ગુજરાતી સાહિત્ય પરિષદનું પાંચમું અધિવેશન સૂરતમાં મળવાનું હતું. આ અગાઉ મેં કદી પરિષદની બાબતમાં રસ દાખવ્યો ન હતો. પણ પરિષદના પ્રાણસંચાલક રણજિતરામે પરિષદ સાથે ગુજરાતનું એક કલાપ્રદર્શન પણ યોજ્યું હતું અને તેનું ઉદ્ઘાટન વડોદરાના દીવાન શ્રી મનુભાઈ નંદશંકર મહેતાને હાથે કરવાનું ઠરાવ્યું હતું. પરિષદના પ્રમુખ તો નરસિંહરાવ દિવેટિયા હતા. રણજિતરામે લાભભાઈ મારફત મને સંદેશો મોકલ્યો કે મારે આ પ્રદર્શન માટે ચિત્રો તૈયાર કરી મોકલવાં. રણજિતરામ મારામાં રસ લેતા થયા છે એવું જાણી મને પાનો ચડયો અને રજા ભોગવવા માટે મને સારું નિમિત્ત મળ્યું. મેં મહેનત કરી ત્રણ નાનાં ચિત્રો તૈયાર કર્યાં. તે મીનીએચર (લઘુ પોથીચિત્રો) જેવાં જ હતાં. તેમાં ૧૦×૧૫ ઇંચના કદના કાગળ ઉપર એક ચિત્ર કવિ ન્હાનાલાલના 'ગુર્જર સુંદરી' કાવ્ય પરથી કલ્પેલું લાક્ષણિક પાત્ર હતું. બીજું ચિત્ર 'સરસ્વતીચંદ્ર'માંના એક પ્રસંગનું હતું, જેમાં તળાવની પાળે સૂતેલા સરસ્વતીચંદ્રને જોતી કુમુદને તેની સખીઓ સહિત દર્શાવી હતી. ત્રીજામાં મારા સ્કેચ-ભંડારમાંથી ગુજરાતની વસતિનાં જાતજાતનાં લાક્ષણિક પાત્રોના સ્કેચ વીણી-ચૂંટીને તેની વચ્ચે 'ગરવી ગુજરાત' એવું લખ્યું હતું. આમ ત્રણે ચિત્રો મારી ગુજરાતની અસ્મિતાનાં પ્રતીક જેવાં હતાં. દરેક ઉપર મેં કિંમત રૂા. ૩૦ લખી હતી. મોકલ્યા પછી હું તો બીજી પ્રવૃત્તિઓમાં પડી ગયો. પણ લાભભાઈ ખબર લાવ્યા કે મને એ પ્રદર્શનમાં રૂપાનો ચંદ્રક એનાયત થયો હતો અને 'ગુર્જર સુંદરી'વાળું ચિત્ર રણજિતરામે જ સર પટ્ટણી માટે ખરીદી લીધું હતું. આ રીતે પહેલી વાર મારી જાહેર કદર થઈ તેથી સંતોષ થયો. પણ મારી ભાવના તો યુરોપનાં ચિત્રો જેવા વિરાટ પ્રસંગો ચીતરવાની હતી. એવો અભ્યાસ કરવાનાં કેન્દ્રો અને તાલીમ ભારતમાં કયાં હતાં? સૂરતના એ પ્રદર્શનમાં બીજા કયા કયા ચિત્રકારોની કૃતિઓ હતી તેમજ બીજું શું જોવા જેવું હતું તેની માહિતી મને મળી ન હતી. પણ પરિષદની સાથે પ્રદર્શન ભરવાનો રિવાજ ત્યારથી ચાલુ થએલો તે હજુ સુધી ટકી રહ્યો છે. તેથી સાહિત્યમાં કલાનાં રંગછાંટણાં દેખાવા લાગ્યાં. (ચાલુ)



ગુજરાતી વાણીના સંસ્કારથી 'ગુજરાતી' તરીકેનું એકત્વ અને ગૌરવ ધારણ કરતી ગુજરાતની વસતિની અનેક જાતિઓનાં વૈવિધ્યસભર લાક્ષણિક ચહેરાઓવાળાં માનવોનાં શ્રી રવિશંકર રાવળે પોતાની સંખ્યાબંધ સ્કેચબુકોમાં સંચિત કરેલાં રેખાસ્વરૂપોનું રસભર્યું આ સંકલન 'ગરવી ગુજરાત' સૂરત સાહિત્ય પરિષદ પ્રદર્શનમાં રજૂ થએલું.

ગુલાબદાસ બ્રોકર

નવા ગગનની નીચે ૫

ઇવા · લગ્ન પૂર્વેનું જર્મન જીવન · પરિષદમાં વ્યાખ્યાન

સાંજે ચાર વાગ્યે રસિક કાર્યક્રમ હતો: ફ્રેન્કફર્ટર હોફ હોટેલમાં કૉકટેઈલ પાર્ટીનો. ત્યાં હું તદ્દન એકલો લાગતો હતો. બધાં પોતપોતાનાં પીણાંમાં અને રંગરાગમાં મસ્ત હતાં. ટમેટાના રસનો ગ્લાસ પકડીને એ મોટા ઓરડામાં એકલો હું ક્યાં સુધી ઊભો રહું? થાકી ગયો. આજુબાજુ નજર કરી: ક્યાંયે ખાલી ખુરશી હોય તો બેસી જાઉં એ માટે. એક જગ્યાએ એક ખુરશી ખાલી હતી. શિકારીની ઝડપે હું એ ખુરશી તરફ ધસ્યો. પણ બેસતા પહેલાં અચકાઈને ઊભો રહ્યો. બાજુની ખુરશીમાં એક યુવતી બેઠી હતી. ધસતો આવતો —મને તે જોઈ રહી હતી. તેની આંખમાં કોઈ રમૂજની છાંટ હશે? ખબર નથી. પણ હું ઊભો રહી ગયો. તેનો કોઈ સાથીદાર આવતો હશે તો? હસતેના તરફ ફર્યો. વિવેકપૂર્વક પૂછ્યું: 'કોઈ આવવાનું છે આ ખુરશીમાં?'

'ના, કોઈ નહિ.'

'તો હું બેસું ત્યાં?'

'જરૂર જરૂર.' તે મધુરું હસી. મારા બેઠા પછી પણ તે સ્મિતપૂર્વક મારી સામે જોઈ રહી. એનો અર્થ એ થાય કે 'તમે વાત કરશો તો મને વાંધો નથી.' મેં પણ સ્મિત કર્યું. પૂછ્યું: 'તમે કયા દેશમાંથી પ્રતિનિધિ તરીકે આવ્યાં છો?'

'હું તો અહીંની જ છું.' તેણે કહ્યું.

'શું લખો છો?'

'કશું જ નહિ.'

'તો?' હવે તેની આંખો, હોઠ, આખો ચહેરો, આખી કાયા હસી રહી હતી. તે બોલી: 'લખે એ જ અહીં આવે?'

મેં સામું પૂછ્યું: 'બીજાં પણ આવે?'

'ન આવે? હું આવી જ છું.'

'શી રીતે?'

'તમને આ સરસ કૉકટેઈલ પાર્ટી આપનાર પણ કોઈ જોઇએ ને?'

'હાસ્તો. પણ એ તો મળી રહે છે.'

'કોણ મળ્યું છે આજે?'

'એસ. ફિશર ફેરલાગ.' મેં કહ્યું. ફેરલાગ (Verlag) એટલે પ્રકાશક એટલું સમજતો તો હું હવે થઈ ગયો હતો. 'લેખક હોય ત્યાં પ્રકાશક હોય જ.' હું હસ્યો.

'ને પ્રકાશક હોય ત્યાં અમારા જેવાં એનાં કર્મચારીઓ પણ હોય.' તેણે સ્મિત કર્યું.

'ઓ હો! ત્યારે તો તમે અમારાં યજમાન છો.'

'ખામી નથી ને અમારી મહેમાનગતીમાં!' તેણે પૂછ્યું.

'એ હું શી રીતે કહું? મેં તો એક માત્ર ટમેટાનો રસ પીધો છે. પણ આ લોકો આનંદ કરે છે તે ઉપરથી લાગતું નથી કે ખામી હોય.'

'ન જ હોય.' તેણે કહ્યું. 'એસ. ફિશર ફેરલાગ અહીંની સૌથી પ્રતિષ્ઠિત પ્રકાશન-સંસ્થા છે.'

પછી એનાં પ્રકાશનોની વાત નીકળી. છોકરી ચાલાક હતી. અંગ્રેજી સરસ બોલતી હતી. ઉમર વર્ષ સત્તાવીશની. એકલી રહેતી હતી એક રૂમ રાખીને, એમ તેણે મને કહ્યું. એટલે મેં પૂછ્યું: 'તમારાં માતાપિતા અહીં નથી રહેતાં?'

'રહે જ છે ને!'

'તમને એમની જોડે નથી ફાવતું?'

'ફાવે જ છે ને!'

'તો પછી?' આશ્ચર્યપૂર્વક. 'શું તો પછી?' વિશેષ આશ્ચર્યપૂર્વક.

'તો પછી—' હું જરા અચકાયો. પછી હિંમત કરી પૂછી નાખ્યું: 'તમે એકલાં કેમ રહો છો!'

'ઓ હો હો!' તે હસી પડી: 'એથી પૂછો છો? અહીં અમે કમાવા શીખીએ પછી એકલાં જ રહેવાનું પસંદ કરીએ છીએ.'

'છોકરીઓ પણ?'

'છોકરીઓ પણ. એથી અમે મુક્ત રહી શકીએ, અને એમના ઉપર અમારો બોજો રહે નહિ.'

'લગ્ન......?' પણ હું વિશેષ બોલું તે પહેલાં તે જ બોલી: 'મરજી પડે ત્યારે અને તેની સાથે કરીએ.'

'તેમાં માબાપે કશું કહેવાનું નહિ!'

'ખરુંસ્તો; હા પાડવાની.' તે હસી.

'તેમને ગમે કે ન ગમે તો પણ?'

'તેમને શા માટે ન ગમે? જિંદગી તો અમારે ગાળવાની હોય ને?'

'તે તમે જ તમારો સાથી શોધી લો ને?'

'હાસ્તો, બીજું કોણ એમાં વચ્ચે આવે?'

'ભૂલ કરો તો?'

'ભોગવીએ.'

હું હસ્યો: 'તમે એ સ્થિતિ ભોગવો છો? ભૂલની નહિ હો; લગ્નની!'

'હજી નથી કર્યાં લગ્ન, આવતે વર્ષે કરવા વિચાર છે.'

'રૂપાળાં આટલાં છો, એટલે મૂરતિયા તો મળી રહેતા હશે?'

'એમાં રૂપની ખાસ જરૂર પડતી નથી. પણ હા, મારા ખયાલમાં છે બે માણસો.'

'બે?'

'માત્ર બે જ. બાદબાકી કરતાંકરતાં હવે માત્ર બે જ રહ્યા છે. બાકી તો સંખ્યાબંધ હતા. પણ આ બેમાંથી કોને સ્વીકારવો એ હું નક્કી નથી કરી શકતી. પોતપોતાની રીતે બાપડા બંને સારા છે.'

'નસીબદાર ખરા એ બે તો.' કહી મેં તેની સામે જોયું. તેણે પ્રસન્નતાનું સ્મિત કર્યું. મેં પૂછ્યું: 'ખૂબ જ ઈર્ષ્યા કરતા હશે એ બન્ને તો એકબીજાની.'

'બન્નેને ભેગા થવા દઉં તો કરે ને ઈર્ષ્યા? એ બન્ને એકબીજાને ઓળખતા જ નથી.'

'પાકાં લાગો છો!'

'પાકાં થયા વિના ચાલે આ પુરુષોની સૃષ્ટિમાં?'

'કેમ?'

'એમને તો સેક્સ જોઈએ. નજીક આવ્યાં કે પહેલી માગણી એની.'

'છી! છી! છી! કોઈ સારી છોકરી લગ્ન વિના એ કબૂલ કરે કે?'

એ મારી સામે જોઈ રહી. મારા ચહેરા ઉપર કેવાક ભાવ ઊપસી આવ્યા હશે, કોણ જાણે; પણ એ તો જોઈ જ રહી. હું મૂંઝાયો. એ પણ એણે જોયું. આશ્ચર્યમાં બન્ને હથેળીઓ ચત્તી કરી કહે: 'વેલ!'

'શું?' મેં પૂછ્યું.

'અહીં તો બધી જ છોકરીઓ એ કબૂલ કરે.'

'એટલે?' હું ચમકી ગયો.

'તમને અમારા સમાજની ખબર નથી લાગતી. પરણીએ અમે અમને સગવડ હોય ત્યારે; અમારું મન માને ત્યારે; પણ એટલે કંઈ અમે માણસ મટી જવાનાં? માણસ માટે તદ્દન સ્વાભાવિક એવી જે ભૂખ, તે અમારામાં પણ હોય ને? ત્યાં સુધી શું અમે તેને અસંતુષ્ટ જ રાખવાનાં? વાહ રે વાહ!'

'એટલે કે લગ્ન પહેલાં જાતીય વ્યવહાર......'

'સામાન્ય બિના ગણાય.' તેણે મારું વાક્ય પૂરું કરી આપ્યું. 'ભાગ્યે જ તમને અમુક ઉમરની છોકરીઓ અમારા દેશમાં મળશે, જેમણે એ

વ્યવહાર જાણ્યો ન હોય—એ પરણી ન હોય તો યે.'

'અમુક ઉંમરની એટલે કેટલી ઉંમરની ?' મેં પૂછ્યું.

'અઢાર–ઓગણીસની. ઘણે ભાગે તો સત્તર વર્ષ આસપાસ એ જીવન ચાલુ થઈ જતું હોય છે કન્યાઓનું.'

'ખરેખર ?'

'તમને આશ્ચર્ય થાય છે ?'

'થાય જ ને ? એવી છોકરીઓને પછી પરણે કોણ ?'

'કેમ ? પરણવાને ને એને શો સંબંધ ?'

'કેમ નહિ ? પરણનાર માણસ પોતાની પત્ની પોતા પાસે આવે ત્યાં સુધી એ વર્જિન રહી હોય તેમ ન ઇચ્છે !'

'ન જ ઇચ્છે. કદાચ એવું—એ તમે કહો છો એવું વર્જિન હોવું એ લગ્ન માટે ખામીરૂપ પણ ગણાય.'

'શી રીતે ?'

'બિનઅનુભવી માણસને જીવનનું સાથી બનાવવા કોણ ઇચ્છે ?'

'એટલે કે પુરુષો પણ અપેક્ષા રાખે કે પોતાની પત્ની થનાર...?'

'અનુભવી હોય. એ લોકો એવું જ ઇચ્છે. અને કદી પણ એના લગ્ન પહેલાંના એ જાતના અનુભવો વિષે એ એમને પૂછે પણ નહિ.'

'આ તદ્દન નવું છે મારે માટે, હોં.'

'હશે. લાગે જ છે તમારા પ્રત્યાઘાત પરથી. પણ અહીં તો એ સામાન્ય જેવું છે. જોકે અપવાદો હોય ખરા.'

'જાણો છો તમે, એવા અપવાદરૂપ કોઈને ?'

તે જરા સંકોચ પામતી લાગી. પછી કહે : 'હું પોતે જ એવા અપવાદ રૂપ છું.' પછી હું કશું પૂછવા જાઉં તે પહેલાં તેણે જ કહી દીધું : 'મારું હૃદય નબળું છે અને મારી પ્રકૃતિ જુદી જાતની છે. બાકી, એથી હું પેલી બીજી છોકરીઓ કરતાં ચડિયાતી નથી બની જતી, હોં.'

'સમજ્યો; પણ આ બધું...' મેં માથું ખજવાળ્યું: 'મને નથી સમજાતું. કોઈ કોઈ માણસો તો એવું કરે એ સમજી શકાય; પણ આટલા બધા મોટા પ્રમાણમાં આવું થાય એ તો...' પછી સૂઝી ગયું હોય તેમ : 'જર્મનીમાં આ યુદ્ધને અંગે આવું બની ગયું હશે, કેમ !'

'આખા યુરોપમાં એમ જ બન્યું છે. હું એમ માનું છું. કારણ ખબર છે ? સ્ત્રીઓ અને પુરુષો બધી જગ્યાઓએ સાથે કામ કરે છે. અગાઉ કદી યે નહોતાં આવ્યાં એટલા સંપર્કમાં આવે છે. સ્ત્રીને પોતાનો અહમ્ પોષવા માટે પુરુષની કંપની જોઈએ છે, ને પુરુષને સ્ત્રીના કાયા જોઈએ છે. એ વિના એ એવી કંપની આપવા તૈયાર નથી હોતો. પછી શું કરે સ્ત્રી ? એ કાયા સોંપી દે છે.'

'પણ ગમે તેને ?'

'ના, ના, ના; કદી યે નહિ. તેને જે ગમે, તેને. તેને તેમ કરવાનો હક હોય ત્યાં સુધી જ.'

'એ હક તેને ક્યાં સુધી રહે !'

'એ પરણી ન હોય ત્યાં સુધી.'

'હશે' મેં કહ્યું : 'મારી સૃષ્ટિ તમારી અહીંની આ જાતની સૃષ્ટિ કરતાં તદ્દન જુદી જ છે.'

'દેખાય જ છે.' તેણે કહ્યું : 'પણ એક વાતમાં એમ નથી, હોં'

'શી વાતમાં !'

'ખાણીપીણીની વાતમાં. તમને યે સારુંસારું ખાવાપીવાનું ગમે; જેમ અમને ગમે તેમ.'

'હા, એ તો ખરું જ.' મેં કહ્યું.

'એટલે તો મને વિચાર આવે છે. તમને હું આ આટલા વખતથી જોઈ રહી છું : વાતો કરો છો, પણ કંઈ લેતા નથી. તો હું એક સૂચના કરું !'

'જરૂર.'

'અહીં બાજુમાં એક સરસ રેસ્ટોરાં છે. ત્યાં આપણે જઈએ. તમે લઈ શકો એવી ચીજો ત્યાં પુષ્કળ હશે. મારા તરફથી તમને હું એ ધરી શકીશ તો મને ખૂબ જ આનંદ થશે.'

'પણ તમારું અહીંનું કામ ?'

'એ ચાલતું રહેશે. તેની ફિકર નથી. પણ તમે આવશો તો મને બહુ આનંદ થશે.'

'ચાલો ત્યારે.'

ગયાં. થોડે દૂર જ સુંદર હોટેલ હતી. બહાર ખુરશીઓ નાખેલી હતી. વાતાવરણ પ્રસન્ન હતું એટલે બહાર જ બેઠાં. થોડું ખાવાનું અને પીવાનું–મને ખપે એવું–તેણે ભાવપૂર્વક મંગાવ્યું. પોતાને સાહિત્યનો શૉખ છે એમ કહ્યું. નામ કહે કે 'ઇવ' છે પોતાનું. મેં કહ્યું : 'ખોટી વાત.'

'કેમ ?'

'ઇવ નામ ન હોય જર્મન છોકરીનું.'

'પેલું કશું જાણતા નથી, તો આ શી રીતે જાણો છો ? પણ તમારી વાત સાચી છે. અંગ્રેજીમાં મારું નામ ઇવ થાય.'

'ને જર્મનમાં ઇવા ?'

'એ પણ ખબર છે ?'

'ન હોય ? જર્મનીનો ઉત્તમ અંશ તો હું જાણું જ છું. ને પેલી ઇવા બ્રોન, ને એ બધી...'

'અરરર, એ બધી જોડે મને ન સરખાવતા.' તેણે માથે હાથ દઈ દીધા. પછી કહે : 'હાં, તમે જર્મનીના ઉત્તમ અંશ વિષે કહેતા હતા ને ?'

પછી તો અમે ગેટે, ને શિલર, ને રિલ્કે, ને કાફકા, ને કવિતા, ને સાહિત્ય, ને એવી બધી વાતોમાં જ પડી ગયાં. તેની સાહિત્યની રુચિ પણ ઊંચા પ્રકારની હતી. એટલે તો, તેના કહેવા પ્રમાણે, જેમાં પગાર ઓછો મળે એવી આ સાહિત્યપ્રકાશનની પેઢીમાં તે નોકરી કરતી હતી ને ? પણ કશું લખતી નહોતી પોતે. લખવા માગતી હતી.

'સ્ફુરણો તો થાય છે હૈયામાં, પણ કશું બહાર આવતું નથી.'

'આવશે, આવશે; પ્રયત્ન તો કરો.'

'આજે જ કરીશ, એવું લાગે છે. કંઈક ફળ આવશે તો તમને કાલે બતાવીશ.'

'ક્યાં ?'

'આ જ સ્થળે. કાલે બપોરના અમારા વિશ્રામના સમયમાં આપણે મળીશું ? ને–,' હું કંઈક કહેવા જતો હતો તેવું તેને લાગ્યું કે તે જ બોલી ઊઠી : 'મૂંઝાશો નહિ. તમે ખાઈ શકો એવી ચીજો હું તમને અહીંથી જ મેળવી આપીશ.'

'એના કરતાં—' મેં કહ્યું : 'આપણે ફ્રૅન્કફર્ટર હૉફ હોટેલ આગળ મળીએ તો ? મારી કૉન્ફરન્સમાંથી હું સીધો ત્યાં આવી પહોંચીશ. એ જગ્યા શોધવી મને સહેલી પડશે.'

'એ શોધી શકશો તો આ યે શોધી શકશો. આ તો તદ્દન નજીક છે.'

'તો પછી ત્યાંનો શો વાંધો છે ?' મેં પૂછ્યું.

'કહું ?' પછી પળ મૂંગી રહ્યા બાદ કહે : 'એ આ ગામની મોટામાં મોટી હોટેલ છે. ત્યાં આગળ વેશ્યાઓ અને આબરૂ વિનાની છોકરીઓ આંટાફેરા માર્યા કરતી હોય છે. એટલે સારી છોકરીઓનું ત્યાં કામ નહિ. આપણે કોઈની રાહ જોતાં હોઈએ તો કોઈ ગમે એમ ધારે. એ કરતાં અહીં જ આવજોને. આ સરસ જગ્યા છે.'

'ભલે;' મેં કહ્યું : 'પણ હવે તો હું જાઉં. અમારે અત્યારે ડાર્મસ્ટાટ કાસલ જવાનું છે.'

'શું છે ત્યાં !'

'ચોપડીઓનું પ્રદર્શન છે. ને ભાષણો તો ખરાં જ. ભોજન પણ.'

'તો તો જાઓ. ને હવે મારે પણ જવું જોઇએ.' કહી અત્યંત ઉષ્માપૂર્વક હાથ મિલાવી તે ચાલી ગઈ.

વાતો તો આ જાતની કરી હતી, છતાં તેના વ્યક્તિત્વથી, તેના ઉમળકાથી, તેના તેજ અને તરવરાટથી મારા હૃદયમાં તે કદી યે ન ભુલાય તેવી ઉષ્મા ભરી ગઈ હતી. તે દેખાતી અદૃશ્ય થઈ ત્યાં સુધી તેને ચાલી જતી જોઈ રહ્યો. પછી મારી હોટેલની દિશા તરફ વળ્યો. એમ કરતાં અમે બેઠાં હતાં તે હોટેલનું નામ જોવું ભૂલી ગયો !

સાંજે ગઈ કાલના જેવા જ સુંદર રસ્તાઓ ઉપર, ગઈ કાલના જેવી જ સુંદર બસમાં મુસાફરી કરવાની હતી. સંધ્યાનો એ કાળ પણ હૃદયમાં સ્વપ્નો ઊભરાવતો હતો. એટલે આખી યે મુસાફરી અદ્‌ભુત રમ્ય લાગી. ફરી પાછાં ત્યાં માદામ ઑલિવીઅર અને તેમની પુત્રી મારી સાથે થઈ ગયાં. તેમની હસતી મંડળીમાં જમવાની પણ મઝા આવી. છૂટાં પડતી વખતે મારા ખિસ્સામાંથી કોઈ ન દેખે તેમ, મારી 'ગુલામદીન'ની વાર્તાનો અંગ્રેજી અનુવાદ મેં માદામ ઑલિવીઅરના હાથમાં સરકાવી દીધો. તેમણે મને કહ્યું હતું તે હું ભૂલી ગયો નહોતો, ને સદ્‌ભાગ્યે આ વાર્તા મારી સાથે હતી.

આખો દિવસ સરસ પસાર થયો હતો. કંટાળો આપતી પેલી કૉકટેઈલ પાર્ટીમાંથી ઓચિંતાની હવા પ્રાપ્ત થઈ ગઈ હતી. અને તેણે જર્મન પ્રજાની નહિ તો યે પોતે જે વર્ગનું પ્રતિનિધિત્વ ધરાવતી હતી તેવા જર્મનીના યુવાન વર્ગના અમુક ભાગની અત્યારની માનસિક સૃષ્ટિમાં મને ડોકિયું કરાવ્યું હતું. પણ હૃદયના દુખાવાવાળી તે નમણી નારીનું સ્મિતસભર વ્યક્તિત્વ તો મને સુસ્પષ્ટ રીતે બહુ જ અનુકૂળ અસર કરી ગયું હતું તેથી હું આનંદમાં હતો. ઉપરાંત અહીં આ ફ્રેન્ચ લેખિકાને મારું લખાણ બતાવવાનું પ્રાપ્ત થયું હતું તેથી ચિત્તમાં અમુક પ્રકારની ઉત્તેજનાનો પણ અનુભવ કરી રહ્યો હતો. એટલે તો ઘેર ગયા પછી ક્યારે ઊંઘી ગયો તેની પણ ખબર ન પડી.

સવારે ઊઠ્યો ત્યારે તાઝગી વરતાતી હતી. મન પણ પ્રફુલ્લ હતું. વળી એ કૉન્ફરન્સની સાહિત્યિક ચર્ચાની બેઠકનો છેલ્લો દિવસ હતો એટલે મન ઉપરથી એક બોજો ઊતરતો જતો હોય તેમ લાગતું હતું.

શ્રી ચાઉ અને મિત્રો સાથે કૉન્ફરન્સમાં ગયો. વક્તાઓનાં નામ વાંચ્યાં. દસ નામ હતાં. નવમું નામ મારું હતું. તે દિવસની વાતચીત પછી એવી આશા ન રાખેલી. અંતે શરમ પહોંચી હશે એમ લાગ્યું.

બધા વક્તાઓને પ્લૅટફૉર્મ પર લઈ ગયા. પ્રમુખસ્થાને ઑસ્ટ્રિયાના ડૉ. ન્યુમાન્ન હતા. વિદ્વાન ઇતિહાસકાર છે. સ્પષ્ટભાષી. બોલે પણ સરસ. અંગ્રેજી પણ બોલે. બધા વક્તાઓને સમય બાંધી આપ્યો. આજે છેલ્લી બેઠક, એટલે બધું પૂરું કરવાનું હતું. પ્રેક્ષકો ઉપર મેં નજર ફેરવી. હંસાબહેન હતાં. હિંગોરાણી તો દેખાય જ શેના? કોઈકની જોડે યોગ વિષે, નહિ તો ક્યાં કઈ ચીજ સારી મળે એ વિષે ચર્ચા કરતા હશે. ડૉ. રાધાકૃષ્ણન્ કોઈ યુનિવર્સિટીમાં ભાષણ કરવા ગયા હતા.

વક્તાઓ બોલતા ગયા એમ સમય વહેતો ગયો. બાકીનાઓના સમય ઉપર કાપ પડતો ગયો. લોકો થાકતા ગયા. ઊઠતા પણ ગયા. મને થયું, મારો તો વારો જ નહિ આવે. એમાં પણ દુઃખ નહોતું. માંડ પા ભાગનું બોલવા મળે, એ કરતાં તદ્દન ન મળે તો શું ખોટું? પણ એવું ન થયું. છેક એક વાગ્યા લગભગ મારો વારો આવ્યો. ત્યારે શ્રોતાઓ અર્ધોઅર્ધ ચાલ્યા ગયા હતા. બોલવાનો સમય પાંચ મિનિટનો થઈ ગયો હતો. એકએક વાક્ય જેમાં પછીના બીજા વાક્ય જોડે જોડાઈ ગયું હોય એવા ભાષણને—વીસ મિનિટના ભાષણને—પાંચ મિનિટમાં કેમ પતાવવું? તો તો એની શૃંખલા તૂટી જાય, ને એનો કશો અર્થ ન રહે. તેને સિદ્ધ કરતી દલીલો સિવાય તેનો સાર ભાગ આપવાનો યે અર્થ શો? એ તો માત્ર અભિપ્રાયનું ઉચ્ચારણ થઈ રહે. એ સાચો યે હોય અને ખોટો પણ. એમાં કોઇને શ્રદ્ધા ન બેસે. મારો વારો આવે ત્યાર પહેલાં આ બધા પ્રશ્નો મારે વિચારવાના હતા. મારે ભાગે જે સમય આવે તેમાં મારે શું કરવું એ પણ નક્કી કરી લેવાનું હતું. પ્રમુખશ્રીએ જ્યારે મારું નામ પોકાર્યું ત્યારે મેં એ બધા વિષે વિચાર કરી લીધો હતો. નિર્ણય પણ લઈ લીધો હતો. તેમણે મને પૂછ્યું: 'મિ. બ્રોકર, કેટલી મિનિટ લેશો?'

મેં કહ્યું: 'પાંચ.' તેમણે જ થોડા સમય પહેલાં એ સમયમર્યાદા બધા માટે બાંધી આપી હતી ને?

મેં શરૂ કર્યું. જાણે આખું ભાષણ ન વાંચી જવાનો હોઉં, એ રીતે. જાણે એ માટેનો પૂરતો સમય મારી પાસે ન હોય, એ રીતે. વચ્ચે ક્યાંય કશું તોડ્યું નહિ કે ગપચાવ્યું નહિ. આટલી સ્વસ્થતા પ્રાપ્ત કરી શક્યો હતો તેથી મને જ આશ્ચર્ય થતું હતું. પાંચ મિનિટ થઈ ત્યારે પ્રમુખે નહિ, મેં જ તેમની સામે જોયું. તેમણે એક આંગળી ઊંચી કરી: એક મિનિટ વધારે લો, એમ સૂચવતી. એ એક મિનિટ પૂરી થતાં વાક્ય જ્યાં રહ્યું ત્યાં જ તેને છોડી બેસી ગયો.

હું બેઠો કે તરત પ્રમુખ ઊભા થયા: 'My only regret is that, I can not allow Mr. Broker to finish his excellent paper.' તાળીઓ પડી. હું આનંદમાં ડૂબી ગયો. સદ્‌ભાગ્ય પણ કેવું અણગમતી લાગે એવી પરિસ્થિતિમાં વીંટળાઇને આવે છે? હું આખું ભાષણ બોલી શક્યો હોત તો પ્રમુખને આવું બોલવાની જરૂર જ ન પડત! હું જેટલું બોલ્યો તેટલું વ્યવસ્થિત રીતે ગોઠવાએલું હતું તે જ બોલ્યો હતો. એ વાતનો મને આનંદ થયો.

પણ એથી યે વિશેષ આનંદ હજી હવે મેળવવાનો હતો. દસેક મિનિટ પછી સભા બરખાસ્ત થઈ કે ત્રણચાર જુવાનિયાં દોડી આવ્યાં: બે છોકરા, બે છોકરી. મને ઘેરી લીધો: 'અમને એ જ વાતનો અફસોસ રહી ગયો કે અમે તમારું પૂરેપૂરું ભાષણ લોકોને જુદી જુદી ભાષામાં પહોંચાડી ન શક્યા.' એ બધાં અનુવાદકો હતાં. મેં 'થૅંક યૂ' તો કહ્યું, પણ મારો અવાજ માંડ સ્વસ્થ રહી શક્યો.

અનુસંધાન] કનૈયાલાલ મુનશી [પૃ. ૩૧૩થી

'ગૂજરાતિનું ભોજન કરું, જુ તુરકાણું આણ્ સ્ અરૂ હું'
માધવ મહિતઇ કરિઉ અધર્મ, નવિ છૂટીઇ આગિલાંકર્મ
જિહાં પૂજીઇ સાલિગ્રામ, જિહાં જપીઇ હરિનૂં નામ,
નવખંડે અપકીરતિ કહી, માધવિમ્લેચ્છ આણિયા તહિં.

આ પંક્તિઓએ મુનશીના ચિત્તનો કેડો પકડ્યો.

અને 'ઈ. સ. ૧૯૪૮માં આ વાર્તા શરૂ કરીને ઘણે ભાગે લખી પણ ખરી. પણ જેમ હું લખતો ગયો તેમ નવલકથાકારની સર્જકશક્તિને કેવા પ્રકારની મર્યાદા છે તેનો મને પૂરેપૂરો ખયાલ આવ્યો. પાટણની પ્રભુતા, ગુજરાતનો નાથ, રાજાધિરાજ, જય સોમનાથ એ નવલોમાં તો મારે હિંદુ સ્વભાવ અને એ જગત જ વર્ણવવાનું હતું; તેનાં રૂપ, ગુણદોષ ને રીતિ તો મારા પોતાના અનુભવોમાંથી ઉદ્‌ભવી શક્યાં. પણ સલ્તનત સમયના મુસ્લિમ રીતરિવાજો સાથે આજના મુસ્લિમોનાં ગૃહ અને સામાજિક જીવનનું મને અંગત જ્ઞાન હતું નહિ; તો તેનો અનુભવ તો ક્યાંથી જ હોય? એ બધાને સમજવા માત્ર પુસ્તકોનો આધાર લેવા માંડ્યો એટલે પાત્રોમાં ને એમના વ્યવહારમાં જીવંતતા ન આણી શક્યો. જ્યારે ઈ.સ. ૧૯૫૪માં એ વાર્તા ફરી લખવા માંડી ત્યારે આ ત્રુટિમાંથી બચવા માટે હિંદુઓને મોઢે આખી વાત કહેવાય એવી યોજના મારે ઘડવી પડી.

આ વાર્તા પર ઉગ્ર કે વ્યગ્રકારી વાતાવરણ છવાયું છે. એમાં ઉલ્લાસ કે વિજયનો આનંદ આવી શક્યો નથી. આખું વહેણ જ વેદનાભર્યું છે. એટલે મારી બીજી વાર્તાઓમાં ઝાઝાં નથી એવાં નિરાશામય, ભયાનક, ઘૃણાભર્યાં કે અધમ તત્ત્વો અહીં દેખાયા જ કરે છે. મારે તો એ સમયે ગુજરાત પર પડેલી ભયંકર આપત્તિઓની પરંપરા અને તેનાથી નીસરતાં એના હૃદયનાં આક્રંદોની ઝાંખી કરાવવી હતી.' (ચાલુ)

હપતો

કનૈયાલાલ મુનશી

એમનું સાહિત્યજીવન

મોટે ભાગે એમના શબ્દોમાં

અને સર્જકપ્રતિભા

લેખક: ડૉ. મધુસૂદન પારેખ

'શિશુ અને સખી'માં પ્રયોગશીલ મુનશીએ શૈલીનો વિશિષ્ટ પ્રયોગ કર્યો છે. શ્રી રા. વિ. પાઠકે એ સંદર્ભમાં લખ્યું છે: 'શ્રીયુત મુનશી વિષે કહી શકાય કે તેમણે અનેક શૈલીનો પ્રયોગ કર્યો છે અને તે દરેકમાં સફળ થયા છે. આ કૃતિમાં તેમણે એક નવી જ શૈલીનો પ્રયોગ કર્યો છે, જેને તેમણે એક પ્રકારની ડોલનશૈલી કહેલી છે...આ કૃતિ એક શૈલી દૃષ્ટિએ સફળ ગણાવી ઘટે છે.' ('સાહિત્યવિમર્શ', ૧૯૩૯)

'શિશુ અને સખી' પછી તરત એમની પૌરાણિક કૃતિ 'લોપામુદ્રા' પ્રગટ થાય છે. પૌરાણિક ગ્રંથોના સતત અભ્યાસ બાદ તેમણે પૌરાણિક નવલકથાઓ–નાટકો રચવાનો એક આખો નકશો ચિત્તમાં કલ્પ્યો જણાય છે. 'ભગવાન પરશુરામ'ની પ્રસ્તાવનામાં તેમની આ યોજનાનો કંઈક ખયાલ મળે છે: '૧૯૨૧-૨૨માં મહાભારત અને પુરાણોની પ્રેરણાથી મેં પૌરાણિક વિષયો પર નાટક લખવાનો પ્રારંભ કર્યો. તે વખતથી મારો સંકલ્પ હતો કે મારે મહાભારતના પ્રસંગોની પૂર્વકથાની કૃતિઓની એક લેખમાળા બનાવવી...' 'પહેલાં તો બાર નાટકોનું એક મહાનાટક લખવાનો સંકલ્પ કર્યો હતો; અને તે પ્રમાણે ૧૯૨૨માં 'પુરંદર પરાજય', ૧૯૨૩માં 'અવિભક્ત આત્મા', ૧૯૨૪માં 'તર્પણ' ને ૧૯૨૯માં 'પુત્રસમોવડી' લખ્યાં. ૧૯૩૨માં એ જ મહાનાટકના ઉપોદ્‌ઘાત રૂપે 'વિશ્વરથ'ની નવલકથા લખી. પછી 'શંબરકન્યા', 'દેવે દીધેલી' ને 'વિશ્વામિત્ર ઋષિ' એમ ત્રણ નાટકો લખ્યાં. આ ચારે 'લોપામુદ્રા'ના ભાગ ૧-૨-૩-૪ તરીકે પ્રગટ થયાં છે.'

'પછી મને ભાન આવ્યું કે નાટક ગુજરાતી વાચકોને સુગમ નથી. 'દેવે દીધેલી' જેવાએ ભાગ્યે જ ધ્યાન ખેંચ્યું. એથી આ મહાનાટકનો ઉત્તરાર્ધ નવલકથારૂપે જ લખવાનો મેં વિચાર રાખ્યો. એને મેં બે ભાગમાં વહેંચી નાખી: 'લોમહર્ષિણી' અને 'ભગવાન પરશુરામ'.'

આ વૈદિક પૌરાણિક કૃતિઓ રચવા પાછળનો હેતુ સ્પષ્ટ કરતાં એમણે લખ્યું છે: 'મેં જે સામગ્રી ઉમેરી છે તેને કેટલાક અક્ષમ્ય પણ ગણે.

પણ મારી આગળ તો એક જ પ્રશ્ન હતો—વૈદિક ને પુરાણ કાળનાં દર્શન કરવાનો ને કરાવવાનો.

સામગ્રીની શોધ માટે ઋગ્વેદ પુરાણની મદદ બને તેટલી લીધી છે. પણ એ તો સામગ્રી, આ મહાનાટક તો તે વડે રચાએલી સ્વતંત્ર કલાકૃતિ છે. માનવજીવનના મારા આદર્શો અને મારી જે કાંઈ સર્જક શક્તિ છે તેનાથી જ આ ચણતર થયું છે.

૧૯૨૨ થી ૧૯૪૫ સુધીનાં ત્રેવીસ વર્ષમાં આ મહાનાટક પૂરું થયું ગણાય. પ્રચંડ માનવીઓ ને પ્રચંડ પ્રસંગોમાંનાં મારાં સ્વપ્નાં એમાં આલેખવાનો પ્રયત્ન છે'. 'લોપામુદ્રા'ની ભાવના અને લેખકના વલણ વિષે શ્રી ઉમાશંકર જોશીએ નોંધ્યું છે: 'લોપામુદ્રા'ના ચારે ભાગ—વાર્તા અને નાટક, તેમાં લેખકનું વલણ એ લાગે છે કે આર્યો અને દસ્યુઓ એ બે વચ્ચે આવો ભેદ શો? આર્યોમાં જ હૃદયની સંસ્કૃતિ છે, તો દસ્યુઓમાં પણ છે, એવું બતાવી લેખકને પ્રશ્ન કરવો છે કે, તો આ બે વચ્ચે મેળ કેમ ન થઈ શકે? શું રંગભેદ કદી ન ધોઈ શકાય એવ[ી] વસ્તુ છે? શું અનહદ અભિમાનથી જ આર્યોની વિશુદ્ધિ રક્ષાશે? આ ભાવના નાટકની વસ્તુનો પ્રાણ છે...('સમસંવેદન' ૧૯૬૫, પૃ. ૧૬૨



મુનશી દંપતી ૧૯૪૬માં • 'શિશુ અને સખી'

'ભગવાન પરશુરામ'(મુનશીની મહાકથા)નું વિવેચન કરતાં શ્રી અનંતરાય રાવળે એક બે મહત્ત્વની વાત કહી છે. એક તો એ કે 'રા. મુનશ[ી] નવલકથા અને નાટક પરત્વે સવ્યસાચી છે. ઉભય સાહિત્યપ્રકાર એમ[ને] એકસરખા ફાવે છે. તેથી જ જેટલી સહેલાઈથી એ નવલકથામાં[થી] નાટકને પાટે ચડી ગયા હતા એટલી જ સહેલાઈથી નાટકમાંથી પા[છા] નવલકથા પર આવી ગયા છે. એમની નવલકથાઓ પણ નાટ્યપૂ[ર્ણ] જ નહોતી શું! આ નવલકથા પણ એવી જ છે. એનું નાટ્યરૂપાંત[ર] સહેલાઈથી થઈ શકે'...બીજી વાત: 'કથાનું મોટામાં મોટું આકર્ષ[ણ] તો છે પરશુરામનું પાત્ર...જુદાજુદા દેશ, કાળ અને કાર્યને લીધે વ્ય[-] ક્તિગત ભિન્નતાવાળાં દેખાતાં છતાં રા. મુનશીનાં નાટકો એક [જ] માટીનાં ઘડેલાં હોય છે...પરશુરામનું પાત્ર પણ પ્રતાપી નરપુંગવોન[ા] રા. મુનશીને પ્રકૃતિથી બહુ રુચતા અને આલેખવા ફાવતા આદર્શન[ા] ઢાળામાં ઢળાયેલું છે.' (ગ્રંથાક્ષત, ૧૯૪૯, પૃ, ૨૨૦, ૨૨૩)

શ્રી અનંતરાય રાવળનું આ વિધાન એમના પ્રતાપી પાત્રોનું તર[ત] સ્મરણ કરાવે છે. મુંજાલ, પૃથ્વીવલ્લભ (મુંજ), ભગવાન કૌટિલ્ય ભગવાન પરશુરામ, આ બધાં પાત્રો 'સુપરમેન' છે. મુનશીના મહત્ત્વા[-] કાંક્ષી અને પ્રતાપી માનસમાંથી આવા કાલાગ્નિ જેવાં દુઃસહ અ[ને] કૈલાસ જેવાં દુર્ધર્ષ પાત્રો સર્જાય એ સ્વાભાવિક છે.

ઈ. ૧૯૪૬માં 'ભગવાન પરશુરામ' પ્રગટ થયા પછી બીજી નવલકથ[ા] 'ભગ્ન પાદુકા' દસ વર્ષને લાંબે ગાળે પ્રસિદ્ધ થાય છે. ૧૯૪૭માં સ્વરાજ પ્રાપ્તિ પછી મુનશીને શિરે રાષ્ટ્રસંચાલનની મહાન જવાબદારી આવ[ી] પડી હતી. એ વેગવાન પ્રવૃત્તિમાં એમના લેખક જીવે થોડોક વિરામ લઈ લીધો લાગે છે. અને ૧૯૬૫માં 'ભગ્ન પાદુકા' નવલકથાલેખનન[ી] એક નવી જ 'ટેકનિક' લઈને આવે છે. દિલ્હીમાં જમુનાતીરે છેક સંધ્યા[-] કાળે મુનશી ફરવા જતા. તે દરમ્યાન એક વૃક્ષ નીચે એક પથ્થર પ[ર] તેમણે ભગ્ન પાદુકા જોઈ; અને પછી કોઈક સ્ત્રીની આકૃતિ દેખાઈ, અ[ને] પછી એ સ્ત્રીએ (એ દેવળદેવી હતી—કરણઘેલાની દીકરી) પોતાન[ી] આત્મકથા શરૂ કરી. આમ સંભ્રમનું વાતાવરણ વાચકના ચિત્તમાં પેદ[ા] કરીને મુનશીએ પાત્રોનાં આત્મકથન દ્વારા આ નવલકથા ગૂંથી છે. મધ્ય[-] કાલીન કવિ પદ્મનાભનો 'કાન્હડદે પ્રબંધ' વાંચ્યા પછી–(અનુ. પૃ. ૩૧૨

કલાકાર

બાળગંધર્વ

અંજલિ

આ સમી સદીની શરૂઆતમાં, જિંદગી જ્યારે સાવ લુખ્ખી— અર્થહીન આચારવિચારોના ચીલામાં લગભગ સંસ્કારહીન ને અસ્મિતાશૂન્ય બની રહી હતી, તેજ, સ્વમાન, સૌંદર્ય, લાલિત્ય, એ બધાં સાવ આકાશકુસુમવત્ હતાં, એ કાળે એક દિવસે રંગભૂમિનો મખમલનો પડદો ઊંચકાયો. નાટક જોવા જતા ગણ્યાગાંઠ્યા, કામધંધા વિના રખડતા માણસો તે દિવસે પણ ગયા હતા.

પણ હમેશાં નાટક જોઈને ઘેર જાય ત્યારે પાનના ડૂચા સાથે બે-ચાર રંગીલા શબ્દો જીભ પર રમાડતા જાય તેને બદલે એ દિવસ જુદો હતો; કેમ કે નાટક જુદું હતું. નાટક જોઇને ગયા તે ગંભીર બનીને ગયા. તે દિવસે તખતા પર જે છોકરી જોઈ તે કેટલાકને પોતાની કન્યા જેવી લાગી, તો કોઈને એનામાં પોતાની બહેન દેખાઈ, તો કેટલાક રંગીલા જીવોને પોતાના ઘરની મેડીમાં છાનાં આંસુ સારતી પોતાની નાનકડી સ્ત્રીનું ચિત્ર દેખાયું. નાટકના શબ્દો યાદ આવતા, ગીતો યાદ આવતાં, પણ એ રંગીલાં, બીભત્સ નહિ—પણ મીઠાં. નાટકમાં રહેલો આક્ષેપ મનને ડામી જતો. પોતાના કુટુંબજીવનનું ચિત્ર નજર સામે રવરવા લાગતું. એ નાટક હતું 'શારદા.'

નાનકડી કન્યાનાં લગ્ન કોઈ જરઠ મૂરતિયા સાથે લેવાયાં છે. વરરાજા આમ ખાસ ઉંમરલાયક તો ન કહેવાય—હમણાં જ પંચોતેર પૂરાં થયાં છે! પણ પૈસો સારો છે. કન્યા કરગરે છે, મા કલ્પાંત કરે છે, જુવાનિયાઓ અકળાય છે. જોનારનાં મન જીતી લીધાં હતાં એમની ગભરુ બાળાએ—'વલ્લરી'એ; હતો તો નારીનો સ્વાંગ, પણ એ બોલે તે જાણે મોતી ખરે. ગાય ત્યારે તો બધાં મંત્રમુગ્ધ બની જાય.

લોકોના લાડીલા નેતા ટિળક મહારાજે આ નવા નાનકડા અભિનેતાની કીર્તિ સાંભળી. ગાન પણ સાંભળ્યું...છોકરો નાનો ને નમણો, અને કંઠ તો જાણે દેવનો દીધેલો! લોકમાન્ય ડોલી ઊઠયા: 'આ તો બાળગંધર્વ માનવી દુનિયામાં અવતર્યા છે!' ટિળક મહારાજ બિરુદ આપે એ કાંઈ જેવીતેવી વાત ન કહેવાય. એઓ કાંઈ કવિ નહોતા. નક્કર હકીકતને જ પ્રમાણ માને એવા પ્રખર, પ્રકાંડ પંડિત હતા. બસ. તે દિવસથી આ બાળ અભિનેતા બાળગંધર્વ તરીકે જાણીતા થયા.

હવે તો ગણ્યાગાંઠ્યા રખડુ માણસો નહિ પણ સારાસારા માણસો નાટક જોવા લાગ્યા. સાક્ષરોની કલમ નાટ્યલેખન તરફ વળી. 'કેસરી' પત્રના ઉપસંપાદક શ્રી કૃષ્ણાજી પ્રભાકર ખાડિલકરે 'સ્વયંવર' 'કીચકવધ', 'દ્રૌપદી', 'વિદ્યાહરણ' જેવાં નાટકો દ્વારા સમાજ અને રાજ્યસત્તા પર પ્રહારો કર્યા. એમની પ્રભાવી ભાષા ઝીલી લઈ, કથાવસ્તુને અંતરમાં ઉતારી, એમનાં નાટકોની નાયિકા બની બાળગંધર્વ તખ્તા પર ચમકવા લાગ્યા. અને પછી તો લેખકના મનમાં રમતું હોય, પણ વ્યક્ત કરતા શબ્દો ન જડ્યા હોય એવા એના મનના ભાવ અભિનેતાના અભિનયમાંથી ખીલવા લાગ્યા.

મરાઠી રંગભૂમિના પીઢ અને પ્રતિભાવંત કલાકાર શ્રી નારાયણ શ્રીપાદ રાજહંસ-'બાળગંધર્વ'નો જન્મ ઈ. ૧૮૮૮ની ૨૬મી જૂને, ભીંતચિત્રો આલેખવાનો વ્યવસાય કરતા પિતા શ્રીપાદ, ને મધુરકંઠી માતા અન્નપૂર્ણા (કૃષ્ણાબાઇ)ને ત્યાં થએલો. સંસ્કૃતના પ્રખર અભ્યાસી નાના, ફોઈ અને કાકા એમ કુટુંબનાં મોટા ભાગનાં વડીલો સંગીતજ્ઞ હોવાથી, અને બાળપણમાં માતા ને દાદીના મુખે અભંગો ભજનો સાંભળવાથી એમના પર સંગીતના



બાળગંધર્વ

સંસ્કાર પ્રથમથી જ પડયા હતા. વળી શાસ્ત્રીજીની સંગીતપ્રીતિ જોતાં ફોઈએ એમના માટે સંગીતશિક્ષક મહેબૂબખાંને પણ રાખેલા. આથી એ ભણવા કરતાં સંગીત તરફ વધારે લક્ષ આપવા લાગ્યા.

કુટુંબની આર્થિક સ્થિતિ મૂળે સધ્ધર તો નહોતી. તેમાં વળી માલેગાંવમાં ભીંતચિત્રો આલેખતાં પિતા પાલખ પરથી પડી જવાથી અપંગ થયા; એથી માતાપિતાને સમજાવી તે સંગીત શીખવા કોલ્હાપુરમાં અલ્લાદિયાખાં સાહેબ પાસે ગયા. ત્યાં એમના સંગીતથી પ્રસન્ન થએલા શાહુ મહારાજે એમના કાનની દવા કરાવવા એમને મીરજ મોકલી આપ્યા. મીરજમાં ત્યારે 'કિર્લોસ્કર નાટક મંડળી' ચાલતી હતી. એને સ્ત્રીપાત્ર ભજવનારની જરૂર હોવાથી ફૂટતી તરુણાઈવાળા નારાયણનો કંઠ અને સૌંદર્ય જોઈ એમને રાખી લીધા.

આમ ૧૮ની વયે નાટ્યકંપનીમાં જોડાએલા નારાયણે 'શારદા' નાટકમાંની પોતાની પહેલી જ ભૂમિકાથી લોકોનાં મન જીતી લીધાં. ત્યાર બાદ એક બાજુ તે 'શાકુંતલ', 'વીરતનય', 'સુમતિ', 'ચંદ્રહાસ' આદિ નાટકોમાં મુખ્ય સ્ત્રીપાત્ર લઈ ઉત્તરોત્તર નામના મેળવતા ગયા, તો બીજી બાજુ 'નાટકિયા' બનેલા આ છોકરાથી એનાં માબાપ ધૂંઆંફૂંઆં થઈ ગયાં. પણ ત્યાર પછી જ્યારે એમની નાટ્યમંડળી પૂના ગઈ ત્યારે ટિળક મહારાજે ત્યાં એમનાં વડીલોને સમજાવી શાંત પાડયાં.

ઈ. ૧૯૧૨માં ખાડિલકરનું 'માનાપમાન' નાટક એમની શ્રેષ્ઠ કીર્તિદા બન્યું, પણ એ પછી આઠ જ માસમાં કંપનીના માલિક જોગળેકરનું અવસાન થતાં એમને બીજાઓ સાથે ફાવ્યું નહિ, ને ૧૯૧૩માં પૂનામાં 'ગંધર્વ મંડળી'ની શરૂઆત કરી. ત્યારથી આરંભાએલા 'ગંધર્વયુગ' દરમ્યાન મુંબાઈ, પૂના ને વડોદરામાં અનેક નાટકો ભજવી પોતાના અપ્રતિમ અભિનયથી નાટ્યરસિકો તથા રાજામહારાજાઓને પ્રસન્ન કરનાર આ કુશળ અભિનેતાએ ૫૦ વર્ષ સુધી મરાઠી રંગભૂમિની સેવા કરી.

ઈ. ૧૯૨૯માં એને મરાઠી નાટ્ય સંમેલનના અધ્યક્ષ વરાયા. ૭૫મા વર્ષે મહારાષ્ટ્રે એમનો અમૃતમહોત્સવ ઊજવ્યો; અને ૧૯૬૪માં સરકારે એમને પદ્મભૂષણનો ઇલ્કાબ આપ્યો.

સુંદર દેહ અને મધુર કંઠ ધરાવતા આ અદ્વિતીય મરાઠી અભિનેતાનો સ્વભાવ અત્યંત મીઠો હતો. એ એટલા નિરભિમાની, નિર્વ્યસની ને નમ્ર હતા કે પ્રેક્ષકોને સદા 'અન્નદાતા' ને 'મારાં માબાપ' કે 'દેવ' કહીને જ સંબોધતા.

એમનાં પ્રથમ લગ્ન ઈ. ૧૯૦૬માં થએલાં.

'સ્વયંવર'માં નાટકની શરૂઆત છે: રુક્મિણી દાદરાનાં પગથિયાં ઊતરે છે. લેખકે ત્રણ જ શબ્દ એના મોંમાં મૂક્યા છે: 'દાદા, તે આલે ના?' (ભાઈ, એ આવ્યા ને?) ત્રણ જ શબ્દ. પણ એમાં સ્રીસુલભ શાલીનતા છે, પ્રથમ પ્રીતિનો ગુલાબી આવિષ્કાર છે, પ્રિયતમને આવકાર છે, મનોભાવનું સૂચન છે. કૃષ્ણ પ્રવેશ કરે તે પહેલાં જ ખાતરી થાય છે કે આ જે 'એ' છે તે અને આ દેવી અવિભક્ત છે, એક છે. માત્ર ત્રણ સાદા શબ્દોમાંથી પ્રેક્ષક પામે છે તે કોઈ મહાકાવ્ય વાંચીને ભાગ્યે જ પામે!

'માનાપમાન'માં ધનવાનની કન્યા શૂરને તે માત્ર નિર્ધન હોવાથી ધિક્કારે છે. પણ પછી પસ્તાય છે. પોતાનો પરાભવ માન્ય રાખે છે. પ્રચ્છન્ન વેશમાં એની દાસી બને છે. આત્મસમર્પણની ક્ષણે એક પણ શબ્દ એ ભામિની બોલતી નથી. પોતાના પ્રિયતમનાં પગરખાં હાથમાં લઈ, સાફ કરી, એને પહેરવા માટે તૈયાર કરી આપે છે—બસ. માત્ર અભિનયમાંથી વ્યક્ત થાય છે નિર્મળ, નિરહંકાર સમર્પણની ભાવના. એ બે પ્રેમીઓ વચ્ચે શબ્દ મૂગા બની જાય છે.

'સંશયકલ્લોલ'માં રાજાની કુંવરી પણ નથી, ધનવાનની સુશીલ કન્યા પણ નથી; છે એક ગણિકા. એના હૈયામાં ફૂટે છે પ્રેમની સરવાણી. એનો પ્રેમ તો ચંચળ હોય, ધંધાદારી હોય, એવી ધારણા સામે ઝઝૂમી એ એક નિર્મળ નારીના રૂપમાં પ્રેક્ષકોના મનમાં જઈ વસે છે.

'કણ્વકન્યા શકુંતલા'ને સાકાર કરે છે: પહેલાં પ્રેમઘેલી આશ્રમહરિણીના રૂપમાં, ને પછી ખંડિતા માનિનીના સ્વાંગમાં. 'દ્રૌપદી'ના મુખમાંથી તો વ્યક્ત થવા લાગે છે લુટાએલી મા ભારતીની વેદના.

હવે તો આબાલવૃદ્ધોથી પ્રેક્ષકગૃહો ઉભરાવા લાગ્યાં. 'અમે ગંધર્વ



૧૮ વર્ષની વયે] બાળગંધર્વ [પાછલી અવસ્થામાં

સાથે જ સૂતા અને એની સાથે જ ઊઠ્યા' એમ કહેતા રસિક પ્રેક્ષકો ગામેગામ એ નાટક કંપની સાથે ફરવા લાગ્યા. બહેનો પણ નાટ જોવા લાગી. પોતાના ઘરમાં કેવી સૌંદર્યવતી, ચતુરા, બુદ્ધિમતી નારીઓ વસે છે તે જોવાની દૃષ્ટિ બાળગંધર્વએ પુરુષોને આપી એમ કહેવામાં વાંધો નથી. બહેનો પણ એમનું ચાતુર્ય, વેશભૂષા ને કેશરચનાનું કૌશલ્ય, બોલવું-ચાલવું-હસવું, ઘણું બધું એમની પાસેથી શીખી.

મહારાષ્ટ્રના શબ્દપ્રભુ કવિ 'ગોવિંદાગ્રજે' એક વાર પડદા પાછળ

એ પત્નીના અવસાન બાદ ઈ. ૧૯૩૬માં ૪૮ની વયે એમણે પોતાની સાથે કામ કરતી મુસ્લિમ ગાયિકા ગૌહરબાઈ સાથે લગ્ન કરેલાં.

આવા પ્રતિભાશાળી કલાકારનું દમ અને પગની વ્યાધિને લીધે લાંબા ગાળાની બેભાનાવસ્થા બાદ ૧૫મી જુલાઈએ પૂનાના 'જહાંગીર નર્સિંગ હોમ'માં અવસાન થયું.

અભિનય, સંગીત ને વેશભૂષા એ ત્રણે દ્વારા રંગભૂમિનો એમના જેટલો ઉત્કર્ષ કરનાર બીજો કોઈ મરાઠી કલાકાર ભાગ્યે જ હશે. એમને ગુજરાતના નામી અભિનેતા જયશંકર 'સુંદરી' સિવાય બીજા કોઈ સાથે ન સરખાવાય.

પોતાના સુમધુર કંઠ માટે બાળ ગંગાધર ટિળક મહારાજ પાસેથી 'બાળગંધર્વ'નું બિરુદ માત્ર ૧૦ જ વર્ષની વયે મેળવનાર, અને એનું ગૌરવ સાચવવા બ્રિટિશ સરકાર તરફથી મળતો 'સર'નો ઈલ્કાબ પાછો ઠેલનાર આ નામી કલાકારે ૧૮ની વયે નાટક મંડળીમાં પ્રવેશ કર્યો. સુંદર દેહ, મધુર કંઠ, સંગીતના સંસ્કાર ને એ પછી મળેલી તાલીમ આદિને લીધે સ્રીપાત્ર ભજવવા પૂરા લાયક બાળગંધર્વે આપસૂઝથી જ સ્રીસહજ અભિનય ને વસ્ત્રપરિધાનકલાને એવી પરાકાષ્ઠાએ પહોંચાડી કે એમનો અભિનય જોઈ સ્રીઓ મોંમાં આંગળાં નાખી જતી, સ્રીકલાકારો આશ્ચર્ય અને ઈર્ષ્યા અનુભવતી, ભલભલા નામી કલાકારો મુગ્ધ થઈ જતા ને રાજા-મહારાજાઓ એમના પર હજારોનાં ઈનામ ન્યોછાવર કરતા.

અભિનેતા તરીકેની એમની સફળતાના મૂળમાં રહેલી છે, એમની સ્રીમાનસની સમજ અને તદ્રૂપતા. તેઓ કહેતા કે 'નટ થવું એ એક સાધના છે, યોગ છે. યોગી થઈ શકાય તો જ પાત્રના અંતરમાં પ્રવેશી શકાય; અને પાત્ર સાથે તદ્રૂપતા સધાય તો જ ઉત્તમ અભિનય આપી શકાય. "એકચ પ્યાલા"માં હું ખરેખર સુધાકરની વહુ છું એમ સમજીને જ કામ કરતો.' આમ, સ્રીના હૃદયમાં તદાકાર થઈ તથા અવલોકન અને અધ્યયન દ્વારા એનાં રહસ્યો તથા વિશેષતાઓ પારખીને જ તેમણે સ્રીપાત્ર ભજવનાર અભિનેતા તરીકે અસાધારણ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી હતી.

જેમનાં 'અચલા-વિચલા' જેવાં ગીતો અનેક વન્સમોર પામી કલાકો સુધી ચાલતાં એવા આ મધુરકંઠી ને સંગીતજ્ઞ ગાયકે મરાઠી ઉપરાંત કન્નડ, ગુજરાતી આદિ અન્ય ભાષાભાષી પ્રેક્ષકોની પ્રશંસા પ્રાપ્ત કરેલી, એટલું જ નહિ પણ એક માંદગી દરમ્યાન જૂહુ કાંઠે આરામ કરતા મહાત્મા ગાંધીજીને પણ એમણે પોતાના કંઠથી પ્રસન્ન કરેલા.



રુક્મિણીના પાત્રમાં

ખાડિલકર ને બખલે બુવા જેવા એમના ગુરુઓ પ્રત્યે ખૂબ માન રાખતા આ કુશળ નટને એ પોતાનાં બે નાટકો 'સ્વયંવર' ને 'એકચ પ્યાલા' શ્રેષ્ઠ લાગેલાં. 'એમના અવસાન સાથે મરાઠી રંગભૂમિનો ગંધર્વયુગ સમાપ્ત થાય છે' એ ફિલ્મગાયિકા લતા મંગેશકરના શબ્દો એમની યુગપ્રવર્તક અભિનેતા તરીકેની મહત્તા સિદ્ધ કરે છે. (સં)

વન્સમોર!

ઉપેન્દ્ર રાવળ

અખબારમાં આપવા માટે લેખ લખવા બેઠો. જૂની નાટકમંડળીઓની પડતીનાં કારણો અને તેના પુનરુદ્ધાર તેમજ જરૂરિયાતોના અભ્યાસ અંગે ઘણી નાટકમંડળીઓનાં નાટક જોયાં. એ સોમાંના નાટક તો તદ્દન નબળું જણાયું. સ્ટેઈજ, વેશભૂષા, સેટિંગ આદિની ખામીઓ તો ચલાવી લેવાય, પણ અભિનયનું નબળું ધોરણ કેમ ક્ષમ્ય બણાય? આખા નાટક દરમિયાન ક્યાંય પ્રેમી હૃદયનું ઊર્મિનું ઊંડાણ મગ્નના અભિનયમાં જણાતું ન હતું અને જ્યારે એક દૃશ્યમાં ગીત પૂરું થયા પછી નાયકે નાયિકાને આલિંગન આપ્યું ત્યારે તો તે દૃશ્ય નિષ્પ્રાણ અભિનયની પરાકાષ્ઠાએ પહોંચ્યું! અધૂરામાં પૂરું 'પિટ-ક્લાસ'માંથી પાંચ વાર એના 'વન્સમોર'ની માગણી થઇ, અને પાંચે વાર એ ઉત્તરોત્તર નિર્બળ-નિષ્પ્રાણ થતું દૃશ્ય રજૂ થયું. હું તો ત્રાસી ગયો.

કલમ ઉપાડી ત્યાં જ નાટકનાં એ બંને કલાકારોએ મારી પાસે આવી સસંકોચ પ્રશ્ન કર્યો: 'સાહેબ...કેવું લાગ્યું નાટક...?'

મનમાં જે રોષ હતો એ મેં ઠાલવ્યો અને કહ્યું 'પાંચ-પાંચ વાર આવાં નિષ્પ્રાણ 'વન્સમોર' ન ભજવો તો!'

'શું કરીએ સાહેબ...' એ જરા ઝંખવાયો. 'પબ્લિક માગે એવું આપવું જ રહ્યું...વળી આર્થિક સ્થિતિ પણ એટલી સધ્ધર નથી કે બહારનો સ્ટાફ રાખી શકીએ...ઘરનાં જ સૌ ખેંચીએ છીએ. અને આ મારી દીકરી છે, સાહેબ...!' બાજુમાં બેઠેલી પેલી 'નાયિકા' સામે વાત્સલ્યથી જોતાં તેણે કહ્યું. બંનેની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં.

...ની તકરાર સાંભળી: પોતાનું મહાવસ્ત્ર બરાબર નથી એવું ગંધર્વરાજે રુસણું લીધેલું. કવિએ બીડું ઝડપ્યું: 'એને મંચ પર ચીંથરેહાલ દશામાં લાવું ત્યારે જ ખરો!' અને 'એકચ પ્યાલા'માં સિંધૂ એ જ દશામાં, દળણાં દળતી, રંગમંચ પર દેખાઈ! વર, વહુ ને નાનો બાબો, એવું નાનકડું કિલ્લોલ કરતું ઘર. પણ વરને દારૂની લત લાગે છે; એમાં સર્વસ્વ ખોઈ નાખે છે; સ્ત્રી પર જુલમ ગુજારે છે; પિયરનો સંબંધ તોડી નાખ્યો છે; ઘરમાં ખાવા ધાન નથી; ભૂખીતરસી સિંધૂ મહા પરાણે ચંદીનાં પડ ખેંચે છે. ત્યાં ગીતા, એના કારકુનની સ્ત્રી આવે છે. એ આખાબોલી નારી સિંધૂના વરને વખોડે છે, ગાળો ભાંડે છે. સિંધૂને માલ વગરની કહી નાખે છે. પ્રેક્ષકો પણ ગીતા સાથે સહમત થાય છે. ત્યાં સિંધૂ, ઊંડા ગએલા અવાજે, ફિક્કું હસીને કહે છે: 'આપણાથી એવું થાય?' જોનારાં હજારો માનવી ક્ષણમાં ફેરવાઈ જાય છે: ના, ના; આ સતી કંકાસ ના જ કરે. ના; 'આપણા'થી એવું ન જ થાય! લખનાર કવિને પણ ડોલાવી જાય એવો એ અપ્રતિમ અભિનય!

બાળગંધર્વે બીજું કાંઈ ન કર્યું હોત તોપણ એ અભિનય ખાતર જગતે એને કીર્તિમાળા પહેરાવી હોત. પણ આવા અભિનયની સાથે બીજી પણ અમૂલ્ય ભેટ એમણે સંસારને ધરી દીધી: સંગીતની. ખાનદાન ગાનારાઓને લાગતું: 'નાટકનો નટડો, એ તે શું ગાતો હતો!' સામાન્ય જનની માન્યતા હતી: 'ગાવાનું! ના, ના, એ તો ચારિત્ર્યહીનનું કામ.' એ બંને પાળ તોડીને એમના 'મધુમધુર' સૂર કંઠેકંઠમાં જઇને વસ્યા! મહારાષ્ટ્ર આખાને સંગીતનું ભાન કરાવ્યું બાળગંધર્વે, અને મહારાષ્ટ્રની સ્ત્રીને કંઠ આપ્યો હીરાબાઈ બડોદેકરે. સંગીત વગરનો દેશ તો સંસ્કારહીન રહે. મહારાષ્ટ્ર આ રત્નો વડે શ્રીમાન બન્યો.

શાસ્ત્રીય સંગીતમાં પણ હલનચલનની નજાકત બિલકુલ બગાડ્યા વગર, મુખના ભાવને અર્થ સ્વર ને લય સાથે મેળમાં રાખી, ત્રિવટ તાલમાં બાળગંધર્વ યમન રાગ છેડે, અને 'નાથ હા માઝા' એ પદમાં 'ના-થ' પછીની નવમી માત્રા બાદ અનાઘાત નવ સ્વરનાં અકબંધ મોતી જાણે એ કંઠમાંથી સરી પડે, ત્યારે જાણકારો આફરીન થઈ જાય. કાં તો મલ્હાર ગાવા બેસે અને 'અનૃતચી ગોપાલા' એ પદનો 'ગો' અક્ષર ષડ્જ સાથે એવો તો રમાડે કે અલ્લાદિયાખાં જેવા ગાયનભીષ્મ પણ 'વાહવાહ!' પોકારે; અને એ આનંદનું એક મોજું હજુ માણીએ ત્યાં તો 'ગો-પા-લા' ષડ્જ અને પંચમ પર સ્થિર થાય, ને પાછા ષડ્જમાં વિલીન થાય. તિલક કામોદમાં અવરોહનો નિષાદ આંદોલિત કરી 'કરીન યદુમની સદના' એ લયની બંદિશ, એમાં આવતી પેલી 'હરકત'ની માધુરી, બધું અસામાન્ય બની જતું. રાત પૂરી થવા આવતી પણ સંગીત ને અભિનયની સમાધિમાં ભાન ક્યાંથી રહે? સુભદ્રાના ભાઈ કૃષ્ણ રુક્મિણીની વિદાય લેવા ઊઠી 'પ્રિયે. રાત્રીચા સમય સરુનિ યેત ઉષ:કાળ હા' એ ભૂપરાગ લલકારે ત્યારે જ કાંડા પરનાં ઘડિયાળો તરફ લોકોની નજર જાય! ચાર વાગ્યા હોય, પાંચ પણ થયા હોય!

એવા આ સમર્થ કલાકાર ને રસિકો વચ્ચેનો સંબંધ પણ અપૂર્વ હતો. ગંધર્વ આમ જનતાને 'દેવા!' કહી સંબોધતા—ખાનગી વાતચીતમાં પણ. આટલાં બધાં નાટકો ને સેંકડો પ્રયોગો. એમાં 'વન્સમોર' પણ દરેક ગીતને હોય જ. પણ અભિનયની તાજગી, ઉમરનાં પચાસ થઈ ગયાં છતાં, પ્રયત્નપૂર્વક તે જાળવી રાખતા. 'આટલા બધા દેવોમાં કો'ક તો પહેલી વાર પણ પધાર્યા હોય. નાટક માટે એમના મનમાં કેવા ઓરતા ને કેવી આશા હોય! મને કંટાળો આવે તો એમને નિરાશા થાય ને?' આ સુજનતા પણ એ કલા જેટલી જ અસામાન્ય.

લોકો પણ જેવા ઘેલા તેવા જ પ્રેમાળ બન્યા એમને માટે. અવસ્થા થઈ હતી. નાગપુરમાં એમના સત્કારનો સમારંભ ગોઠવાયો હતો. એઓ ગાવાના હતા. હજારો માણસો ટિકિટ લઈ મંડપમાં–રસ્તા પર પણ–ભરાયાં હતાં. વૃદ્ધ રાજહંસે (ગંધર્વે) પ્રયત્ન કરવા છતાં પણ એમનો કંઠ ગાવા માટે રાજી ન થયો! હાથ જોડ્યા. આંખમાં આંસુ ભરાયાં. અશક્ત અવાજે કહ્યુ 'દેવા! આજે અવાજ નથી ચાલતો.' એમની અદબ સાચવી, બિલકુલ અવાજ કર્યા વગર, નમસ્કાર કરી લોકો વિખરાઈને ઘેર જતા રહ્યા! આ એમને મળેલું સાચું માનપત્ર!

ગુજરાતના એમના સમકાલીન કલાકાર જયશંકર 'સુંદરી.' થોડાંક વર્ષ પર એ બંને મળ્યા. જૂનાં સંભારણાંમાં જયશંકરભાઈ કહે: 'હું તમારી પાસેથી એક મોટી વાત શીખ્યો. રંગભૂમિ પર સુંદરી તરીકે પંકાયો હતો, પણ ગાતી વખતે હાથ તો સંગીતકારની માફક અટપટા થતા! તે હાથને છેડા સાથે મૂકી 'સુંદરી'ના હાથ બનાવ્યા તમારું જોઈને!'

બાળગંધર્વ બોલ્યા: 'શી વાત કરો છો? મારું જોઇને તમે હાથ બનાવ્યા? અરે, તમારું જોઇને તો 'સુંદરી'નાં નમણાં પગલાં કેવાં પડે તે હું શીખ્યો!' કેવું મોટું મન! કેવી નિખાલસતા!

રસિકતા પણ એવી જ. દીનાનાથ મંગેશકર રંગભૂમિ પર આવ્યા. સુંદર રૂપ. કોઈ પણ રાગમાં સહજરીતે પલ્લેદાર અવાજમાં ગાવાની આવડત જોઈ બાળગંધર્વે કહ્યુ હતું: 'અરે, આવો છોકરો અહીં આવે? એને પગલે પગલે તો સોનામહોરો પાથરી એને વધાવી લેવો જોઇએ!'

કંઠની મીઠાશ માત્ર સંગીતના સાત સ્વરો જેટલી મર્યાદિત નહોતી. ગદ્યમાં પણ એ સૂર અને લય ગુંજતા—અને મનમાં પણ!

મૃણાલિની દેસાઈ

૩૨૬ ('કુમાર' અંક ૫૨૪)

અક્કલનાં મૂલ

ધનસુખલાલ મહેતા

મેં અનેક નોકરીઓ કરી. એ દરેકમાં હાથ નીચેનાં માણસોને પજવવાની કાંઈ ને કાંઈ વિશિષ્ટ રસમો હતી. હાલ તો કોણ જાણે, પણ તે વખતે તો (આશરે પચાસેક વર્ષ પહેલાં) સરકારી નોકરીમાં ઑફિસ સુપરિન્ટેન્ડેન્ટ સાસુજીનું સ્થાન ભોગવતા. ક્લાર્કોને પજવવાના, એમની માનહાનિ કરવાના તરેહ તરેહના નુસખા એ સાસુજી શોધી કાઢતાં. એમાં સૌથી સામાન્ય એક રીત એ હતી કે બપોરે ચારપાંચ વાગ્યા સુધી એ ખાસ કાંઈ કામ કાઢે જ નહિ. પાંચ પછી કામ ક્લાર્કોનાં ટેબલ પર આવવા માંડે અને તે દરેક કામ, બનતાં સુધી, પતાવીને પછી જ ઑફિસ છોડાય. પરિણામે, ઘણી સરકારી ઑફિસો રાતના આઠ–સાડા આઠ–નવ સુધી ચાલતી. હું રેલવેમાં ટેલિગ્રાફ ઈન્સ્પેક્ટર હતો ત્યારે ગોધરામાં મેં એક કિસ્સો સાંભળેલો.

ત્યાંની કસ્ટમ ઑફિસમાં આવો એક સુપરિન્ટેન્ડેન્ટ ક્લાર્કોને સાડાઆઠ–નવ સિવાય છોડતો નહિ. એક વાર એક વિચિત્ર ભેજાનો કસ્ટમ્સ કમિશનર ગોધરે આવ્યો અને રાતના જમી કરીને ગામમાં ફરવા નીકળ્યો. તેણે જોયું તો કસ્ટમ્સ ઑફિસમાં, નવ વાગવા છતાં, દીવા ઝગઝગ બળે. એ વખતે દીવામાં ઘાસલેટ વપરાતું. એ અમલદારને કુતૂહલ થયું કે આજે આટલે મોડે સુધી ઑફિસ કેમ ચાલે છે?

એ ઑફિસમાં ગયો. તે વખતે પેલાં સુપરિન્ટેન્ડેન્ટ સાસુજી કાંઈ કામસર બહાર ગએલાં. સાહેબે ક્લાર્કોને આટલા મોડા સુધી બેસવાનું કારણ પૂછતાં બધાએ એક જ વાત કહી કે સુપરિન્ટેન્ડેન્ટ પાંચ વાગ્યા પછી જ કામ આપવું શરૂ કરે છે, એટલે સાડાઆઠેક તો થાય જ.

એટલામાં સુપરિન્ટેન્ડેન્ટ આવ્યો. સાહેબે શેલ્ટ તપાસ કરી તો ક્લાર્કો કહેતા હતા તે સાચું જણાયું, કમિશનરે ત્યાં ને ત્યાં જ પેલા ભાઈને સખત ઠપકો આપ્યો અને છેલ્લા ત્રણ માસના ઘાસલેટનો ખર્ચ એના પગારમાંથી કાપી લેવામાં આવશે એમ જણાવ્યું!

બુદ્ધિ કોઈના બાપની છે? સાધારણ રીતે માન્યામાં પણ ન આવે એવા કિસ્સા વ્યવહારમાં બની ગયા છે.

એક ગૃહસ્થ; અનેક સંતાનોના પિતા; અને સ્થિતિ ઠીકઠીક. પણ નાગર-કાયસ્થ કોમના એ નબીરા, એટલે મિજાજ બાર ખાંડીનો. ગમે તેવો ઉપરી હોય તો પણ તેનો ખોટો ઠપકો સહન ન થાય. અન્યાય મૂગે મોંએ નભાવી ન લે. પરિણામે એમના જીવનમાં નોકરી વગરના ઘણા દિવસો આવતા. તે દરમિયાન કાંઈ કેટલાયનું દેવું પણ થઈ જતું. પણ વળી નોકરી મળી જાય અને ધીમેધીમે દેવું ભરપાઈ થઈ જાય.

એવા એક બેઠાબેઠના વખતમાં એક કણિયાને ત્યાંથી સારો જેવો માલ ઊપડતો હતો અને તેનું દેવું પણ વધતું જતું હતું. પહેલાં પહેલાં તો દુકાનદાર કાંઈ બોલ્યો નહિ, પણ પછી ઉઘરાણી કરવા માંડી અને રસ્તે જતાં પણ રોકટોક કરવા માંડી. સ્વતંત્ર મિજાજના આ ગૃહસ્થને લાગી તો બહુ આવ્યું, પણ કરવું શું?

એટલામાં એ ગૃહસ્થ એમના સાળાને ત્યાં મળવા ગયા. ત્યાં બહાર જ એક તિજોરી પડેલી જોઈ. આ ગૃહસ્થે સહજ એનું કારણ પૂછ્યું. તો જવાબ મળ્યો: 'અરે ભાઈ. તિજોરીનું તળિયું જ કટાઇને કાણું થઈ ગયું છે. હવે હમણાં ને હમણાં કોણ સમું કરાવવા પૈસા ખરચે?'

આ ગૃહસ્થના ભેજાએ કામ કરવા માંડ્યું અને ક્ષણમાં જ તેણે સાળાને કહ્યું: 'તમારે હમણાં આમ જ રાખવી હોય તો એ મારે ત્યાં લઈ જાઉં? તમારે જ્યારે સમરાવવી હોય ત્યારે લઈ જજો.'

સાળાને આમ કરવામાં કાંઈ બાધ લાગ્યો નહિ, ને પેલા ગૃહસ્થ એ તિજોરી ઉપડાવીને પોતાને ત્યાં લઈ આવ્યા. ત્યાં દીવાનખાનામાં સારે ઠેકાણે મૂકી. બહારથી લૂછીને સરસ બનાવી દીધી અને માથે લાલ કપડાનો નવો ઓઢો પણ ચડાવી દીધો.

પછી બીજે જ દિવસે સવારના પહોરમાં પોતે પેલા કણિયાને ત્યાં ગયા: 'શેઠજી, તમને સામા માણસની આબરૂનો ખયાલ કર્યા વિના, હાલતાં-ચાલતાં ઉઘરાણી કરવાની બૂરી આદત પડી ગઈ છે. આટલા દિવસ તો મેં ચલાવી લીધું કે હશે, એમને એવી ટેવ પડી છે! પણ હવે ચલાવી લેવાની ઇચ્છા નથી ને જરૂર નથી. તમે મારા વસમા સમામાં ધીરજ ન ધરી શક્યા. હવે સંજોગ બદલાયા છે એટલે તમારાં મહેણાંટોણાં મારે શીદ સાંભળવાં? મારે તમારું દેવું પતાવી દેવું છે જુઓ. કાલે સવારે બરાબર નવને ટકોરે તમારો જે હિસાબ હોય તે લઇને ઘેર આવજો હું બધું ભરપાઈ કરી દઈશ. પણ પછી એટલું ધ્યાનમાં રાખજો કે હવે ફરીથી તમારી દુકાનેથી એક પાઇનો પણ માલ લેવો મારે હરામ છે; કારણ કે તમને વખત નભાવી લેવાની ધીરજ નથી અને એક ક્ષણમાં સારા માણસની આબરૂના તમે કાંકરા કરી નાખો છો.'

બીજે દિવસે સવારે, બરાબર નવ વાગ્યે પેલો દુકાનદાર પોતાનો આંકડો લઈ પેલા ગૃહસ્થને ત્યાં ગયો. ગૃહસ્થ તિજોરીનું બારણું ઉઘાડી બેઠા હતા અને આસપાસ પાંચસાત લાલ ચામડાંના પૂઠાંના ચોપડા પડ્યા હતા! ગૃહસ્થ કાંઈક લખી રહ્યા હતા.

આ જોઇને પેલો દુકાનદાર તો ઠરી જ ગયો. તેમ આ ગૃહસ્થ પણ પેલાએ ઓરડામાં પગ મૂક્યો કે ધડાક કરતાક ને તિજોરીનું બારણું દઈ, ચોપડા બાજુએ મૂકી સ્વસ્થ બેસી ગયા. પછી ગૃહસ્થે એ દુકાનદારને રૂઆબભર્યા અવાજે કહ્યું: 'લાવો તમારો આંકડો. જાણે કેમ પચીસ-પચાસ હજાર રૂપિયા ચડી ન ગયા હોય, એમ જ્યારેત્યારે જોયા મૂક્યા વગર ઉઘરાણી કર્યા કરો છો! તે લાવો તમારો આંકડો, આજે પતાવી દઉં. પણ પછી મારું કહેલું બરાબર ધ્યાનમાં રાખજો, હોં કે શેઠ! કે પછી તમારે બારણે હું પગ નહિ મૂકું. અમે તો ફક્કડભાઈ. હોય ત્યારે અરધી રાતે પણ બધાના પૈસા ચૂકવી દઇએ. અને હા, નહિ હોય ત્યારે થોડો વખત દુકાનદારે નભાવી પણ લેવું જોઇએ. પણ એ આવડત અને ધીરજ તમારામાં નથી, એટલે તમારી સાથે સંબંધ રાખવો એમાં જોખમ છે. આજે હિસાબ પતાવી દઉં. પછી હું તમારે ઓટલે ચડીશ નહિ અને તમે મારે બારણે આવતા નહિ.'

વેપારી વિચારમાં પડી ગયો. મોટી તિજોરી, પાસે ચોપડા અને આવા ખાનદાન માણસને મેં પણ જો હેરાનગતિ કરી છે તે! ગૃહસ્થ રહ્યા, મોટા કુટુંબના ખરચા. એટલે કોઈ કોઈ દિવસ આવું બની પણ જાય; પણ તેથી આવા ખાનદાન ઘરાકને જતું કરાય? પાસે પૈસા આવ્યા કે કેવા જાતે આવીને મારે ત્યાંથી આંકડો માગી ગયા!

આમ વિચારીને દુકાનદારે નમ્રતાથી કહ્યું: 'મહેરબાન, તમે સાચું કહ્યું: મારે કાન પકડવા જેવું. મારી ભૂલ હતી. પણ થનાર થઈ ગયું. હવે આજે પતાવાનું નામ જ નહિ લેશો. ક્યાં તમે કે અમે આ ગામ છોડીને ભાગી જવાના હતા! બાકી તમારા જેવા ઘરાકથી તો અમારી શોભા વધે છે. માટે બેસો, મહેરબાન, વળી નિરાંતે લઈ જઈશ.'

દુકાનદાર ચાલ્યો ગયો. પછી બેત્રણ માસ ઉઘરાણી ન થઇ ને આ ગૃહસ્થ પેલા આંકડામાં વધારો કરતા ગયા. વળી થોડા વખત પછી થોડું એમાંથી પતાવ્યું પણ ખરું અને આમ જ એ ગૃહસ્થ આ ફાની દુનિયા છોડીને ચાલ્યા ગયા, ત્યાં સુધી પોતાનું રગશિયું રોડવતા રહ્યા!

પચ્ચીસ વર્ષ પહેલાં


ઑગસ્ટ ૧૯૪૨ અંક ૨૨૪

અંક ૨૨૪માંની ઘણી જ્ઞાનપ્રદ માહિતીઓ-માંની એક વાનગી : પાંદડાંની પ્રયોગશાળા.

અનેક વૃક્ષો જોયાં હશે; એની કવિતાઓ વાંચી હશે અને ચિત્રો જોયાં હશે; ઘણી વાર વૃક્ષો નીચે વિસામો યે લીધો હશે; છતાં બહુ થોડા જાણતા હશે કે જગતમાં જો વૃક્ષો ન હોત તો બીજા કોઈ પ્રકારનું જીવન સંભવી શકત કે કેમ એ પ્રશ્ન છે. પૃથ્વી પરનું દરેક પ્રાણી સીધી કે આડકતરીરીતે આ વૃક્ષો સૂર્યની જે શક્તિનો પોતાનામાં સંચય કરે છે તે શક્તિ પર જ પોતાનું અસ્તિત્વ ટકાવી રહ્યું છે. જો વૃક્ષો વિશ્વની યોજનામાં આટલો મોટો ભાગ ભજવતાં હોય તો તે કયે રસ્તે? નથી તેમને ગતિ કે નથી તેમને પ્રાણીઓને મળી છે તેવી કુદરતની મહત્ત્વની ભેટ -મગજ.

એ બળો છે નાનાં સાદાં પાંદડાં. એ પાંદડાં પર જ પ્રાણી માત્રનું જીવન અવલંબે છે. એ પાંદડાં વૃક્ષોની પ્રયોગશાળાઓ છે, એમનાં રસોઈગૃહો છે. તો પછી સમસ્ત પ્રાણીચેતનાનો ભાર આ નાનાં કુમળાં પાંદડાં શી રીતે વહન કરી શકે છે? એ માટે આપણે પાંદડાંના ગર્ભમાં ઊતરવું પડશે. વૈજ્ઞાનિક સૂક્ષ્મદર્શક યંત્રની મદદ વડે સીધા આપણને પાંદડાંના એ ખંડોમાં લઈ જાય છે જેમાં અતિસૂક્ષ્મ લીલાં કણો ઠાંસી ઠાંસી ભર્યા છે. આ કણોને અંગે જ આપણને પાંદડાં લીલાં લાગે છે, આ લીલાં કણો તે હરિદ્રંજિકા યા ક્લોરોફિલ. આ સૂક્ષ્મ કણો (જે કુદરતનાં અનેક સત્યોની માફક નરી આંખથી દૂર જ રહે છે) પાંચ વસ્તુનાં બનેલાં મનાય છે: કાર્બન, આર્દ્રવાયુ, પ્રાણવાયુ, નત્રવાયુ ને મૅગ્નેશિયમ. અને એ રંજિકાનું કાર્ય છે આકાશ, વાતાવરણ ને જમીનમાંથી વૃક્ષો માટે ખોરાક સર્જવાનું. પરંતુ સર્જનમાં હંમેશાં શક્તિ (energy) તો જોઈએ જ. એ શક્તિ તેને સૂર્યમાંથી સૂર્યપ્રકાશ દ્વારા મળે છે. તે વડે રંજિકા વૃક્ષો માટે મહદ્ ઉપયોગની વસ્તુઓ-ખાંડ અને મેદ (starch) ઉત્પન્ન કરે છે.

રંજિકા એક એવો પદાર્થ છે જે પ્રકાશ મળતાંની સાથે જ, તોપમાંથી વછૂટતા ગોળાની માફક ભાંગી જાય છે અને મકાનોનાં મકાન જમીનદોસ્ત કરી શકે તેટલી શક્તિ મુક્ત કરે છે. આ શક્તિની મદદ વડે કોષના કોઈ છાના



ખૂણામાં લપાએલ જીવનઅણુ હવાના અંગારવાયુ–carbon dioxideમાંથી કાર્બન અને પાણીમાંથી આર્દ્રવાયુ તથા પ્રાણવાયુ છૂટા પાડી તેમાંથી ખાંડ પેદા કરે છે, જેને દ્રાક્ષખાંડ (grape sugar) કહે છે. જ્યારે રાત્રિના ઓળા પૃથ્વી પર ઊતરે છે, સૂર્યદેવ પોતાની લીલા સંકેલે છે અને પ્રકાશના અભાવે સમીકરણની ક્રિયા અટકી પડે છે ત્યારે આ ખાંડને મેદમાં ફેરવી નાખવામાં આવે છે.

ખાંડને મેદમાં ફેરવી નાખવાનો ઉદ્દેશ એ છે કે ખાંડ દ્રાવ્ય છે જ્યારે મેદ પાણીમાં અદ્રાવ્ય છે. વૃક્ષની ભીતરમાં સારો યે દિવસ પાણીની આવજા થયા કરતી હોય છે. આમાં કોઈ પણ જગ્યાએ ખાંડ રહી શકે નહિ. તો પછી વધારાની ખાંડ નાખવી ક્યાં? એટલે મેદ તૈયાર થાય છે. જે મૂળમાં, ફળમાં, થડમાં કે પાંદડાંમાં પણ સંગ્રહી રખાય છે.

એ જ રીતે એને એક બીજું કામ કરવાનું છે: શ્વાસોચ્છ્વાસનું આ શ્વાસોચ્છ્વાસ આપણા શ્વાસોચ્છ્વાસ જેવો નથી. આમાં તો વૃક્ષોનાં મૂળ જે પાણીને જમીનમાંથી સતત ચૂસ્યા કરે છે તેને પાછું મુક્ત કરવાનું હોય છે. આટલા બધા પાણી માટે જગ્યા ન જ હોય.

આ માટે પાંદડાંની નીચલી, અને કોઈકોઈ વખત ઉપલી સપાટી પર અતિ સૂક્ષ્મ કાણાં હોય છે. તેને stomata કહે છે. એ દરેક છિદ્રની આસપાસ બે રક્ષકકોષ (guard cells) હોય છે. તેમનું કાર્ય પાંદડાંમાંથી વરાળ રૂપે ઊડી જતા પાણીના જથ્થાનું નિયમન કરવાનું છે. પણ આ તો પાંદડાંનું આડ-કર્તવ્ય જ માત્ર છે. જે વૃક્ષના જમીનની બહારના બીજા ભાગો પણ ચલાવી શકે છે - ફૂલો પણ. પરંતુ પાંદડાંનું જીવનકર્તવ્ય તો છે જીવન જે પર ટકી રહ્યું છે તે વસ્તુઓ બનાવવાનું.

મનુષ્યમાં કે પૃથ્વી પરના કોઈ પણ બીજા પ્રાણીમાં સાદાં તત્ત્વોમાંથી ખોરાક તૈયાર કરવાની શક્તિ નથી. અનેક પ્રયત્નો છતાં યે હજુ મનુષ્ય સંપૂર્ણપણે વૃક્ષો વગર ખોરાક ઉત્પન્ન કરવાનું કહેવાની હિંમત પણ કરી શક્યો નથી. હજુ યે તેને કુદરત અને વૃક્ષો પર સંપૂર્ણ આધાર રાખવો પડે છે. ક્ષણે ક્ષણે અને પળે પળે આ મહાન ક્રિયા આપણી નજર સામે આપણી આસપાસ સર્વત્ર ચાલી રહી છે, છતાં એટલી મુક્તતાથી, એટલી નીરવતાથી, કે અનેક વર્ષો સુધી આપણે એ સાંભળી શક્યા નહિ તેમ જોઈ શક્યા પણ નહિ.

અનુસંધાન] **બક્ષિશપત્ર** [પૃષ્ઠ ૩૦૫થી

એમનેનવું વિલ માન્ય નહોતું,કેમકે એમાં એમની સહી નહોતી. એટલે આ પહેલાં છેલ્લું રજિસ્ટર થએલું વિલ જ ખરું ગણવા એણે દાવો માંડેલો.

ઈન્સ્પેક્ટરે એ રજિસ્ટર થએલા વિલની વિગતની તપાસ કરી. એમાં 'સવિતાનિવાસ' શેઠની વિધવાને આપવા સિવાય બાકીની બધી વિગતો નવા વિલ જેવી જ હતી. છગનલાલનો દાવો સ્વાભાવિક હતો. ઈન્સ્પેક્ટરે હવે આ દાવાના પરિણામનું ધ્યાન રાખ્યું. છગનલાલ કેસ જીતી ગયો. પણ આ દરમિયાન ઈન્કમ ટૅક્સ ખાતાએ તપાસવા લીધેલાં કાગળિયાંમાંથી શેઠે કરવા ધારેલા નવા વિલનો શેઠે સ્વહસ્તે લખેલો ખરડો નીકળી આવ્યો. એમાં શેઠની સહી પણ હતી. શેઠના પુત્રોએ એના આધારે છગનલાલ સામે દાવો માંડ્યો.

બે વર્ષ વીતી ગયાં. વ્રજલાલ શેઠની મિલકતના દાવામાં ઈન્સ્પેક્ટરને ખાસ રસ નહોતો, પણ શેઠના મૃત્યુનો ભેદ અણઉકેલ્યો રહી ગયાનો વસવસો એને થતો હતો. સૂઝ્યા એટલા બધા પ્રયત્નો કરી એમણે તપાસ જારી રાખી હતી. અવારનવાર તેઓ ફરીફરીને વ્રજલાલ શેઠના કેસની ફાઇલો ઉથલાવતા રહેતા હતા.

બીજી બાજુ ખબર પડી કે શેઠના પુત્રો દાવો જીતી ગયા હતા ને એ સામે છગનલાલે અપીલ કરી હતી. પણ અચાનક શેઠાણીનું અવસાન થયું. દાવાનું હવે કોઇ કારણ રહ્યુ નહિ અને વ્રજલાલ શેઠની મિલકતના ઝગડાનો હવે અંત આવ્યો એમ ઈન્સ્પેક્ટરને લાગ્યું.

એક દિવસ અચાનક સુમને ઈન્સ્પેક્ટરની મુલાકાત લીધી.

'ઇન્સ્પેક્ટરસાહેબ, મારા પિતાનું છેલ્લું નવું વિલ રજિસ્ટર કરાવવા જવાનું હતું એ પ્રસંગ યાદ છે?'

'હા, હા; કેમ ?'

'એમાં બાકીનાં મકાનો અમારે બંને ભાઇઓએ વહેંચી લેવાનાં છે, એ બાકીનાં મકાનો કયાં તે આપે અમારા પિતાને પૂછ્યું હતું. તમે કહી શકશો કે એમણે બાકીની કઈ મિલકત ગણાવી હતી?'

'મોંએ તો યાદ નથી, પણ મેં મારી ડાયરીમાં એ નોંધી રાખ્યું છે.' એમણે એ નોંધ મંગાવી ને પછી એમાં જોઈ જણાવ્યું કે 'બાકીની મિલકતમાં જાંબલી મહોલ્લાવાળો 'સવિતાનિવાસ' તથા મલબાર હિલ પર 'નંદવન', 'સુમનનિવાસ' અને 'લક્ષ્મીકુંજ' છે.'

'બરાબર; તો ઈન્સ્પેક્ટરસાહેબ, તમે સાક્ષી આપવા આવશો ?' સુમન બોલ્યો ને જણાવ્યું : 'એ વિલ લખાયું તે પહેલાં 'લક્ષ્મીકુંજ'નું મકાન બક્ષિશપત્ર કરી શેઠે તે છગનલાલને તેની સેવાઓ બદલ ભેટ આપ્યું છે એમ એ કહે છે, અને અમને એનો કબજો સોંપતો નથી.'

'એની પાસે એ બક્ષિશપત્ર છે?'

'હા, છે તો ખરું; અને બાપુજીની સહી પણ એમાં છે. બનાવટી જેવું એમાં કંઈ દેખાતું નથી. છતાં છગનલાલનો ભરોસો પડતો નથી. હું એ બક્ષિશપત્રની ફોટોનકલ લાવ્યો છું. આપ જરા જુઓ.'

ઈન્સ્પેક્ટરે તે પર ઊડતી નજર નાખીને કહ્યુ : 'જુઓ, એમ એકદમ હું સાક્ષી આપવા આવું એ બરાબર નહિ ગણાય. હું બધું જરા વિચારી જોઉં. તમે મને પૂછ્યા વિના સમન્સ કઢાવશો નહિ. બીજું એક કામ કરો. આમાંની તમારા પિતાની સહીનું એક મોટું એન્લાર્જમેન્ટ કોર્ટ મારફત ખર્ચ ભરીને કરાવી લો. હું એ હસ્તાક્ષરના નિષ્ણાતને બતાવી જોઈશ. તમારા પિતાની ખરી સહી માટે તમારી પાસેના વિલનો અસલ ખરડો પણ મને આપજો.' તમારા પિતાના મૃત્યુનો ભેદ હજી ઉકેલાયો નથી એનો મને પણ રંજ રહે છે. અને પછી એકાએક પૂછ્યું : 'આ છગનલાલ વિષે શો ખયાલ છે? એણે તો ખૂન નહિ કર્યું હોય?'

'ના, ના.' સુમન બોલ્યો : 'અલબત્ત એ ઉસ્તાદ છે, પણ આટલી હિંમત કરે એમ તો લાગતું નથી. ખેર, હું આ ફોટોનકલ રાખી જાઉં છું આપ ફરી નિરાંતે જોઈ જશો; અને સાક્ષી આપવા આવશો તો ખરેખર ઉપકાર થશે.'

એ પછી ઇન્સ્પેક્ટરે નિરાંતે બક્ષિશપત્ર ફરી જોયું. નવા કાયદ પ્રમાણે મિલકતની કિંમતને અનુરૂપ મોટી કિંમતનો સ્ટૅમ્પ તેમાં લગાડેલો હતો. બક્ષિશપત્રમાં મિલકતની નિષ્ણાતે દર્શાવેલી કિંમત પણ લખેલી હતી. સ્ટૅમ્પની તારીખ વિલની તારીખ પહેલાંની હતી. હસ્તાક્ષર નિષ્ણાતે શેઠની સહી બરોબર સાચી ગણાવી હતી. આમ, બક્ષિશપત્ર બધી રીતે ખરું પડતું હતું. સુમન હવે નિરાશ થવા માંડ્યો. પણ, ઈન્સ્પેક્ટરે વિચાર્યું કે શેઠે મરતાં પહેલાં ચાર મકાન બાકી ગણાવ્યાં હતાં અને આ બક્ષિશપત્ર સાચું હોય તો બાકીની મિલકતમાં ત્રણ મકાનો જ રહે. શેઠ બક્ષિશની વાત જ ભૂલી જાય એ તો કેમ બને?

છેવટે ઇન્સ્પેક્ટર સુમનને લઈ વકીલ વનમાળીદાસ ગણાત્રાને મળ્યા. ગણાત્રા તેઓની સાથે કોર્ટમાં ગયા. ત્યાં બક્ષિશપત્રની અસલ નકલ જોવા માગી. ખૂબ જ બારીકાઈથી લાંબા વખત સુધી તપાસ્યા પછી બોલ્યા: 'ઇન્સ્પેક્ટર સાહેબ બક્ષિશપત્ર ખોટું સાબિત કરી શકાશે.'

સુમન તો આ સાંભળી ખુશ થઈ ગયો ને તુરત બોલ્યો : 'તો તો સાહેબ, હવે તમે જ અમારા વકીલ.'

'એમ ઉતાવળ ન કરો.' ગણાત્રાએ કહ્યુ : 'હું તમારા વકીલને સલાહ આપ્યા કરીશ, પણ કેસ તો એમને જ ચલાવવા દેજો.'

ને પછી ઇન્સ્પેક્ટરને કહે : 'જુઓ, આ સ્ટૅમ્પવેન્ડરની સહીનાં ને શેઠની સહીની શાહી. બંને સહી એકાદબે દિવસને ગાળે થઈ હશે, જ્યારે બક્ષિશપત્રનું લખાણ બહુ પાછળથી લખાયું લાગે છે. બંને શાહીના રંગ પરથી તેનો ખયાલ આવશે. કદાચ શેઠે આ કાગળો કોઈ બીજા કામ માટે ખરીદ્યા હશે. તેના છેલ્લા કાગળમાં સહી છે. છેલ્લો સ્ટૅમ્પ સાડાત્રણ રૂપિયાનો છે, એટલે કદાચ કોઈ કરાર માટે હશે. આ એક કારણે પણ આ બક્ષિશપત્ર ખોટું ઠરાવી શકાય.

સહી સાચી છે, પણ એ પૂરતું નથી. બીજું પણ કારણ છે. દસ્તાવેજના કાગળોમાં આપણે કંઈ લખ્યા પહેલાં ખાસ કરીને ગડ પાડીને વાળતા નથી, પણ ગોળ વીંટો કરીને રાખીએ છીએ. આ સ્ટૅમ્પમાં જે ગડ પડી છે તે જુઓ. લખાણ લખાયા પછી ગડ પડે તો લખાણને હરકત ન આવે; પણ લખાયા પહેલાં કાગળની ગડ પડી હોય તો તેના પર લખાણ આવતાં ત્યાં શાહી પ્રસરે છે. અહીં પણ ગડમાં શાહી પ્રસરી છે. આ ઉપરથી લાગે છે કે અગાઉ ઉપયોગ માટે લાવેલા આ કાગળો ઉપયોગ ન થતાં ગડ વાળીને રાખ્યા હશે ને પછી જરૂર પડતાં લખાણ કર્યું હશે. આમાં જુઓ, અહીં સ્ટૅમ્પવેન્ડરની સહી છે. શેઠની પોતાની સહી પણ છે; અને એ બંને સહી પર કાગળની ગડ આવે છે, છતાં સહીની શાહી પ્રસરી નથી. પણ ગડ પર આવતું બાકીનું લખાણ છે એમાં કાગળની ગડ પર શાહી પ્રસરી છે. અને ગડ પર આવતી સાક્ષીની સહીમાં પણ શાહી ફેલાઈ છે.

હજી આ બક્ષિશપત્રને ખોટું ઠરાવતું ત્રીજું પણ એક કારણ છે. શેઠે સહી કરી ત્યારે બક્ષિશપત્ર માટે મિલકતના જેટલા ટકાની કિંમતનો સ્ટૅમ્પ ચોડાતો હતો તે ટકાવારી હમણાં છએક માસથી વધી છે. અહીં સ્ટૅમ્પ એ નવી ટકાવારી મુજબની કિંમતનો છે. આ બક્ષિશપત્ર બનાવનાર કદાચ અતિ સાવચેતી માટે કોઈને કેટલાની કિંમતનો સ્ટૅમ્પ જોઇએ તે પૂછવા ગયો હશે, અને તેણે હાલની ટકાવારી બતાવી હશે. એટલે અજાણતાં તે ભૂલ પણ થઈ ચૂકી છે. અને છેલ્લું: બધા

સ્ટૅમ્પમાં એક જ વેન્ડરની સહી નથી. આ તારીખના જૂના સ્ટૅમ્પ વેચનાર મુંબાઈમાં ઘણા છે તેની પાસેથી તેણે સ્ટૅમ્પ ખરીદ્યો હશે. અથવા કદાચ ભાડાચિઠ્ઠીઓ માટે અત્યારનવાર સ્ટૅમ્પ જોઇએ એટલા સારુ આ છગનલાલ પોતે જ સ્ટૅમ્પ પેપર એકઠા કરી રાખતો હશે. તેથી જ બધા સ્ટૅમ્પ-પેપર એક જ વેન્ડરના નથી. બહુ મહેનત કરીને તેણે, જે તારીખના બધા સ્ટૅમ્પ સરખા નીકળ્યા તે તારીખમાં આ બક્ષિશપત્ર બનાવ્યું છે. ઉસ્તાદ માણસ લાગે છે! શેઠની સહીવાળા તેની પાસે કોરા સ્ટૅમ્પ-પેપર હજી યે કદાચ હશે. બક્ષિશપત્રના સ્ટૅમ્પની કિંમત હાલની ટકાવારી મુજબ છે એ એક જ મુદ્દો જોકે આ બક્ષિશ-પત્ર ખોટું ઠરાવવા માટે પૂરતો છે, જ્યારે આપણી પાસે તો બીજા પણ ઘણા મુદ્દા છે. હવે ચાલો, આપણે તમારા નિષ્ણાતને મળીને મારા મુદ્દાઓની ખાતરી કરી જોઇએ.' પછી ઉમેર્યું: 'અને ઈન્સ્પેક્ટર, તમે આમાં સહી કરનાર સાક્ષીઓ પર દબાણ લાવો તો કેમ?'

બક્ષિશપત્રમાં વકીલ સુરેન્દ્રે અને વલસાડવાળા અતિથિ રમણ-લાલે સાક્ષી તરીકે સહી કરી હતી. એકાએક ઈન્સ્પેક્ટરને થયું કે આ રમણલાલ બક્ષિશપત્રમાં સહી કરવા ક્યાંથી આવી ચડ્યો? એમણે એનું બયાન જોયું. તેણે લખાવેલું કે 'ચારેક માસ પહેલાં શેઠ અને છગન-લાલ વલસાડ આવ્યા હતા ત્યારે ઓળખાણ થઈ હતી. શેઠને કાપડનું જથ્થાબંધ કામકાજ, એટલે તેણે ઓળખાણ વધારી હતી. શેઠ મારફત તે માલ લેતો અને મુંબાઈમાં એમને ત્યાં જ ઊતરતો હતો.' એટલે કે ચાર માસ પહેલાં શેઠને રમણલાલ ઓળખતો નહોતો એમ ઠર્યું. તો પછી બક્ષિશપત્રમાં એણે ક્યારે સહી કરી?

ઈન્સ્પેક્ટર તે દિવસે જ વલસાડ ઊપડી ગયા અને આ મુદ્દા પર એને ખખડાવ્યો. રમણલાલ ટકી ન શક્યો. તેની પાસે શેઠ ઘણા પૈસા માગતા હતા. શેઠના મૃત્યુ પછી છગનલાલ એ માટે તેને ખૂબ જ દબાવતો. અને એ દાબમાં જ એણે સહી કરી હતી. ઈન્સ્પેક્ટરે એનું બયાન લખાવી લીધું. બીજો સાક્ષી સુરેન્દ્ર તો વકીલ હતો. સલામતી શોધી એણે તો તુરત કબૂલ કર્યું. છગનલાલે જ શેઠના કુટુંબમાં તેનું લગ્ન કરાવેલું અને એક બંગલો પણ અપાવેલો, તેથી તે તેનો ઉપકૃત હતો.

છગનલાલે નવા વિલમાં શેઠ પાસે પોતા માટે એક માળો માગ્યો હતો, પણ શેઠે ના પાડેલી. તેથી એ છંછેડાયો હતો. છતાં એને હતું કે રજિસ્ટર થએલા વિલ મુજબ તેની બેન સવિતાને જે માળો મળશે, તે બેનને સમજાવીને પોતે પડાવી શકશે. પણ શેઠે તો વળી નવું વિલ કરવા ધાર્યું. તેણે શેઠને એમ ન કરવા આગ્રહપૂર્વક સમજાવવાના પ્રયત્નો પણ કર્યા. અને શેઠ ન સમજે તો છગનલાલ એ માટે કદાચ વધુ આગળ પણ વધે એમ સુરેન્દ્રને લાગતું હતું અને એથી શેઠને ચેત-વવા માટે સુરેન્દ્ર પાસે એણે છાપાંની કાપલીઓ ચોડી પત્રો લખાવ્યા હતા. શેઠના એકાએક મૃત્યુથી સુરેન્દ્રને છગનલાલ પર શંકા જાગી, પણ મૃત્યુ અંગે ડૉક્ટરોએ અભિપ્રાય આપી દીધા પછી પોતે છગન-લાલથી દબાએલો હોઈ જાહેરમાં તો એની વિરુદ્ધ કશું કરી શકે તેમ નહોતો એટલે અંતે ઇન્સ્પેક્ટરને ફોન કરીને પોસ્ટમોર્ટમ કરાવવા સૂચવ્યું પણ ખૂન ન ઉકેલાયું; દરમિયાન છગનલાલે આ બક્ષિશપત્રમાં સહી કરવા એને ફરજ પાડી.

કેસ ચાલ્યો. છગનલાલ ઉપર છેતરપીંડીનો આરોપ પુરવાર થયો, પણ ખૂનનો આરોપ સાબિત થયો નહિ. સુરેન્દ્રે સનદ ગુમાવી. છગન-લાલે બુદ્ધિપૂર્વક કાગળો બનાવ્યા, પણ ગુનો કદી છૂપો રહેતો નથી.

ટિકિટસંગ્રહ

કૅનૅડા આ વર્ષે પોતાના રાષ્ટ્રની શતાબ્દી ઊજવી રહ્યું છે. આ નિમિત્તે ત્યાંના ટપાલ ખાતાએ ૧૪ ખાસ ટિકિટો બહાર પાડી છે. જેના પર ત્યાંના પ્રાંતોની સંજ્ઞાઓ તથા તેનાં પ્રતિનિધિ પુષ્પોનાં આલેખન છે. એમાંની બાર ટિકિટો અહીં આપી છે. જેમાં અનુક્રમે ન્યૂ ફાઉન્ડ લૅન્ડ, પ્રિન્સ એડવર્ડ આઇ-લૅન્ડ, નૉવાસ્કૉશિયા, ન્યૂ બ્રન્સવિક, ક્વિબેક, ઑન્ટારીઓ, મૅનિટોબા, સાસ્કા-ટ્ચેવાન, આલ્બર્ટા, બ્રિટિશ કોલંબિયા, યુકૉન અને નૉર્થ-વેસ્ટ ટેરીટરીઝનાં સંજ્ઞાત્મક આલેખનોવાળી અને બહુ-રંગી હોઈ સુંદર છે. (પ્રેષક: અશ્વિન ભાવસાર-વાનકુવર)



સિમ્પ્લીસિસિમુસ

એકોતેર વર્ષની કટાક્ષ-કારકિર્દીનો અંત

કટાક્ષ-પત્રોની સામાન્ય પ્રવૃત્તિ કેવળ રાજકીય વ્યક્તિઓ ને પ્રસંગો ઉપર જ વ્યંગ કરવાની મનાય છે. પરંતુ તેનું સાચું ક્ષેત્ર અને કર્તવ્ય વસ્તુતઃ જનસામાન્યનું સામાજિક જીવન છે. રાજકીય કરતાં વિશેષ તો સમાજની વિચિત્રતાઓ, દૂષણો અને બાધાઇઓ ઉપર લેખો, કાવ્યો અને ચિત્રો દ્વારા તીખા ચાબખા મારીને હાંસી ઉડાવતા એવા ઇંગ્લંડના વિખ્યાત વ્યંગપત્ર 'પંચ'ની જ કોટિનાં બે પ્રખ્યાત જર્મન પત્રોનાં નામ જાણીતાં છેઃ બર્લિનનું 'ક્લૅડ-રૅડૅશ' અને મ્યૂનિખનું 'સિમ્પ્લીસિસિમુસ'. આ જૂન માસમાં મ્યૂનિખના એ વિખ્યાત ઉપહાસ-પત્રની એકોતેર વર્ષની લાંબી મજલ બાદ અંત આવતાં જગતભરના નર્મ અને વ્યંગ કળાના ચાહકોને ઊંડો રંજ થયો.

'સિમ્પલ'ના ટૂંકા નામે લગભગ ત્રણ પેઢીની જીભ પર રમી રહેલા, જર્મનીના મધ્યમ વર્ગના માનીતા એ પત્રનો આરંભ હાઈનલૅન્ડના એક તરુણે ૨૯ વર્ષની વયે મ્યૂનિખ આવીને ત્યાંના કટાક્ષચિત્રકાર ટૉમસ થીઓડોર હાઇનના સહયોગથી ઈ. ૧૮૯૬માં કર્યો. અવનવી યોજનાઓ ને અદમ્ય ઉત્સાહથી ભરેલા એ તરુણ લૅન્ગને દક્ષિણ જર્મનીના કલાકેન્દ્ર સમા એ શહેરમાં પોતાની આસપાસ સમાન આદર્શોવાળા ઉત્સુક જવાનોનું જૂથ જમા કર્યું. ભીષણ ટીકાઓના સૂચક તીણા દાંતવાળા બુલડૉગના પ્રતીકવાળા આ પત્રનાં પાનાંઓ પર રાજાશાહીની ઉડાઉગીરી, ઉમરાવોની ઉદ્ધતાઈ અને નીંભર સમાજનાં દૂષણો ઉપર તીખો તીરમારો થતો. ઘરઆંગણાની બાબતો ચર્ચવા સાથે તે દુનિયાના બનાવો પ્રત્યે પણ એ બેધ્યાન નહોતું. ચીનની બૉક્સર-ક્રાંતિથી માંડી નાઝીઓની નહોરતા સુધી એની વેધક દૃષ્ટિનો વ્યાપ રહેલો, અને વિશેષ તો એ કે કેવળ કટાક્ષચિત્રોનું રમૂજી ચોપાનિયું ન બની રહેતાં તે એ સમયના અગ્રગણ્ય સાહિત્યકારોની કૃતિઓ પણ રજૂ કરતું. ૪૮૦૦ નકલથી આરંભાઈ લગભગ લાખને ફેલાવે પહોંચનાર આ પત્ર રાજકીય કારણે બબ્બે વાર બંધ પડયા પછી ઈ. ૧૯૫૪માં ફરી શરૂ થયા બાદ, આજની નવી પેઢીમાં સ્થાન જમાવી ન શકવાને કારણે બંધ થવા સાથે વ્યંગપત્રોના ઇતિહાસમાં એક પ્રશસ્ય પ્રકરણનો અંત આવ્યો છે.


એક પ્રજાની હસવાની ખાસિયતોનો બીજી પ્રજાને પરિચય કરાવીને એ બંનેને એકબીજાની વધુ નજીક લાવવાના આશયથી આ 'સિમ્પ્લીસિસિમુસ'માં પ્રકટ થએલાં કટાક્ષ-ચિત્રોનો, અને એના દ્વારા એ સામયિકનાં પાનાં પર ખેડાએલી વિવિધ કલમોનો પરિચય આપતું એક પ્રદર્શન 'ઇન્ડો કલ્ચરલ સોસાએટી'ના ઉપક્રમે મુંબાઈમાં ગઈ ૩૧મી જુલાઇએ યોજાયું હતું. એના ઉદ્ઘાટનમાં મુંબાઈના જાણીતા કટાક્ષ-ચિત્રકારો, 'ટાઇમ્સ ઑવ ઇંડિયા'-ના મારિયો મિરાન્ડા તથા 'કુમાર'ના પરિચિત જયંતી પટેલે આગળપડતો ભાગ લીધેલો. કટાક્ષચિત્રોમાં રંગલાનું પાત્ર સર્જનાર તથા એને રેડિયો અને રંગમંચ પર પણ જીવંત કરનાર જયંતી પટેલ અમેરિકાથી પાછા ફરતાં જર્મન સરકારની સ્કૉલરશિપથી એક માસ જર્મનીમાં રહેલા, ત્યારે એ પત્રની કચેરીની મુલાકાત લીધેલી. પ્રદર્શન-પ્રસંગે એમણે એ સામયિક પર આપેલું વક્તવ્ય અહીં રજૂ કર્યું છે. —સંપાદક



લેખક
જયંતી પટેલ
સિમ્પ્લીસિસિમુસના પુરોગામી
વિખ્યાત જર્મન વ્યંગ-કલાકાર
સ્પિટ્ઝવેગના વેશમાં

'**ક**ટાક્ષ એક એવો આયનો છે કે જેમાં જોનાર આખી દુનિયાને જોતો છતાં પોતાની જાતને જોઈ શકતો નથી.' 'ગુલિવર્સ ટ્રાવેલ્સ'ના સર્જક વિખ્યાત અંગ્રેજ લેખક જૉનાથન સ્વિફ્ટ (ઈ. ૧૬૬૭-૧૭૪૫)ના આ વાક્યની વ્યંજના આજ ૧૯૬૭માં પણ એવી ને એવી જ છે; કેમ કે ભલે માણસો બદલાય પણ માણસનો સ્વભાવ બદલાતો નથી. ઘણા બધા માણસો પરત્વે આપણે હસીએ છીએ ત્યારે એ મશ્કરીથી તેઓ ચીડાય છે, પણ તેઓ સમજતા નથી હોતા, કે મજાક એ પણ જીવનનો એક સ્વાભાવિક વ્યવહાર છે. મશ્કરીના વ્યવહારની એક ખૂબી એ મનાય છે કે એને સમય અને વ્યક્તિનાં બંધન સ્પર્શતાં નથી. ખરું પૂછો તો એ બંને બંધન એને નડે તો છે, પણ એની વચ્ચેથી એ પોતાનો રસ્તો કાઢી લે છે. પણ આમ છતાં, વ્યક્તિની માફક મશ્કરીનું આયુષ્ય પણ મર્યાદિત હોય છે. ઘણી વખત એ વહેલું મરણશરણ થાય છે, તો ઘણી વાર લાંબું જીવીને મરે છે. હમણાં ઈ. ૧૯૬૭ના જૂનમાં સિમ્પ્લીસિસિમુસનું એકોતેર વર્ષની વયે અવસાન થયું ત્યારે એ પર લખાએલી અંજલિઓમાં જે જાતજાતની ચર્ચાઓ થઈ તે કોઈ પણ મૃત્યુ પછી થતી ગુણદોષની ચર્ચા જેટલી જ રસિક હતી.

હજી ગયા માર્ચમાં હું જ્યારે મ્યૂનિખમાં એની ઑફિસમાં ગયો ત્યારે મને સ્વપ્ને ય ખયાલ ન હતો કે આવી તંદુરસ્ત વ્યક્તિનું હૃદય આમ એકાએક બંધ પડી જશે. આમ લખું છું તેથી તમે કદાચ સિમ્પ્લીસિસિમુસને કોઈ વ્યક્તિ સમજી લેવાની ગેરસમજ કરતા હશો, પણ



'સિમ્પ્લ'ના બંધ પડવા અંગેની 'જર્મન ન્યુઝ વીકલી'ની નોંધ સાથેનું આલેખન, જેમાં તેના નામાક્ષરો તથા બુલડૉગ સાથે કેટલાંક દ્યોતક વ્યંગાલેખનો મૂકીને એ સામયિકનું વ્યક્તિત્વ દર્શાવી દીધું છે.

એ તો સામયિક હતું—જર્મનીનું જગજાણીતું હાસ્ય કટાક્ષપત્ર. પણ કોઈ પણ જીવંત વ્યક્તિ કરતાં એનાં ઓજસ અને પ્રતિભા વધારે હતાં.

એ હસાવવાનું પત્ર હતું માટે એમાં બધા હાસ્યલેખકો જ લખતા હશે એવી ચીલાચાલુ માન્યતાના ખાડામાં તમે ન પડી જાઓ, એટલા સારુ હું તમને એમાં લખતા કેટલાક નામાંકિત સાહિત્યસર્જકોનાં નામ જણાવું. લુડવિગ ટૉમસ, ફ્રૅંક વેડકિંડ, ટૉમસ માન, રાઇનર મારિયા રિલ્કે અને ઍન્ટન ચેખૉવ જેવાની કલમની પ્રસાદી એમાં અવારનવાર પ્રકટ થતી રહેતી.

જૂની હવેલી જેવી એની ઑફિસના દાદરા ચડીને તમે એના ખંડમાં દાખલ થાઓ ત્યારે એની ચોમેરની ભીંતો એના ઓંકાતેરે વર્ષના અંકોનાં પૂઠાંથી છવાઈ ગએલી જોઇને આનંદથી આભા બની જાઓ. એ જોઈ લઇને તમે એક જૂની ખૂબીદાર ઘંટડી વગાડો એટલે સેક્રેટરી તમને એના તંત્રીના ઓરડામાં લઈ જાય. મારી મુલાકાત તો જર્મન સરકારે જ ગોઠવેલી, એટલે પછી તંત્રીના ટેબલ ઉપર જ અમારી ગોળમેજી બેઠી. પણ ત્યાં તમને એમ લાગે કે રખેને અહીં કોઈ આપણી હાંસી કરે!

મેં એમના તંત્રી તરફ જોયું તો એમની પાછળ જ ભીંત પર એ જ સામયિકના પ્રતીક 'બુલડૉગ'નું ચિત્ર જોયું. સ્વાભાવિક જ મારાથી પુછાઈ ગયું કે તમારા પ્રતીક તરીકે તમે આ બુલડૉગ જ કેમ પસંદ કરેલો? એમણે કહ્યું કે આ બુલડૉગના પ્રતીકમાં તમે જોશો કે એના ગળે સાંકળ છે, પણ એ અરધી તૂટેલી છે, અને બાકીનો તૂટેલો ભાગ એના પગ નીચે દબાએલો છે બુલડૉગને એના માલિકે સાંકળથી બાંધ્યો હોવા છતાં, ચોરને દેખતાં જ એ (સાંકળ તોડાવીને) જેમ એની પાછળ પડી ગમે ત્યાંથી એને પકડી પાડે છે, તેમ આ પત્ર પણ જાહુકાણાની પાછળ પડી તેને પકડી પાડવામાં ને ખુલ્લું પાડવામાં સજગ રહે છે.

એ પછી મને સિમ્પ્લીસિસિમુસ'ના કેટલાક વિશિષ્ટ કાર્ટૂનિસ્ટોની પ્રસાદીનો પરિચય કરાવવામાં આવ્યો, જેમાં આલ્ફ્રેક કયુમિન, કાથે કૉલવિટ્ઝ, એડ્યુઅર્ડ થૅાની, કાર્લ આર્નોલ્ડ, એરિક શિલિંગ અને ઈ. ૧૯૦૨થી ૧૯૫૮માં પોતાના અવસાન સુધી પોતાની કૃતિઓથી એ પત્રને પરિપ્લાવિત કરી દેનાર ઑલાફ ગુલબ્રાન્સનની કૃતિઓ જોઈ—માણી. અને અહીં આવ્યા પછી એ ગુલબ્રાન્સનની ફિલ્મ પણ જોઈ. એ બધું જોયા પછી એક વાતની ખાતરી થઈ કે વ્યંગચિત્રની કલા એ લોકશાહીની જ કલા છે. લોકશાહીમાં જ એ જીવી અને પાંગરી શકે. એકહથ્થુ સત્તા હાસ્યને સહન કરી શકતી નથી. કાં તો એણે હાસ્યને મારી નાખવું જોઇએ, અથવા તો એણે પોતે મરણશરણ થવું જોઇએ. એક મ્યાનમાં બે તલવાર શક્ય નથી જ.

'સિમ્પ્લીસિસિમુસ' શરૂ થયું તે પહેલાંના જર્મનીના વ્યંગચિત્રકારોમાં રોમાન્ટિક શૈલીના કમલબાજ સ્પિટ્ઝવેગનું નામ ખૂબ જાણીતું છે. એ સમાજની ખાસિયતોને ઓળખનાર અને ફટકારનાર હૉગાર્થ કે શૅાડોવેઈકીની હરોળનો કલાકાર હતો.

માણસ શો વિચાર કરતો હતો એ, જે વખતમાં તે જીવતો હોય તે વખતના સમાજનો અભ્યાસ કર્યા વિના કહેવું ઘણું જ મુશ્કેલ છે. એ આપણી સામે એટલા માટે હસતો હતો કે એ જે જોતો હતો તે આપણે જોઈ શકતા ન હતા. વિવેચકોએ એને વિષે જે કહ્યું હતું એ ખરેખર આદર્શ વ્યંગચિત્રકાર વિષે હમેશાં સત્ય છે:

'That pric•less mood of the romantist who loves to philosophise the happy quality of being at peace with and oblivious of yourself.'

એ સ્પિટ્ઝવેગની પરંપરામાં જ 'સિમ્પ્લીસિસિમુસ દાખલ થયું; અને એમ કહેવાતું થયું કે 'જર્મનીએ સ્પિટ્ઝવેગથી એટલી બધી આગેકૂચ કરી છે કે એ હવે સિમ્પ્લીસિસિમુસ સુધી પહોંચી ગયું છે.

'સિમ્પ્લ'ના ખ્યાતનામ કટાક્ષ ચિત્રકારોમાંના ચાર. (ડાબી બાજુથી) ઑલાફ ગુલબ્રાન્સન, એડુઆર્ડ થૅાની, પ્રો. વિલ્હેમ શુલ્ઝ ને એ પત્રના સહસ્થાપક ટૉમસ થીઓડોર હાઈન. છેલ્લે તેના આદ્યસ્થાપક આલ્બર્ટ લૅન્ગનનું ઠઠ્ઠા ચિત્ર.







અને કાળની ખૂબી તો જુઓ ! આજે એ જ સામયિકને જૂનવાણી અને વૃદ્ધ ગણાઇને બંધ પડવાની વેળા આવી ! જર્મનીમાં મેં જોયું કે અત્યારે ચાલતા સામયિક 'Pardon'-પાર્દાંના મુકાબલે જુવાનોને એ ઘણું ખખડી ગએલું લાગતું હતું. બાકી પાર્દાં એકોતેર વર્ષ જીવશે કે નહિ એ અત્યારે કહી શકાય નહિ; પણ એમ તો કોઈ પણ જુવાન માણસ વિષે કહી શકાય નહિ કે એ કેટલું જીવશે.


એકોતેર વર્ષ પહેલાં 'સિમ્પ્લીસિસિમુસ'નો પહેલો અંક બહાર પડયો ત્યારે એની ૪૮૦૦ નકલ છપાઈ હતી. અને પછી ૮૫,૦૦૦થી વધુ પર એ પહોંચેલું. દસ ફેનિંગ, એટલે કે આપણા લગભગ ૧૯ પૈસામાં એ વેચાતું. એના વાચકોમાં સરકારી અમલદારો, વિદ્યાર્થીઓ, વેપારીઓ અને વિવિધ સામાજિક થરની વ્યક્તિઓ હતી. પોતાની કારકિર્દીમાં બે વખત આ સામયિકને પાછા પડવું પડયું હતું. એક તો પહેલા વિશ્વયુદ્ધ પછી, અને બીજું ૧૯૩૩માં જ્યારે હિટલર સત્તા પર આવ્યો ત્યારે. હિટલર સત્તા ઉપર નહિ આવી શકે એવી આગાહી કરી એણે એની ઠેકડી ઉડાવેલી. પરંતુ એ માન્યતા ખોટી પડી, એટલું જ નહિ પણ સત્તા ઉપર આવ્યા પછી હિટલરે આ સામયિક પાસે અંગૂઠા પકડાવ્યા: એના ઘણા કર્મચારીઓને છૂટા થવું પડયું અને બીજા ઘણાને હિટલરે પોતાના વાદમાં નાથી લીધા. પોતાના જે વૈશિષ્ટયથી 'સિમ્પલ' ઓળખાતું એ વિશિષ્ટતાઓ સાથે એ ૧૯૪૪ની પાનખરમાં બંધ પડયું. માથાના અને ટોપીના આકાર એના એ જ રહ્યા છતાં જેમ ગાંધીયુગની ખાદીની ટોપીનું તેજ આઝાદી પછી જોવા ન મળ્યું તેમ આ સામયિકનું પણ થયું. અમેરિકાએ આચેન ઉપર કબજો મેળવ્યો એ દિવસથી દસ વર્ષ સુધી આ પત્ર બંધ જ રહ્યું, અને દસ વર્ષ બાદ એ જ નામ અને પરંપરા સાથે ફરી બહાર પડયું ત્યારે એમાં અસલની મઝા કે જોસ્સો, એ ગમ્મત, એ ડંખ એમાં આવ્યાં નહિ.

પત્રકારત્વમાં કટાક્ષ પણ રાજકીય ને સામાજિક ક્રાન્તિ લાવનાર પ્રબળ સાધન ગણાય છે. 'સિમ્પ્લીસિસિમુસે' એ ક્રાંતિ ૧૮૯૬માં શરૂ કરી. પરંપરાને ફગાવી દઈને એ વખતના નવુવાનિયાઓએ એ ક્રાંતિનાં પગરણ માંડ્યા હતાં. કબીરના શબ્દોને મરડીને કહીએ તો—

'કર પગાર કી બંદગી, (ટેબલ) તુમાર સે સર દે.'

એમ ભજતી તુમારશાહીને એણે ઠેકાણે લાવી દીધી હતી. (આપણે ત્યાં એવું સામયિક ક્યારે થશે ?) જાડાં મૂલ્યાંકનો, નઘરોળ તુમારશાહી અને 'મુખ મેં રામ બગલ મેં છૂરી'ના સંપ્રદાયો ઉપર એણે પ્રચંડ પ્રહારો કર્યા હતા. ૧૯૧૪માં એના તંત્રીએ રાજકીય સુકાન બદલીને પ્રુશિયા પર હલ્લો કરવાને બદલે તેનો બચાવ કર્યો. આ ભૂલથી એને ઘણું શોષવું પડયું. ૧૯૧૮ના યુદ્ધાંતે એને પોતાની ભૂલ સમજાઈ હતી અને એ જામતું આવતું હતું, ત્યાં એની સામે નવી આફત આવી. હિટલરના 'નૅશનલ સોશિયાલિઝમ' ઉપર એણે કલમબાજો અને પીંછીબાજોના હુમલા શરૂ કરવાના પરિણામે નાઝીઓ સત્તા પર આવતાં જ એના પર તવાઈ આવી. નાઝી પાર્ટીના સભ્યો એને જપ્ત કરીને એના અસલ નામ તળે જ એનું પોતાને ફાવતું સંપાદન કરવા લાગ્યા. જૂના સભ્યો, લેખકો અને ચિત્રકારોને જર્મની છોડી જવું પડયું. એમણે જોકે પ્રાગમાંથી એને ચાલુ રાખવાની મથામણ કરેલી, અને બે અંકો બહાર પણ પાડ્યા હતા; પણ પછી તો એ છેક ૧૯૫૪માં ફરી શરૂ થઈ શક્યું, અને તે પણ ૧૯૬૭માં બંધ પડવા માટે.

વ્યંગ પત્રનો હેતુ 'હંબગ'ને હસી નાખવાનો છે. પણ સિમ્પ્લીસિસિમુસના બુલડૉગે તો 'હંબગ'ને કરડી ખાવાનો આદર્શ સેવેલો. ખરું પૂછો તો તંદુરસ્ત લોકશાહી માટે 'હંબગ'એ કટાક્ષપત્રોનો ખોરાક છે. એ ખોરાક પૂરેપૂરો ન મળે તો લોકશાહી મરી જાય ! લોકશાહીને જીવંત રાખતા એવા આ પત્રનું અવસાન ખરેખર ખેદજનક છે.





'સિમ્પલ'નાં બે વધુ વ્યંગચિત્રો. ઉપર: ચીનમાંના પગપેસારાને નિષ્ફળ બનાવતી ચીનની ચાલાકી – આલેખક: હાઈન. નીચે: શિલિંગનો હિટલર પરનો કટાક્ષ. જેમાં હિટલરના નાટકી બરાડાને સરકસના વિદુષકના ચાળા સમ હસનીય દર્શાવ્યા છે.

સાહિત્યસંપર્ક

શબ્દકથા : 'સૂતક'

કુટુંબમાં જન્મ કે મરણને કારણે લાગતી ધાર્મિક આભડછેટ કે અશુદ્ધિ 'સૂતક' કહેવાય છે. કેટલીક વાર સંદિગ્ધતા રહે તેમ હોય ત્યાં જન્મને કારણે લાગતી અશુદ્ધિને 'વરધ સૂતક' કે 'વૃદ્ધિસૂતક' કહીને ચોખવટ કરાય છે. એ 'સૂતક' શબ્દ મૂળમાં તો જન્મ સાથે સંકળાએલી આભડછેટનો વાચક છે. 'સૂત' એટલે 'પ્રસવ થયો', 'જન્મ આપ્યો'—તેને લગતી અશુદ્ધિ તે 'સૂતક'. તે પ્રમાણે 'મૃત' એટલે 'મરણ પામ્યું'—તેને લગતી અશુદ્ધિ તે 'મૃતક'. પણ પછીથી 'સૂતક' બંને પ્રકારની અશુદ્ધિ માટે પ્રચલિત થયો.

સંસ્કૃતમાં આવી ધાર્મિક આભડછેટને 'અશૌચ' કે 'આશૌચ' કહી છે. શૌચનો અભાવ. શુચિતાનો અભાવ તે 'અશૌચ'; અથવા તો અશુચિનો ભાવ તે 'આશૌચ'. મનુસ્મૃતિ કહે છે કે 'દશાહં શાવમાશૌચમ્' : (બ્રાહ્મણને) 'મરણનું આશૌચ દસ દિવસ લાગે'. 'જન્માશૌચ' એટલે 'જન્મનું સૂતક'; 'મૃતાશૌચ' એટલે 'મરણનું સૂતક'. પછીથી અર્થવિસ્તાર થતાં 'સૂતક' વ્યાપકપણે વપરાવા લાગ્યો.

—હરિવલ્લભ ભાયાણી

'ઈસુને પગલે'

'જ્યારેજ્યારે માણસ કોઈ પણ વસ્તુની અતિશય ઝંખના કરે છે ત્યારેત્યારે તે અસ્વસ્થ બની જાય છે: જેણે પોતાના મનને પૂરેપૂરું માર્યું નથી તે સહેલાઈથી લાલચોનો ભોગ બને છે, અને નાની-નજીવી કામનાઓને વશ થઈ જાય છે. હૃદયની સાચી શાંતિ કામનાઓને કાબૂમાં રાખવાથી જ મળે, તેમને વશ થવાથી કદી ન મળે. બાહ્ય વસ્તુઓમાં રચ્યાપચ્યા રહેનાર વિષયીમાણસના અંતરમાં સાચી શાંતિ નથી હોતી. આત્મરત, આત્મતૃપ્ત માણસને જ હોય છે.'

આ ઉપદેશ જે પુસ્તકમાંથી લીધેલો છે તે ખ્રિસ્તી આલમમાં સૈકાઓ સુધી બાઈબલ પછીનું આગવું સ્થાન ધરાવનાર ધર્મગ્રંથ છે. તેનું મૂળ લૅટિન નામ 'ડે ઇમિટાસિયોને ક્રિસ્ટી' (ઈસુ ખ્રિસ્તના અનુકરણ વિષે); સમય પંદરમી સદી; અને લેખક... લેખક વિષે તો એ જ અનામી પુસ્તકમાં આપેલી શિખામણ લેવી સારી: 'લેખકની મોટાઈ કે તેના જ્ઞાનની વિશાળતાથી અંજાઇ ન જાઓ, પણ નર્યા સત્ય માટેના પ્રેમથી તેનું પુસ્તક વાંચો. પુસ્તક કોણે લખ્યું તેની ચિંતામાં ન પડો, તેમાં શું કહ્યું છે તે તરફ ધ્યાન આપો' (પૃ. ૧૩). એ ડાહી શિખામણ અવગણીને એ પુસ્તક કોણે લખ્યું તેની ચિંતામાં ને પાર વિનાની ચર્ચાઓમાં પંડિતો પડયા અને પોતાના વ્યાસજીની શોધમાં નીકળ્યા. લેખક જર્માનિક ભાષાવાળો હોવો જોઇએ, એ લૅટિન ભાષામાં એણે વાપરેલા ખોટા રૂઢિપ્રયોગો ઉપરથી તરત ફલિત થઈ ગયું. પછી પંડિતોએ સ્થળ ને કાળનો અંદાજ કાઢ્યો, સંભવિત લેખકોનાં નામ તપાસ્યાં, અને પુસ્તકમાં જુદીજુદી કલમોની અસર વર્તાઈ હોવા છતાં જૂની લોકવાયકાથી એની સાથે સંકળાએલ સાધક, ચિંતક ને તપસ્વી 'થોમાસ આ કેમ્પીસ'ને તેના લેખક તરીકે સ્વીકારી લીધા.

આ પુસ્તક ખ્રિસ્તી ભક્તિમાર્ગનું માર્ગદર્શન કરાવે છે. સંસારના ત્યાગ અને ભક્તિનો મહિમા તે ગાય છે. આધ્યાત્મિક સાધનાનો પ્રત્યક્ષ અનુભવ, માનવહૃદયનું ઊંડુ જ્ઞાન, વ્યવહારુ દૃષ્ટિ અને ભેદક સૂત્રાત્મક શૈલી આ પુસ્તકને દુનિયાના ધર્મસાહિત્યમાં મોખરાનું સ્થાન અપાવે છે. એના વાચનથી—અને ખરું તો એના નિત્ય મનનથી અખૂટ પ્રેરણા, નિર્મળ દૃષ્ટિ ને અંતરની પરમ શાંતિ મળે છે. એક દાખલો ટાંકીએ તો, ખ્રિસ્તી કર્મયોગી ઈગ્નેશસ લૅયોલા એ પુસ્તકમાંથી રોજ એક પ્રકરણ ક્રમ અનુસાર વાંચતા, અને રોજ એક વખત પુસ્તક હાથમાં લઈને જ્યાંથી એ આપોઆપ ખૂલે ત્યાં ઈશ્વરનો સંકેત માનીને એ પાનાનું મનન કરતા.

એમાં ભક્તિમાર્ગની હિમાયત અને મધ્યયુગની અસર હોવાથી જ્ઞાનમાર્ગની એમાં અવગણના કરવામાં આવી છે એ દોષ ખરો. 'જ્ઞાનપ્રાપ્તિની વધુપડતી ઝંખનાને રોકો. એ ચિંતાજનક અને ભ્રામક છે.' (પૃ. ૫) બુદ્ધિનો આ અવિશ્વાસ અને જ્ઞાન માટેનું નિષેધાત્મક વલણ પુસ્તકનાં શરૂનાં પ્રકરણોમાં વિશેષ વર્તાય છે, પણ આગળ જતાં તે શુદ્ધ ભક્તિનાં શિખરો પર ચડી જાય છે ત્યારે એક-એક વિચાર ને એક-એક સુવાક્ય મુક્ત મનથી ને ભક્ત-હૃદયથી માણી શકાય છે.

આ પુસ્તકની અસંખ્ય આવૃત્તિઓ ને ભાષાંતરો થતાં આવ્યાં છે. ભારતમાં ખ્રિસ્તી ભક્તોના ઉપયોગ માટે પ્રાદેશિક ભાષાઓમાં કેટલાક અનુવાદો તો થયા હતા, પણ તે સામાન્ય વાચકવર્ગની આગળ મૂકવા લાયક ન હતા. ઈ. ૧૯૨૨ની સાલમાં અસહકારના આંદોલન દરમિયાન બનારસ જિલ્લા-જેલમાં પુરાએલા કેટલાક આઝાદી કાર્યકરો એક અભ્યાસ-મંડળ ને પ્રાર્થના-સભા રોજ ચલાવવા લાગ્યા, અને એમાં આચાર્ય કૃપલાનીજીએ આ જ પુસ્તક વિષે એક આખી વ્યાખ્યાન શ્રેણી આપી. શ્રોતાઓમાં હિન્દી લેખક શ્રી રામનાથ 'સુમન' હતા. તેમનું દિલ એ વ્યાખ્યાનો સ્પર્શી ગયાં એટલે એમણે પોતે જ એ પુસ્તકનો સુંદર મુક્ત હિન્દી અનુવાદ તૈયાર કર્યો ને પ્રગટ પણ કર્યો (जीवनसूत्र साधना-सदन, इलाहाबाद १). એવું એક ભાષાંતર બંગાળીમાં આચાર્ય શ્રી લક્ષ્મીપ્રસાદ ચૌધરીએ કરેલું. હવે એવું સદ્ભાગ્ય ગુજરાતી ભાષાને પણ શ્રી નટવરલાલ પ્રભુલાલ બુચ દ્વારા પ્રાપ્ત થયું છે. 'ઇસુને પગલે' (પ્રકાશક : જે. મોરે, જી સી. ટી. એસ. (G. C. T. S.) બુક સ્ટોર્સ, આણંદ, પૃ. ૩૩૬, રૂ ૩) એ એમણે કરેલું આ પુસ્તકનું ગુજરાતી ભાષાંતર છે. ગુજરાતી વાચકો હવે એમાંથી ભક્તિરસનું પાન કરી શકશે.

થોડોક રંજ મનમાં રહે છે: સામાન્ય વાચકવર્ગ માટે આ અનુવાદ તૈયાર થયો હોવાથી ખ્રિસ્તી ધર્મના પારિભાષિક શબ્દો ને ખયાલો સમજાવવા હજી વધારે પ્રયત્ન થવો જોઇતો હતો. પુસ્તકના પહેલા જ પાના પર 'તમે દિવ્યત્રયીને નારાજ કરતા હો તો પછી એ ત્રયી વિષે વિદ્વત્તાભર્યો ઉપદેશ આપો તે શા કામનું?' એ વાંચીને હિન્દુ વાચક શું સમજી શકશે? પણ આવા રહી ગએલા થોડા દોષો ભાષાના વહેણ ને વિચારો તથા ભાવોની અભિવ્યક્તિને આડે આવતા નથી.

દિલની આશા છે કે આ પુસ્તકનું પહેલું સુવાક્ય ઘણા ભક્તજનોને માટે સાર્થક થશે: 'જે મારે પગલે ચાલશે તે કદી અંધારે અટવાશે નહિ.'

—ફાધર વાલેસ

ગુજરાતનો કેળવણીનો ઇતિહાસ

સ્વ. મણિશંકર રત્નજી ભટ્ટ—'કાન્ત'-નો ગુજરાતીમાં 'શિક્ષણનો ઇતિહાસ' નામનો અમૂલ્ય-અને આજસુધી અનન્ય રહેલો તેમ જ હવે તદ્દન અપ્રાપ્ય બનેલો-ગ્રંથ લખાયા પછી એ દિશામાં થએલા પ્રયત્નોમાં ઐતિહાસિક દૃષ્ટિએ આ વધુ સર્વગ્રાહી અને અદ્યતન સમય સુધીની માહિતી આપતું પુસ્તક હોવાથી એનું મહત્ત્વ ઘણું છે. લેખકની કેળવણી વિષયક ઊંડી સૂઝ, વિસ્તૃત ફલક માટે

માહિતી ભેગી કરવાની ધીરજ અને ખંત, તેમ જ એમની નૂતન સંશોધક દૃષ્ટિનાં દર્શન આ પુસ્તકમાં થાય છે. છેક પ્રાચીન કાળથી માંડીને આજ સુધીના શિક્ષણપ્રવાહો, શિક્ષણરીતિઓ, આંદોલનો, શિક્ષણ-પ્રસારના પ્રયાસો, નવીન ઉન્મેષો વગેરેની છણાવટ સાથે પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણના ક્રમશઃ ઉદ્ભવ અને વિકાસની માહિતીપૂર્ણ વિગતો, તેમજ રાજકીય, સામાજિક અને સાંસ્કૃતિક પ્રવાહો અને ઊથલપાથલોની કેળવણી પરની અસરોના નિરૂપણ ઉપરાંત કેળવણીની સંસ્થાઓ, સ્ત્રીઅધ્યાપન, ફરજિયાત કેળવણી, શિક્ષકોની તાલીમ, શારીરિક શિક્ષણ, પુસ્તકાલયપ્રવૃત્તિ વગેરેની અધ્યયનપૂર્ણ માહિતી પણ આપી છે, અને આમ, લેખકે કેળવણી વિષયક વિસ્તૃત સમાલોચના પણ, ઇતિહાસની સાથે સાથે, કરી છે, જેમાં એમની કેળવણીકાર તરીકેની પીઢ તેમજ નૂતન દૃષ્ટિનાં દર્શન થાય છે. સમગ્ર ગુજરાતની પ્રાચીનથી અદ્યતન કાળ સુધીની કેળવણી પ્રસારની હકીકતોને આંકડા સાથે આલેખી છે, જેમાં એમનો અથાગ પરિશ્રમ દેખાય છે. આઠ વર્ષ જેટલો લાંબો સમય એમણે આ પુસ્તક તૈયાર કરવા પાછળ જે ખર્ચ્યો છે તે કામયાબ નીવડ્યો છે. આ પૂર્વે પણ એમ.એડ. માટે લેખકે 'ગુજરાતમાં કેળવણી: ૧૮૫૪-૧૯૫૪' નામનો મહાનિબંધ તૈયાર કરેલો છે, જેના પરથી કેળવણી માટેની એમની સતત સાધનાનો ખયાલ આવે છે. લે૦ શિવપ્રસાદ રાજગોર, પ્રકાશક: અનડા પ્રકાશન, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧; પાકું પૂઠું, પૃ. ૨૯૦, રૂ. ૭.

અન્ય પ્રકાશનો

સંસ્મરણો : ગાંધીજીના ઉદાત્ત જીવન અને વ્યક્તિત્વને વ્યક્ત કરતી ઘટનાઓનાં સંસ્મરણોનો એમના પુત્ર રામદાસભાઈએ કરેલો સંગ્રહ; કાચું પૂઠું, પૃ. ૩૨૨, રૂ. ૩.

સ્ત્રીઓ અને સ્ત્રીજીવનની સમસ્યાઓ : જીવનનાં લગભગ તમામ ક્ષેત્રોમાં પોતાના મૌલિક વિચારો આચારપૂત રીતે રજૂ કરતા ગાંધીજીના, સ્ત્રીઓની અનેકવિધ સમસ્યાઓ પરત્વે રજૂ થએલા અભિપ્રાયોનો લલ્લુભાઈ મકનજીએ કરેલો સંગ્રહ; કાચું પૂઠું, પૃ. ૧૪૦, રૂ. ૩-૨૫. બંનેના પ્રકાશક: નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ.

ગુજરાતી લોકસાહિત્યમાળા–મણકો ૬): ગુજરાતના મહેસાણા, વઢિયાર, ચુવાળ, નળકાંઠા અને સૌરાષ્ટ્રના પ્રદેશોના તળપદા લોકજીવનનો પડઘો પાડતાં લોકગીતોનો, વિવિધ લેખકોની સંશોધન સહાયથી કરેલો સંગ્રહ. સંપાદકો : મંજુલાલ ર. મજમુદાર, બચુભાઈ રાવત, મનુભાઈ જોધાણી; પાકું પૂઠું, પૃ. ૩૦૪, રૂ. ૩-૦૦.

લોકગુર્જરી-અંક ૪ : ગુજરાતનાં શિલ્પ, કાષ્ઠશિલ્પ, પાળિયા, ચારણી સાહિત્ય, દુહા, ચબૂતરા વગેરે વિષેના વિદ્વત્તાપૂર્ણ અભ્યાસલેખો સમાવતો 'લોકગુર્જરી'નો ચોથો વાર્ષિક અંક. સંપાદકો ઉપર પ્રમાણે; કાચું પૂઠું, પૃ. ૯૧, રૂ. ૧-૬૫. બંનેના પ્રકાશક : ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિ, રાજ્ય શિક્ષણભવન, પ્રે. રા. ટ્રેનિંગ કૉલેજ, અમદાવાદ.

શ્રીમદ્ રાજચંદ્ર-જીવનસાધના : જેમને ગુરુ બનાવવાની ઇચ્છા ગાંધીજીને જાગેલી ને જેમનો ખૂબ ઊંડો પ્રભાવ એમના જીવન પર પડેલો એ સાધક શ્રી રાજચંદ્રની આધ્યાત્મિક જીવનસાધનાનો પરિચયઆપતું પ્રેરણાદાયક પુસ્તક. લે. : મુકુલભાઈ કલાર્થી, પ્રકાશક : ત્રિકમલાલ મહાસુખરામ શાહ, પ્રમુખ, શ્રીમદ્ રાજચંદ્ર જન્મશતાબ્દી મંડળ, જૈન સોસાએટી, એલિસબ્રિજ, અમદાવાદ-૬; પાકું પૂઠું, પૃ. ૨૫૦, રૂ. ૧.-૨૫.

પ્રેમ ઔર મૃત્યુ : શ્રી અરવિંદની બે બંગાળી વાર્તાઓ અને ત્રણ અંગ્રેજી કાવ્યોનો હિંદીમાં સારાનુવાદ આપતો સચિત્ર સંગ્રહ. અનુ૦ અનુબેન પુરાણી, ચિત્રકાર: કૃષ્ણલાલ ભટ્ટ; પ્ર. અરવિંદ આશ્રમ, પોંડિચેરી; કાચું પૂંઠું, પૃ. ૭૨, રૂ. ૨-૨૫.

મારાં જીવનસંસ્મરણો: મૂગા સાત્વિક, ને ધર્મપરાયણ વ્યક્તિત્વવાળા લોકહિતચિંતક ને ગાંધીજીના એક અગ્રણી અંતેવાસી, જગજીવનદાસ મહેતાના સંસ્કારસમૃદ્ધ જીવનનો ચિતાર આપતું, નવી પેઢીને માર્ગદર્શક બની રહે એવું પ્રેરક આત્મકથન. પ્રકાશક : જગજીવનદાસ મહેતા ટ્રસ્ટ, મુંબાઈ; પ્રાપ્તિસ્થાન : ત્રિપાઠી, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઈ-૨; પાકું પૂઠું, પૃ. ૨૮૩, રૂ. ૩-૦૦.


મારી માન્યતા

સાહિત્ય તથા જીવનના ઉપાસકોના ઉત્તરો : ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર : ચંપકલાલ મહેતા



શ્રી કનુ દેસાઈ

ચિત્રકાર અને સીને ફિલ્મ-કલાનિર્દેશક. જન્મ: ૧૨ માર્ચ ૧૯૦૭; શિક્ષણ : અમદાવાદ; કલાશિક્ષણ અમદાવાદ અને શાન્તિનિકેતન; સર્જન: 'કુમાર'થી શરૂઆત કરીને આજ સુધીમાં ૧૨ થી ૧૫ હજાર ચિત્રો; ૩૦ કલાસંપુટોનું પ્રકાશન; ૪૫ ફિલ્મોમાં કલાનિર્દેશન.



૧ તમને સૌથી વધુ ક્યા ચિત્રકારે આકર્ષ્યા ને પ્રેર્યા?

❙ પ્રથમ શ્રી રવિશંકર રાવળે, પછી શ્રી નંદલાલ વસુએ અને ત્યાર પછી પૂર્વ અને પશ્ચિમના પ્રાચીન ચિત્રકારોએ.

૨ સીને-સૃષ્ટિનો શોખ તમને ક્યારથી લાગ્યો?

❙ નિશાળમાં ભણતો ત્યારથી ચિત્રપટો જોવામાંથી. એમ કલાને લગતી બધી જ વસ્તુ આકર્ષણ કરતી: કુદરતનાં દૃશ્યો, વેશભૂષા, ગૃહરચના, ચિત્રો, મૂર્તિઓ, તેનાં પોસ્ટરો અને તેની અવનવી અક્ષરરચના સુધ્ધાં. કથાનું વસ્તુ, તેની પાછળનો વિચાર અને દિગ્દર્શકની કલ્પનાનું ઉડ્ડયન મન પર ચોટ કરતાં. ચિત્રકળા કરતાં યે એ વિશાળ ક્ષેત્રના જ્ઞાનનાં બીજ ત્યારે નંખાયાં.

૩ આ યુગની ગુજરાતની ચિત્રકળાનો દેહ ક્યારથી ઘડાયો ગણાય?

❙ પથ્થર પર કોતરેલી હકીક્ત છે કે શ્રી રવિશંકર રાવળથી. એમણે જાતે કલાસિદ્ધિ મેળવી, ગુજરાતની કલાને જગત-કિરણો બતાવ્યાં, કલાનો પ્રાણ સરજાવ્યો ને સમજાવ્યો. એમની જ સિદ્ધિ અને પ્રેરણાથી ગુજરાતના આજના અને આવતી કાલના કલાકારોને કલાક્ષેત્રો સાંપડયાં છે.

૪ તમને ખાસ કયા રંગ ગમે અને તે શાથી?

❙ સામાન્ય રીતે બધા, પણ ખાસ આસમાની ને પીળો. આસમાનીમાં મને ગૌરવ ને ધીરજ લાગે છે; એ સૌમ્યતા ને વિશાળતા દાખવે છે. પીળો રંગ તાજગી ને ચેતનાનો નિદર્શક લાગે છે.

૫ કુશળ કલાકારથવામાટેકઈશક્તિઓઅનિવાર્યછે?

❙ પ્રથમ પ્રભુદત્ત બક્ષિશ અને પછી સતત અને સખત પરિશ્રમ. સાથોસાથ વચન અને વિચારનું ભાથું. અને છેલ્લે એ બધાંને ચાલુ રાખનાર તમન્ના.

અનુસંધાન] ડૉ. જીવરાજ મહેતા [પૃ. ૩૦૪થી

પણ પૂરતી તક આપવાની એમની તૈયારી અને સૌની મુશ્કેલી ને અગવડનો વિચાર કરીને કરવામાં આવતી સુયોગ્ય કાર્યવહેંચણી રહેલાં હતાં. કર્મચારીઓની વખતોવખત મળતી સભાઓમાં ડીનથી માંડીને માળી સુધીના સૌ કોઈને પોતાનો અભિપ્રાય નિઃસંકોચપણે વ્યક્ત કરવાની છૂટ જ નહિ પણ ઉત્તેજન અપાતું અને તેથી સૌ કર્મચારીઓ તેને પોતાની જ સંસ્થા ગણીને કામ કરતા. વિદ્યાર્થીઓને શિસ્તપાલન માત્ર શિખામણથી નહિ, પરંતુ ડીન તરીકે પોતે જ કૉલેજ અને હૉસ્પિટલના બધા નિયમોનું અક્ષરશઃ પાલન કરીને પ્રત્યક્ષ પાઠ આપીને તે કરાવતા. તેની સાથે જ તમામ વિદ્યાર્થીઓના અંગત જીવનમાં રસ લઇને તેમના વાલી તરીકેની ફરજ પણ બજાવતા.

આ સમય દરમિયાન તેઓ 'ઇન્ડિયન મેડિકલ એસોસીએશન'ના પ્રમુખ બન્યા; ને વર્ષો સુધી 'બૉમ્બે મેડિકલ કાઉન્સિલ'ના સભ્યપદે રહ્યા. એ ઉપરાંત 'યુનિવર્સિટી કૉલેજ ઑવ ફિઝિશિયન્સ ઍન્ડ સર્જન્સ', 'નર્સિંગ કાઉન્સિલ' આદિની પ્રવૃત્તિઓમાં પણ આગળપડતો ભાગ લીધો. વળી ગાંધીજીના કાયમના નિકટવર્તી હોવાથી તેમના આરોગ્યની કાળજી રાખવા ઉપરાંત તેઓ દેશની મુક્તિની લડતથી પણ અસ્પૃષ્ટ ન રહી શક્યા. અસહકારની લડત વેળાએ તેઓ ૧૯૩૨માં બિજાપુરની જેલમાં બે વર્ષની સજા ભોગવી આવ્યા; અને ફરી ૧૯૪૨માં યરવડા ને નાશિકની જેલોમાં રહ્યા, જેમાંથી પોણા બે વર્ષ બાદ માંદગીના લીધે એમને વહેલી મુક્તિ આપવામાં આવી.

સ્વાતંત્ર્ય-લડતના વચગાળાના કાળે ઈ. સ. ૧૯૩૭માં કૉંગ્રેસે પ્રધાનપદાં સ્વીકારતાં મુંબાઈમાં સ્વ. બાળાસાહેબ ખેરનું પ્રધાનમંડળ સત્તા પર આવ્યું ત્યારે ડૉ. જીવરાજે મેડિકલ કૉલેજના શિક્ષકોની આગેવાની લઇને વિદ્યાર્થીઓને ગોખણપટ્ટીમાંથી મુક્ત કરવા માતૃભાષામાં શિક્ષણ આપવાની જોગવાઈ કરવાની જોરદાર ભલામણ કરેલી. કમનસીબે ૧૯૩૭ની એ પ્રજાકીય સરકાર ટકી નહિ, પણ ડૉક્ટરના આ આંદોલનમાં રહેલી વિદ્યાર્થીઓ પ્રત્યેની લાગણી અને શિક્ષણશાસ્ત્રીની સૂઝની સૌને પ્રતીતિ થઈ.

એ પછી મુંબાઈની ગોરધનદાસ મેડિકલ કૉલેજમાંથી નિવૃત્ત થઇને એમણે અનેકવિધ પ્રવૃત્તિઓ આરંભી. પોતાને ભાગે આવેલું કામ એ જીવન સાથે જ જડાએલું છે અને તેથી તે સર્વાંગ સુંદર થવું જોઈએ એ લાક્ષણિક દઢાગ્રહ ડૉ. જીવરાજમાં નાનપણથી જ રહેલો છે; એટલે કૉલેજ અને હૉસ્પિટલ છોડ્યા પછીની એમની સર્વ પ્રવૃત્તિઓમાં પણ તેનું દર્શન થયા વિના રહ્યું નહિ. તેનું એક નોંધપાત્ર ઉદાહરણ છે અલ્લાહાબાદમાં સ્વ. કમળા નેહરુના સ્મારક અર્થે શરૂ થએલી હૉસ્પિટલની યોજના, વિકાસ અને ચાલુ દેખભાળ પાછળ એમણે બજાવેલી કામગીરી. બીજી અનેક પ્રવૃત્તિઓમાં ગળાડૂબ હોય ત્યારે પણ તેઓ આ હૉસ્પિટલ અંગેની કામગીરીને પ્રથમ સ્થાન આપતા. એમાં સદ્ગત કમળા નેહરુ પ્રત્યેની એમની ભાવના અને નેહરુ કુટુંબ સાથેના મીઠા પરિચયની પ્રતીતિ મળે છે.

ઈ. ૧૯૪૪થી કમાણી અધર્સેની સંસ્થામાં બે-અઢી વર્ષ પોતાની સેવા આપ્યા બાદ ૧૯૪૬માં તેઓ (કૉંગ્રેસના ઉમેદવાર તરીકે) મુંબાઈ ધારાસભાના સભ્ય બન્યા, પણ થોડા જ વખતમાં મધ્યસ્થ સરકારનું નિમંત્રણ આવતાં, કોઈ પણ રાજકીય આકાંક્ષાઓ સેવ્યા વિના, કેવળ ફરજનો સાદ ઝીલી લઇને તેઓ એ સરકારના આરોગ્ય ખાતાના સચિવ અને પબ્લિક હેલ્થ સર્વિસિઝના ડાયરેક્ટર તરીકે ત્યાં ગયા. ત્યાં તો દેશના ભાગલાને લીધે આવેલા નિરાશ્રિતોની છાવણીની વ્યવસ્થાનું કપરું કામ એમને માથે આવી પડ્યું. ગંદકી, અવ્યવસ્થા ને બદીઓથી ખદબદી રહેલી એ છાવણીઓનું કાર્ય ખુદ ગાંધીજીને પણ અત્યંત ચિંતાજનક લાગતું. તેમાં ડૉ. જીવરાજની વહીવટી કુશળતા ફરી કસોટીએ ચડી અને સફળતાથી તેમાં પાર ઊતરી. પોતાના કર્મચારીઓની સહાયથી એ કાર્ય સુંદરરીતે બજાવીને ત્યાં સ્વચ્છતા, વ્યવસ્થા અને આરોગ્ય એમણે આણ્યાં. આ કાર્ય માંડ થાળે પડ્યું અને જરા વાંસો વાળવાનો વખત આવ્યો ત્યાં તો ફરજનો બીજો હુકમ આવ્યો. સરદાર વલ્લભભાઈએ બીજું અત્યંત મહત્ત્વનું અને ગભીર કાર્ય એમને માથે નાખ્યું.

દેશ સ્વતંત્ર થયો હતો, પણ દેશી રજવાડાંની સ્થિતિ હજી 'જૈસે થે' જ હતી. વડોદરા જેવા પ્રગતિશીલ દેશી રાજ્યમાં મહારાજા સયાજીરાવ ગાયકવાડે પ્રજાહિતકારી સુધારા ઘણા કર્યા હતા, છતાં એમના સમયમાં પણ હજી પ્રજાને જવાબદાર રાજ્યતંત્ર અસ્તિત્વમાં આવ્યું નહોતું; અને તેમના અનુગામી મહારાજા પ્રતાપસિંહના સમયમાં તો પરિસ્થિતિ વધારે બગડતી જતી હતી. દેશ સ્વતંત્ર થયો હોવા છતાં રાજા પોતાની નિરંકુશ સત્તા ઉપર કોઈ પણ જાતની મર્યાદા મૂકવા તૈયાર ન હતા. પ્રજાના આગેવાનો સાથે વાટાઘાટોના દેખાવો ચાલ્યા કરતા પણ કશું થાળે પડતું ન હતું, તેથી સરદાર ઘણા નારાજ હતા; અને વાટાઘાટોમાં જ જો આવી સ્થિતિ હોય તો ખરેખરી સત્તા સંભાળવાનો વખત આવે ત્યારે કેવી વિકટ પરિસ્થિતિ આવી પડે તેનો અંદાજ સરદાર સાહેબને આવી ગયો હતો. આથી વડોદરા માટે તેઓ યોગ્ય નેતાની શોધમાં હતા. ત્યાં કોઈએ એમને યાદ આપ્યું કે ડૉ. જીવરાજ મહેતા વડોદરા રાજ્યના પ્રજાજન છે અને અમરેલીમાં એમનું સ્વતંત્ર મકાન છે. આ હકીકત નિર્ણય લેવા માટે પૂરતી હતી. એમણે તરત નિર્ણય લીધો કે મહારાજાએ ડૉ. જીવરાજને દીવાનપદે નીમી એમની અધ્યક્ષતા નીચે જવાબદાર રાજ્યતંત્ર ગોઠવવું. થોડી મહેનત પછી મહારાજા સમજ્યા અને ઈ. ૧૯૪૮ના જૂનની ત્રીજીએ જીવરાજભાઇએ વડોદરા રાજ્યના દીવાન તરીકે વડોદરામાં પગ મૂક્યો.

અહીં આવીને એમણે જોયું કે પ્રધાનમંડળની રચના માટે આપેલું વચન પાળવાની મહારાજાની તૈયારી નથી. છેવટે ડૉ. જીવરાજે એમના જીવનનું કદાચ સૌથી વધારે હિંમતભર્યું પગલું ભર્યું. ૧૯૪૮ના ઑગસ્ટની ૯મીએ ભરાએલી ધારાસભાના સભ્યો આગળ એમણે મહારાજાનાં અનેક કૃત્યો વર્ણવ્યાં, રાજ્યની તિજોરી અને રાજ્યના ઝવેરાત તથા રાજ્યની કેટલીક મિલકતો સંબંધે થએલી ગેરરીતિઓના દાખલા જાહેર કર્યા. અને એ બધું તાત્કાલિક વ્યવસ્થિત કરવા મહારાજા આગળ જોરદાર માગણી મૂકી. એ ભાષણ ઐતિહાસિક હતું. રાજાનો જ નીમેલો દીવાન રાજા પાસે રાજ્યની મિલકતનો પાછો વતી હિસાબ માગે એ વડોદરાના ઇતિહાસમાં પહેલો જ બનાવ હતો. આ બનાવને લીધે રાજાના ટેકેદારો ડૉ. જીવરાજના જાનને હાનિ પહોંચાડે એવો સાર્વત્રિક ભય પણ સેવાતો હતો. છતાં જે સ્વસ્થતા અને શાંતિથી પોતાનાં રોજબરોજનાં કાર્યો એઓ કરતા રહ્યા તેથી એમના નિકટના સાથીઓ પણ આશ્ચર્યચકિત થઈ ગયા હતા.

આ અમલના ટૂંકા ગાળામાં રાજ્યવહીવટમાં જે તેજી અને નવું જોમ આવ્યાં તેની પાછળ ડૉ. જીવરાજનો અવિરત શ્રમ રહેલો હતો. રાતના છેક મોડા સૂઈ સવારે વહેલા ઊઠતા જીવરાજભાઈ પોતાના સાથી પ્રધાનોને પણ ઘણી વાર મુલાકાતનો સમય રાત્રે બાર પછીનો આપતા! હાથ પરના એકેએક કામની ઝીણામાં ઝીણી વિગતથી પણ તે વાકેફ થઈ જતા અને પોતાની સ્મરણશક્તિ અસાધારણ હોવા છતાં

ચર્ચાના, અને એના પરિણામે વિચારીને નિર્ણય કરવાના મુદ્દા તેઓ જાતે જ નોંધી રાખતા. એથી એમની સાથે થએલી વાતચીત અંગે કોઇએ એમને ભાગ્યે જ કશું યાદ કરાવવું પડતું. અનેકવિધ કાર્યો માટે અનેક પ્રકારના લોકો એમને મળવા આવતા, છતાં એ કદી મિજાજ ગુમાવતા નહિ; અને કોઈની માગણી અવાસ્તવિક હોય તો તેની એને પ્રતીતિ કરાવી દેતા, પણ કદી કોઇને ખોટી આશા આપતા નહિ.

પોતાના એ અમલ દરમિયાન ડૉક્ટરે વડોદરા રાજ્ય માટે કેન્દ્ર સરકાર પાસેથી ૫૦૦૦ ટન અનાજ મેળવ્યું, ૨૫૦૦૦ નિરાશ્રિતોને રોજી, રોટી ને વસવાટ અપાવ્યાં અને 'મુજરા'ની પ્રથા બંધ કરાવી. પણ આ ગાળાનું એમનું ચિરસ્મરણીય કાર્ય તો હતું વડોદરામાં યુનિવર્સિટીની સ્થાપનાનું. સ્વ. સર સયાજીરાવ ગાયકવાડનું પણ એ સ્વપ્ન હતું અને એમણે તે માટે બે વાર સમિતિએ પણ નીમી હતી, જે બંને વખત ત્યાં શિક્ષણ આપનારી યુનિવર્સિટી સ્થાપવાની સલાહ મળી હતી; પણ આર્થિક કારણોસર કોઈની હિંમત ચાલતી ન હતી. જીવરાજભાઈએ એ હિંમત કરી અને આજે તો હિંદભરમાં પ્રગતિશીલ વિદ્યાસંસ્થા તરીકે એ યુનિવર્સિટીની નામના છે. જીવરાજભાઈ આ પગલું માત્ર ભરીને બેસી ન રહ્યા, પણ એની સિન્ડિકેટ અને સેનેટની બેઠકોમાં નિયમિત હાજરી આપીને એનાં વહીવટી કાર્યોમાં જાતે ઊંડો રસ લીધો તેમ જ એની અનેકવિધ વિદ્યાશાખાઓ વિસ્તારી એને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ અપાવવા અવિરત શ્રમ કર્યો. એ યુનિવર્સિટીનાં વાઈસ ચાન્સેલર તરીકે એમનાં પત્ની હંસાબહેને રાતદિવસ અવિરત શ્રમ ખેડી જે સેવાઓ આપી છે તે તો સર્વવિદિત છે.

એ હંસાબહેનની જાહેર કારકિર્દીનો પણ ઉલ્લેખ અહીં જરૂરી છે. ત્રીસીની અસહકારની લડતમાં તરુણ અને યુવાન કાર્યકરોની નેતાગીરીથી શરૂ કરીને વિદ્યા અને સંસ્કારનાં વિવિધ ક્ષેત્રોમાં તેઓ અગ્રણી નારીરત્ન તરીકે પ્રકાશતાં રહ્યાં છે. સ્વાતંત્ર્ય બાદ રચાએલી બંધારણ સભા વખતની તેમજ યુનેસ્કો જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓનાં સભ્ય તરીકેની એમની કારકિર્દીએ ગુજરાતને ગૌરવ અપાવ્યું છે.

ઈ. ૧૯૪૯ના મેમાં વડોદરા રાજ્યનું મુંબાઈ રાજ્ય સાથે જોડાણ થતાં એ જ વર્ષના ઑગસ્ટમાં જીવરાજભાઈ મુંબાઈ સરકારમાં જાહેર બાંધકામ ખાતાના પ્રધાન બન્યા; અને ત્યાર બાદ ૧૯૫૨ પછી ઉત્તરોત્તર દારૂબંધી, ઉદ્યોગ અને નાણાખાતાનું પ્રધાનપદ સંભાળ્યું. લગભગ એક દાયકાના એમના આ કાર્યક્ષમ વહીવટ માટે એમને એક બાજુથી પ્રશંસાનાં પુષ્પો મળ્યાં, તો બીજી બાજુથી 'મહારાષ્ટ્રના ભોગે ગુજરાતના વિકાસ માટે વધારે નાણાં ખર્ચ્યાં'નો આક્ષેપ પણ થયો! આ બધી ટીકાઓનો ઉત્તર મહારાષ્ટ્રને એમણે છેવટે દ્વિભાષી મુંબાઈ રાજ્યના વિભાજન વખતે ત્યાંની ધારાસભામાં નમ્રતાથી છતાં દૃઢતાથી વીણીવીણીને મુદ્દાસર આપ્યો. એ પણ એમનું એક ઐતિહાસિક ભાષણ હતું. એમાં એમણે ઊલટું ગુજરાતને ભૂતકાળમાં થએલા અન્યાયને કારણે તેનો વિકાસ કેટલો નહિવત્ થયો છે એનો સચોટ ખયાલ આપ્યો ને પરિણામે બીજાની હરોળમાં આવવા હવે પછી પોતાના વિકાસ માટે ગુજરાતને કેટલો ખર્ચ કરવો પડશે તે સરકારી આંકડાઓ ટાંકીને સાબિત કરી આપ્યું. એમના જ દૃઢાગ્રહથી વિભાજન વખતે ગુજરાતને વિભાજનમાં સરખો ન્યાય અને ખાધપૂરક નાણાં મળ્યાં.

વિભાજન બાદ ૧૯૬૦ના મેની પહેલીએ નવા સ્થપાએલા ગુજરાત રાજ્યના તેઓ મુખ્ય પ્રધાન બન્યા. એ પદેથી આવા ખાધવાળા રાજ્યના વહીવટનો ભાર પણ જે પ્રસન્નતા અને પરિશ્રમથી ઉઠાવ્યો એ તો સુવિદિત છે. પોતાને રાજ્યવહીવટનો જે ટૂંકો સમય મળ્યો તે દરમિયાન રાજ્યની જડ મજબૂત કરવામાં અને પ્રજાના પૈસાનું વધુમાં વધુ વળતર પ્રજાને મળે તે માટે રાતદિવસ તેમણે જહેમત ઉઠાવી.

ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ ચારે બાજુ ફૂલતીફાલતી હતી ત્યારે અમરેલી, જિલ્લાનું મુખ્ય મથક હોવા છતાં અને સૌરાષ્ટ્રના વિભાગનું જૂનું વિદ્યાધામ હોવા છતાં, ત્યાં આવી સુવિધાઓ નહોતી. ઈ. ૧૯૫૯માં ડૉ. જીવરાજે પોતાની સાથે કામ કરનારા જિલ્લાના આગેવાનોને મુંબાઈમાં સલાહ આપી કે આ દિશામાં કાંઈક કરવું જોઈએ. તેના પરિણામે 'શ્રી અમરેલી જિલ્લા વિદ્યાસભા'ની સ્થાપના થઈ. પોતે સરકારની અને બીજી અનેકવિધ પ્રવૃત્તિઓમાં પરોવાએલા હોવા છતાં એ સંસ્થાનું પ્રમુખપદ સ્વીકાર્યું, અને એક વખત આટલું થયું એટલે પછી તેનું સીધું પરિણામ આવ્યે જ છૂટકો થયો. થોડા જ વખતમાં કમાણીનું અને બીજાઓનું દાન મળ્યું અને આજે અમરેલીમાં એક વિજ્ઞાનની, એક વિનયનની અને એક વાણિજ્યની, એમ ત્રણ કૉલેજો ચાલુ થઈ ગઈ છે. તેનાં મકાનો અને તેના વિસ્તારને જોતાં જ તેની પાછળ ડૉ. જીવરાજની દીર્ઘદૃષ્ટિ અને ઝીણવટભરી કાળજી તરી આવે એવો એ ભવ્ય વિસ્તાર સુંદર મકાનો અને વિદ્યાનુરૂપ વાતાવરણથી ગુંજી ઊઠતો નજરે પડે છે. દર વરસે આ કૉલેજો અંગે જે ઘણી મોટી ખાધ આવે છે તે પૂરવા માટે અને તેના વિકાસને ચાલુ રાખવા માટે ઘણું નાણું જોઈએ, એ બધું તે પોતે જ ઝોળી ફેરવીને એકત્ર કરે છે, ઘેરઘેર ફરીને આ સંસ્થાઓને જીવતી અને ચેતનવંતી રાખવા નિરંતર પ્રવાસ કરે છે; તે પણ કેમ જાણે બાળપણનું માતૃભૂમિનું ઋણ અદા કરતા હોય એમ લાગે છે.

લોકશાહી રાજ્યવ્યવસ્થામાં પક્ષના સંખ્યાબળમાં ફેરફાર થવાના પરિણામે રાજ્યસત્તા હાથ બદલે છે. બહુમતી પક્ષ પોતે પણ કોઈ કોઈ વખત પોતાની આગેવાની બદલે છે. આવા પ્રસંગો ભાગ્યે જ આનંદદાયી હોય છે. ખાસ કરીને છૂટા થનારના મનમાં જે કડવાશ હોય છે તે ઉપર આવ્યા વિના નથી રહેતી, અને વહીવટ ઉપર પણ તેના ઓળા પડે છે. પરંતુ જીવરાજભાઇએ પોતાની સરકારનું રાજીનામું આપતાં સુધી રાજ્યના વહીવટનાં તમામ કાર્યો પૂર્ણ સ્વસ્થતાથી કર્યાં અને સંપૂર્ણ ખેલદિલીપૂર્વક પોતાના અનુગામીની ચૂંટણી તેમજ સોગંદવિધિમાં હાજર રહીને તથા એમને અભિનંદન આપીને લોકશાહી માટે અનિવાર્ય એવું તંદુરસ્ત દૃષ્ટાંત પૂરું પાડ્યું.

આવા ઉચ્ચ ચારિત્ર્યવાન અને વહીવટી નિષ્ણાતની સેવા બંધ થતાં વ્યક્તિ કરતાં દેશને વધારે નુકસાન થાય છે એમ જોઈને કેન્દ્રના વડા પ્રધાન સ્વ. જવાહરલાલ નેહરુએ એમને બ્રિટનમાં ભારતના હાઈ કમિશનરની જવાબદારી સોંપીને એમની યશસ્વી કારકિર્દીની સુયોગ્ય કદર કરી. ઈ. ૧૯૬૬ના ડિસેમ્બરની ૨૪મી સુધી ભારતના રાજદૂત તરીકે એમણે બ્રિટનમાં બજાવેલી પ્રશસ્ય સેવાઓ તો તાજી જ છે. ભારત આવ્યા પછી કોઈ ચૂંટણી લડવાના કે રાજકારણના વંટોળમાં પડવાને બદલે તેઓએ શાંત પણ જાગરૂક સમાજસેવાનું ક્ષેત્ર પસંદ કર્યું.

'આવનારાં વર્ષો દરમિયાન તે દેશને ઉપયોગી નીવડશે' એવા ગાંધીજીનાં સાદાં પણ અર્થગંભીર વચનોને સાચાં પાડનાર, તેમજ 'આ જુવાનમાં માનવીઓના નેતા થવાનું જન્મસિદ્ધ સામર્થ્ય છે' એવું સ્વ. ગોખલેનું પ્રમાણપત્ર સિદ્ધ કરી બતાવનાર જીવરાજભાઈ આ માસ (ઑગસ્ટ)ની ૨૯મી તારીખે ૮૧મા વર્ષમાં પ્રવેશ કરે છે ત્યારે પણ એમની તેજસ્વિતા અને તંદુરસ્તી હજી અખંડ છે. સાદાઈ, સરળતા ને નિરાડંબરતાની તો તે સાક્ષાત્ પ્રતિમા છે.

આદર્શવાદી છતાં જિદ્દી નહિ એવા જીવરાજભાઈ વિવિધ વાચનના અસાધારણ શોખીન છે. એ સફળ અર્થશાસ્ત્રી હોવા ઉપરાંત પુરાતત્ત્વમાં પણ ઊંડો રસ ધરાવે છે, એની પ્રતીતિ કરાવે છે લોથલ ને

...મળાજીનાં ખોદકામ માટે એમણે આપેલી મોંઘી સહાય. મનુષ્યના હીરપારખુ સરદાર વલ્લભભાઈના શબ્દોમાં કહીએ તો 'ડૅા. જીવરાજ મહેતા જેવા બાહોશ માણસ ઘણા થોડા છે. તમે ...મની કુશળતાનો લાભ ઊઠાવજો. એમની પાસે સફળ વહીવટનો ઈલમ છે.' નમ્રતા, ચીવટ, ...બળ કાર્યશક્તિ, ખંત અને અદ્ભુત યાદદાસ્ત સાથે ઊંચી ન્યાયપાલનવૃત્તિને લીધે સરોજિની ...યડુએ એમને 'માનવતાનું પુષ્પ' કહી સંબોધ્યા છે. જીવનના આઠ દાયકા સુધી પ્રફુલ્લ રહેલું ...ે પુષ્પ ચિરકાળ સુધી મઘમઘી રહો એવી આ પ્રસંગે આપણી પ્રાર્થના હો.

આ માસ (ઑગસ્ટ) ઇતિહાસમાં

વ્યક્તિવિશેષ: વિલિયમ વિલ્બરફોર્સ

એક સામાન્ય માનવી પોતાની શક્તિની મર્યાદામાં રહીને પણ સ્થિર, નક્કર ને સ્થાયી



વ્યાપક માનવહિત સાધી શકે છે તેનું સાદુંસીધું છતાં ઉદાત્ત ઉદાહરણ વિલિયમ વિલ્બરફોર્સનું જીવન પૂરું પાડે છે. બ્રિટનમાં હલ ગામના એક ધનિક વેપારીને ત્યાં ઈ. ૧૭૫૯ની ૨૪મી ઑગસ્ટે એનો જન્મ થયો. મુક્ત અને આનંદી છતાં આછકલાઈથી અસ્પૃષ્ટ રહી, કેમ્બ્રિજની સેન્ટ જૉહ્નસ કૉલેજમાં ભણી, ઈ. ૧૭૮૦માં હલ તરફથી ચૂંટાઇને એ પાર્લમેન્ટમાં ગયા. ૨૩ વર્ષની વયે હલની શાળાના એક જૂના શિક્ષક રેવરન્ડ આઈઝૅક મિલ્નરના સંપર્કે નક્કર માનવકલ્યાણ એ એમનું જીવનલક્ષ્ય બન્યું. માનવવ્યવહાર ને નીતિનિયમોનાં નીચાં ધોરણોને ચોપાસથી દૂર કરવાનો એણે ત્યારથી સંકલ્પ કર્યો. ઇંગ્લંડના એ સમયના વડા પ્રધાન વિલિયમ પિટ સાથે એને કૉલેજ કાળથી જ મૈત્રી હતી.

ઈ. સ. ૧૭૮૬માં ફોજદારીકાયદામાંસુધારણા કરવાનો એક ખરડો રજૂ કરીને એમણે જાહેર કાર્યોનો આરંભ કર્યો. જોકે ઉમરાવની સભાએ એ ખરડો ઉડાવી દીધેલો. એ પછી એમણે દૂષણ વિરોધી મંડળ સ્થાપી સામાજિક ક્ષતિઓ સામે જેહાદ ઉપાડી. ગુલામોના વેપાર પ્રત્યે તો છેક બચપણથી એમને નફરત હતી. ગુલામો પરના માલિકોના હિચકારા જુલમ સામે વર્ષોથી ટૉમસ કલાર્કસન પાસેથી એમને ગુલામોની સ્થિતિ અંગે ઘણું જાણવા મળેલું. પાર્લમેન્ટમાં ગુલામી વિરુદ્ધ ચળવળ મચાવવાનો એણે નિર્ધાર કર્યો. તથા કલાર્કસન અન્ય ક્વેકર સાથીઓએ તથા એના મિત્ર પિટે એને આ ઝુંબેશના મોવડી સમો ગણવા માંડયો. ૧૭૮૭માં વિલ્બરફોર્સે એ માટે ખરડો રજૂ કર્યો પણ બહુ દાદ મળી નહિ. એવામાં બ્રિટન ફ્રાંસ સાથે યુદ્ધમાં ઊતરતાં

તથા બીજી તરફ વિલ્બરફોર્સ પોતે બીમાર પડતાં એના ખરડાની વાત ખોરંભે પડી ગઈ. પરંતુ એમણે તો સ્વસ્થતા મળતાં ફરી એ ઝુંબેશ આરંભી દીધી અને ફરી ફરીને ઉમરાવની સભાએ એમના ખરડાને નકાર્યા કર્યો.

૧૭૯૮માં એ બાર્બરા ઍન સ્પૂનર સાથે લગ્ન કરી લંડન નજીક ક્લૅપહામ જઈ વસ્યા. ત્યાં ક્વેકર પંથના સિદ્ધાંતોથી પ્રેરાઇને 'ક્લૅપહામ પંથ'ની એમણે રચના કરી. 'એ પ્રૅક્ટિકલ વ્યૂ ઑાવ ધ પ્રિવેઇલિંગ રીલીજિયસ સિસ્ટિમ્સ ઑાવ પ્રોફેસ્ડ ક્રિશ્ચન'નામે એમણે પુસ્તક પ્રકાશિત કર્યું તે ઇંગ્લંડ-અમેરિકામાં અનહદ વખણાયું ને છ ભાષાઓમાં એના અનુવાદ પ્રકટ થયા. ખ્રિસ્તી ધર્મપ્રચારનું એ એક શુદ્ધ અને શિષ્ટ પુસ્તક ગણાયું છે.

૧૮૦૬માં પિટનું અવસાન થયું. એનો ઉત્તરાધિકારી ગુલામી વિરોધી ઝુંબેશનો એક મૌલિક ટેકેદાર હતો. એના સહકારથી આખરે ૧૮૦૭માં પાર્લમેન્ટમાં ગુલામોનું વેચાણ નાબૂદ કરતો કાયદો પસાર થયો. પરંતુ એકાએક આઝાદ બની જતા હબસી ગુલામો, એ માટેની એમની બિનતૈયારીને કારણે કદાચ અવળા ચડી જાય એવી વિલ્બરફોર્સને બીક હતી, એટલે એણે થોડો સમય પોતાનું લક્ષ ધર્મ જેવી બાબત તરફ ફેરવ્યું. ૧૮૧૩માં ઈસ્ટ ઇંડિયા કંપનીનો પટ્ટો ફરીથી નવું સ્વરૂપ પામ્યો ત્યારે હિંદુસ્તાનમાં ખ્રિસ્તી ધર્મપ્રચાર કરવાની કેટલીક દરખાસ્તો પણ એણે રજૂ કરેલી.

ગુલામોની મુક્તિ બક્ષતા બીજા ખરડાનું વાચન સાંભળવા ૧૮૩૩ના જુલાઈમાં એ લંડન આવ્યા, ત્યાં એ જ માસમાં ૨૯મી તારીખે એમનું અવસાન થયું. વેસ્ટમિન્સ્ટર ઍબેમાં વડા પ્રધાન નજીક જ એમને દફનાવાયા. બે જ દિવસ પછી ૩૧મી જુલાઈએ મધરાતે બ્રિટિશ ધ્વજ હેઠળના તમામ પ્રદેશોમાંના ત્રણ લાખ જેટલા ગુલામો મુક્ત થયા.

ગજા ઉપરાંતની ઉદારતા, અખૂટ ધૈર્ય ને હળવી વિનોદવૃત્તિના ભંડાર સમા વિલ્બરફોર્સ મળતાવડા તથા વાતચીતની કલાની નૈસર્ગિક બક્ષિસ ધરાવનારા હોઈ લંડનનાં સામાજિક મંડળોમાં સદા આવકાર પામતા. માનવકલ્યાણ અને રાજકારણનો આવો સમન્વય સાધી શકનારા વિરલ કલ્યાણ કામીઓમાં એમનું નામ પણ કાયમ અંકિત રહેશે.

પ્રસંગવિશેષ : 'ઍશીઝ'–ઈંગ્લંડની ક્રિકેટકીર્તિની ભસ્મ. ૧૯ ઑગસ્ટ, ૧૮૮૨

ઈ. સ. ૧૮૮૨માં મર્ડોકની સરદારીમાં ઑાવલના મેદાન ઉપર ઇંગ્લંડના ચુનંદા ક્રિકેટખેલાડીઓ સામે ઑસ્ટ્રેલિયા રમી રહ્યું હતું. પહેલા દાવમાં ઇંગ્લંડના ૧૦૧ અને ઑસ્ટ્રેલિયાના માત્ર



૬૩ રન થયા. બીજો દાવ પણ એવો જ ગયો. જીતવા માટે ઇંગ્લંડને માત્ર ૮૫ રન જ જોઈતા હતા. બે વિકેટના ભોગે એણે ૫૫ રન તો કરી પણ લીધા અને બાકીના ૩૫ રન જોતજોતામાં થઈ જવાની ખાતરીથી ઇંગ્લંડ પૂરા ઉત્સાહમાં હતું. પણ બાજીએ રંગ પલટયો. ઑસ્ટ્રેલિયાના બોલર સ્પોફોર્થે ઉપરાઉપરી ઇંગ્લંડની વિકેટો ખેરવીને હાહાકાર મચાવી દીધો. વિજયને હાથવેંતમાં જોતું ઇંગ્લંડ માત્ર ૭૭ રન કરી શક્યું. સ્પોફોર્થે બંને દાવમાં સાતસાત વિકેટો પાડી. ઑસ્ટ્રેલિયાને ઇંગ્લંડના મેદાનમાં પ્રથમ વિજય અપાવ્યો. ઇંગ્લંડની આ કારમી હારથી 'સ્પોર્ટિંગ ટાઈમ્સ' અખબારે કાળા અક્ષરે છાપ્યું: '૧૮૮૨ની ૨૯મી ઑગસ્ટે ઑાવલના મેદાન ઉપર મરણ પામેલી ઇંગ્લંડની ક્રિકેટકીર્તિની દર્દભરી સ્મૃતિમાં મિત્રવર્ગ અને સ્નેહીઓની ઊંડી હમદર્દી સાથે એના મૃતદેહનું દહન કરવામાં આવશે અને તેના ભસ્મ ઑસ્ટ્રેલિયા લઈ જવાશે.' ઇંગ્લંડની ક્રિકેટકીર્તિની કાલ્પનિક ભસ્મ—'ઍશીઝ'નું અસ્તિત્વ આમ શરૂ થયું.

બીજે વર્ષે ઇંગ્લંડની ટીમ ઑસ્ટ્રેલિયા ગઈ ને ત્યાં બંને પક્ષે બબ્બે મૅચો જીતી. એ પ્રવાસમાં મેલ્બોર્નની સ્ત્રીઓએ ઇંગ્લિશ કૅપ્ટનને આ 'ભસ્મ' રાખવા માટે એક પાત્ર ભેટ આપ્યું હતું. આ ભેટ ધરનાર ફ્લૉરેન્સ મર્ફી ઇંગ્લિશ કૅપ્ટનના પ્રેમમાં પડી ને એને પરણી ગએલી. આ પછી પ્રતિવર્ષે ઇંગ્લંડ અને ઑસ્ટ્રેલિયા વચ્ચે ક્રિકેટનો મહાજંગ ખેલાતો રહ્યો છે ને એમાં જીતનાર પોતાના વિજયના ચિહ્ન તરીકે 'ઍશીઝ'નો કબજો લે છે. ક્રિકેટઆલમમાં સર્વોપરિતાની સૂચક આ 'ઍશીઝ' પાછળ આમ ઇંગ્લંડના એક મોટા પરાજયની કથા છે.

દશ્યચિત્રો પ્રત્યે એમને વિશેષ આકર્ષણ છે હમણાં કેસરિયાજી ગએલા ત્યાંના મેળા અને આદિવાસીઓનાં રેખાલેખન ઉતારી લાવેલા એ જોવામાં અમે ડૂબી ગયા હવે તો એ રંગ, આ મેળા, બધું લુપ્ત થવા માંડ્યું છે એનો એમણે રંજ વ્યક્ત કર્યો ભારતની બહુવિધ કળાસંપદના તેઓ ચાહક છે. નંદબાબુના અગ્રગણ્ય શિષ્યોમાંના એક ઇન્દ્ર'દાને એમની ભારતીય કલાપ્રણાલીમાં અવિચળ શ્રદ્ધા છે. નંદબાબુને અંજલિ આપતો 'કુમાર'નો એક અને બીજાં બંગાળી સામયિકોમાંનાં એમનાં સ્મરણો વાંચી બતાવતાં તો તેઓ ગદ્ગદિત થઈ ગયા.

હું તો હજી એમનાં દશ્યચિત્રો જ વાગોળતો હતો, ત્યાં પોતાનાં ચિત્રોનો નવો થોક બતાવ્યો. કહે: 'આ તમને ગમશે. તમને નૃત્યમાં રસ છે તેવો અમને ય છે. તમારું શાસ્ત્રીય બધું ન સમજીએ, પણ આ સ્કેચો કરવામાં ઘણો આનંદ આવે છે.' એમ કહી 'બેલે' અને 'લોકનૃત્યો'નાં ઢગલાબંધ આલેખનો બતાવ્યાં.

'અમૃતબઝાર પત્રિકા'એ એમનાં ચિત્રો માટે લખેલું: 'શ્રી ઇન્દ્ર દુગડની ચિત્રકૃતિઓમાં દશ્યચિત્રોનું સ્થાન ઉત્કૃષ્ટ છે. એ પછી આવે એમનાં પુષ્પચિત્રો. અને પોતે માનવાકૃતિઓ ચીતરવા પર અચ્છો કાબૂ ધરાવતા હોવા છતાં એમની એવી કૃતિઓ આ છેલ્લા પ્રદર્શનમાં બહુ ઓછી છે.... એમનાં દશ્યચિત્રો યે દેવમંદિરો, પર્વતો, નદી-ઝરણાં અને ઘાટ વગેરેનાં, જાણીતા વિષયનાં જ હોય છે, છતાં એમની પીંછીમાં કોઈ એવી શક્તિ છે કે એ વિષયની પરિચિતતા ભુલાઈ જઈ એમાંથી જીવનમાં કોઈ પ્રસન્ન અર્થ પૂરે એવી મધુરતા નીતરતી જણાય છે. એમનાં દશ્યચિત્રોમાં ચીની, ભારતીય ને પશ્ચિમી ઢબનો જાણે સુભગ સમન્વય થયો લાગે છે. એમના રંગો શિષ્ટમધુર પસંદગીથી મૂકેલા હોય છે. એમાં પ્રાચીન ચીની કળામાં દેખાતી રેખા ને અવકાશ પ્રત્યેની એમની લાગણીશીલતા વરતાય છે તો બીજી બાજુ પશ્ચિમી કળાની લાક્ષણિક પૂર્ણતા ને પર્સ્પેક્ટિવનો અભાવ પણ એમાં નથી.

આ વયે (એમને પચાસ ઉપર તો થયાં હશે) પ વિપુલ ને સતત કામ કરે છે કે એનો પરિશ્રમ જોઈ આ હતું. એમાં જ એમનો આનંદ છે-પરિતોષ છે.

એમનો પુત્ર જયંત હવે ભણી ચૂક્યો છે. બીજા ભણે છે. બહુ જ સ્વસ્થ સંતોષી જીવન છે એમનું. આ પ્રદર્શનમાં એમણે પોતાના પિતા શ્રી હીરાચંદજીની ને પુત્રોની ચિત્રકૃતિઓ પણ મૂકી હતી. —સુનીલ



શ્રી ઇન્દ્ર દુગડની કલા




←ગામડાની શેરી(રેશમ પર કરેલું ચિત્ર) ↑ઉતાકામંડનું એક દશ્ય(ર
↓મહાબલિપુરમનું એક દશ્ય (તૈલરંગી)





જોધપુરની શેરી (જળરંગી)



જિયાગંજ(કલાકારની જન્મભૂમિ)નો નદીકિનારો(જળરંગી)૧૯૩૭સુધી તેઓ અહીં જ રહેલા.



હિમાલયની પહાડીઓને ખોળે ભૂટિયા વસવાટો.

શ્રી ઈન્દ્ર દુગડની કલા

રાધા (રેશમ પર ટેમ્પેરા)



અનાદિ આવેગ





અશ્રુઝરી

વળ ખાય વાદળીઓ ભીની ભીની હવામાં,
વીંઝાય વીજળીઓ ભીની ભીની હવામાં.
બાંધેલ વાદળીની ભારી છૂટી ગઈ ને
છુટ્ટી ઊડે છે સળીઓ ભીની ભીની હવામાં.
પનિહારીઓની ગગરીનાં નીર લૈ હિલોળા,
ચૂવે છે કાંચળીઓ ભીની ભીની હવામાં.
એકાન્તની રહેલી અધખૂલી બારીઓને
અડકે છે આંગળીઓ ભીની ભીની હવામાં.

(સમર્પણ) —જયન્ત પાઠક

સ્વ. આર્યનાયકમ્

મહાત્મા ગાંધીજી પ્રેરિત નયી તાલીમના પુરસ્કર્તા ને પ્રચારક, એને જ પોતાનું અવતાર-કાર્ય માનતા શિક્ષણપ્રેમી અધ્યાપક શ્રી આર્યનાયકમ્‌નું ૭૪ની વયે, વતન લંકામાં ૧૪મી જૂને અવસાન થતાં ગાંધીજીના નક્ષત્રમંડળનો એક વધુ તારો ખરી પડયો.

'વિશાળ વ્યોમ નીચે એક પરિવાર'ની ભાવના સેવતા, સિલોનના વડ્ડુકોટ્ટાના વતની આ બિનભારતી મિશનરીનું આખું નામ એડવર્ડ વિલિયમ આર્યનાયકમ્. વિલાયતમાં શૈક્ષણિક ઉચ્ચ ડિગ્રી પ્રાપ્ત કરી તેઓ શાંતિનિકેતન આવીને પૂર્વ તથા પશ્ચિમની સંસ્કૃતિનો સમન્વય સાધી 'વિશ્વભારતી'ને આકાર આપવા પ્રયાસ કરતા ટાગોરના સાથી બન્યા.

શાંતિનિકેતનમાં આવી વસેલા ગુરુદેવના પરમ મિત્ર અને થીઑસૉફિકલ સોસાએટીના સભ્ય શ્રી ફણીભૂષણનાં, બનારસ યુનિવર્સિટીમાં એમ.એ. થએલાં પુત્રી આશાદેવી સાથે એમણે લગ્ન કર્યાં, અને આમ પૂર્વ અને પશ્ચિમની સંસ્કૃતિઓ વિષે ઉચ્ચ ખયાલો ધરાવતાં બે શિક્ષણ-પ્રેમીઓનો સુભગ ને વિરલ સંયોગ સધાયો. પણ જતે દહાડે શાંતિનિકેતન સંસ્થા ખર્ચાળ અને એશઆરામી બનતી જાય છે એમ લાગતાં, 'હરિજન'માં 'નયી તાલીમ' વિષે પ્રગટ થતા ગાંધીજીના લેખોથી પ્રભાવિત થએલાં આ પતિપત્ની સેવાગ્રામ ઊપડી ગયાં.

ઈ. ૧૯૩૭માં ગાંધીજીએ 'હિંદુસ્તાન તાલીમી સંઘ'ની સ્થાપના ડૉ. ઝાકીરહુસેનના અધ્યક્ષપદે કરી ત્યારે એના મંત્રીપદે શ્રી આર્યનાયકમ્‌ની નિમણૂક કરવામાં આવી, જે સ્થાન એમણે અંતકાળ સુધી યશસ્વી રીતે શોભાવ્યું. ૧૯૬૨માં જ્યારે વેડછી ખાતે ૧૪મું અખિલ ભારતીય સર્વોદય સંમેલન ભરાયું ત્યારે એના અધ્યક્ષપદે તેઓ બિરાજ્યા હતા, જે સ્થાન અગાઉ એમનાં સહધર્મચારિણી આશાદેવીએ પણ શોભાવ્યું હતું. ઈ. ૧૯૫૦માં તેઓ વિનોબાજીની ગ્રામદાન પ્રવૃત્તિમાં જોડાયા હતા અને છેલ્લાં ચારેક વર્ષથી શારીરિક વ્યાધિને લીધે વતન લંકામાં જઈ વસ્યા હતા.

ઇંગ્લંડના વૈભવશાળી વાતાવરણમાં રહ્યા હોવા છતાં સેવાગ્રામમાં આવ્યા બાદ આર્યનાયકમે પોતાનું જીવન તદ્દન સાદું ને સરળ બનાવી દીધું હતું. ધોતી, કફની, ટોપી અને ખેસ સાથેનું એમનું વ્યક્તિત્વ એમને એક નવી જ દીપ્તિ આપતું. એમના હેતાળ, મધુર ને ઉદાર સ્વભાવે તાલીમી સંઘના પરિવારમાં એમના માટે પૂજ્યભાવ પેદા કર્યો હતો. પરિવારનાં બધાં માણસો એમને 'બાબા' અને આશાદેવીને 'મા' કહી સંબોધતાં. માંદાઓની સેવા, બાળકોની દેખભાળ ને વિદ્યાર્થીઓને ઉષ્માભર્યું શિક્ષણ એ આ દંપતીનાં જીવનકાર્યો હતાં.

અધ્યાપક તરીકે આર્યનાયકમ્ વિદ્વાન, માયાળુ અને વિનોદી હતા. વિદ્યાર્થીઓને એ પોતાનાં સંતાનોની જેમ ચાહતા. સાડા છ ફૂટની ઊંચી કસાએલી કાયા, શિર પર લહેરાતા ગુચ્છાદાર વાળ, ને સદા ગંભીર મુખવાળા આર્યનાયકમ્‌નું વ્યક્તિત્વ એમને મળનાર કોઈ પણ વ્યક્તિના હૈયામાં એમને માટે માન પ્રેરે એવું હતું, પછી વિદ્યાર્થીઓની તો વાત જ શી?

આર્યનાયકમ્‌ની માતૃભાષા સિંહાલી-તામિલ, પણ ઇંગ્લંડના વસવાટને લીધે અંગ્રેજી પર અસાધારણ કાબૂ. શાંતિનિકેતનના વસવાટ દરમિયાન બંગાળી ને સેવાગ્રામમાં ગુજરાતી,



આકાશ જો વાદળછાયું નહિ હોય તો મોડી રાતે દક્ષિણમાં ઉપર દર્શાવેલા તારા દેખાશે.

ગરુડ (Aquila) ને ધનુ (Sagittarius) રાશિની વચ્ચે અગ્નિ ખૂણા તરફ મકર (Capricornus) રાશિ છે. એના બેએક તારાઓ સિવાય બાકીના બધા નિસ્તેજ જેવા છે, છતાં હોડી જેવા આકાર વડે આ રાશિ તુરત પરખાઈ જાય છે. દોઢેક હજાર વર્ષ પહેલાં મકર રાશિ છેક દક્ષિણની રાશિ હતી. સૂર્ય જ્યારે વધુમાં વધુ દક્ષિણે જતો ત્યારે આ રાશિમાં જતો અને પૃથ્વીના ગોળા પર જે દક્ષિણ વૃત્ત દર્શાવાતું તેને આના પરથી જ મકરવૃત્ત નામ અપાયું હતું. આજે યે એ નામ જ ચાલે છે પણ હવે દક્ષિણતમ રાશિ મકર નહિ પરંતુ ધનુ છે.

મકરની બાજુમાં અગ્નિ દિશાએ માછલી આકારનું તારામંડળ યામમત્સ્ય' (Pisces Austrinus) છે. એના મોને સ્થાને આવેલો 'મીનાસ્ય'તારો અહીંથી ૨૩ પ્રકાશવર્ષ દૂર છે.

યામમત્સ્યની દક્ષિણે છે 'બક' (Grus)-મંડળના તારા; અને એની અગ્નિ તરફ 'ગૃધ્ર'-ગીધ (Phoenix)ના તારા છે. એમાંનો ચળકતો તારો 'જટાયુ' નામે ઓળખાય છે.

મકરની પૂર્વમાં આવેલી 'કુંભ રાશિ' (Aquarius)ના તારાઓ તો ઓળખતા હશો અને એમાંના 'શતતારા' નક્ષત્રને પણ.

ઉત્તરમાં 'ભૂતેશ' અને 'શૌરી'ની વચ્ચે આવેલો 'કિરીટ' તો પરિચિત છે. આવા જ આકારે દક્ષિણમાં 'ધનુ'ની નીચે એક નાનું તારામંડળ છે, એને 'દક્ષિણ કિરીટ'(Corona Austrina) કહે છે, પણ એમાં 'કોહીનૂર' જેવો ચળકતો તારો નથી.

દક્ષિણમાં 'જય-વિજય'ની બેલડી જેવી બીજી પણ એક તારા-બેલડી છે: 'સિંધુ' (Indus) અને 'મયૂર' (Pavo)ની. નકશાના આધારે એ તુરત ઓળખાશે.




મરાઠી અને હિંદી શીખેલા. જોકે હિંદી બોલતાં એમને મુશ્કેલી પડતી.

આવા પીઢ, પ્રેમાળ અને પ્રબળ આત્મશક્તિવાળા કેળવણીકારના અવસાનથી માત્ર નથી તાલીમને જ નહિ, સમગ્ર શિક્ષણજગતને અને ગાંધીજીના રાહે ચાલતા રહેલા એમના અંતેવાસીઓના મંડળને ભારે મોટી ખોટ પડી છે. (ચિત્ર : ૩૫૨)

'સવાઈ માન'નો લેડીગલી-દિન

૧૯ વર્ષ પહેલાં જમ્મુ-કાશ્મીર મોરચે ૧૧,૦૦૦ ફૂટની ઊંચાઈએ 'લેડીગલી'ની લડાઈમાં રાજપૂતાના રાઈફલ્સની આજની ૧૭મી બૅટલિયને દાખવેલી વીરતાએ ભારતીય સૈન્યની પરાક્રમગાથામાં ગૌરવવંતુ પ્રકરણ ઉમેર્યું હતું. 'સવાઈ માન'ને નામે ઓળખાતી આ બૅટલિયન આપણા સૈન્યમાં એક અત્યંત જુસ્સાદાર લડાયક ટુકડી ગણાય છે.

આમ તો આ રાજપૂત પલટનનો ઇતિહાસ છેક ૧૫મી સદીથી આરંભાએલો છે. ઈ. ૧૬૨૦માં એ 'જયપુર રસાલા'ના નામે ઓળખાતી. પછીની સદીઓમાં એનું નામ બદલાતું રહ્યું, પરંતુ એનું નેતૃત્વ તો સદા જયપુરના રાજવીઓ જ કરતા. છેલ્લે મહારાજા સવાઈ માનસિંહે ઇંગ્લંડના 'કોલ્ડસ્ટ્રીમ ગાર્ડ્ઝ'ની ઢબે એની નવેસરથી રચના કરીને એને 'સવાઈ માન' ગાર્ડ્ઝનું નામ આપ્યું સુએઝની પૂર્વના દેશોમાં ગાર્ડ્ઝની આ એક જ પલટન હતી. ઈ. ૧૯૫૪માં એને ભારતીય સૈન્યની એક અગ્રગણ્ય સેના 'રાજપૂતાના રાઈફલ્સ'માં ૧૭મી બૅટલિયન



તરીકે જોડી દેવામાં આવી. ઘોડેસવાર, ગાર્ડ્ઝ અને રાઈફલ કૉર્પ્સનું માન મેળવનાર આ એક જ પલટન છે.

છેક પૂર્વનો ઇતિહાસ જોઈએ તો, હલદીઘાટના યુદ્ધમાં શાહજાદા સલીમના સૈન્યમાં મોખરાનો મોરચો સંભાળી શાહી પક્ષે વિજય મેળવવમાં અગ્રિમ વીરત્વ દાખવનાર આ રાજપૂત દળ જ હતું. ત્યારે એ 'કચ્છવા' નામે ઓળખાતું. મુઘલશાહી સેનામાં રહી એ અટક, કાબુલ, કંદહાર, વગેરે મોટાં યુદ્ધોમાં લડેલું. બીજા વિશ્વયુદ્ધમાં ઇરિટ્રિયા, ઇજિપ્ત, તોબ્રુક, પૅલેસ્ટાઈન, ઇટલી ને હૉંગકૉંગમાં પણ આ દળે વીરગાથા રચેલી. છેલ્લે પાકિસ્તાન સામે કચ્છ ને પછી ગદરા (રાજસ્થાન)ના મોરચા પર પણ આ 'સવાઈ માન'ના સૈનિકોએ જ ટક્કર લડાવેલી.

સદીઓથી આમ ઉત્તરોત્તર વીરગાથા રચી ગૌરવાન્વિત બનેલા આ દળે ગઈ ૨૮મી જૂને જામનગરમાં ૧૯માં 'લેડીગલી-દિન'ની ઊજવણી લશ્કરી શાનથી કરી હતી. માતાજીની મૂર્તિ સમક્ષ મશાલ પેટાવી મર્દાની રમતગમતોની હરીફાઈ, લોકનૃત્યો ને મનોરંજન કાર્યક્રમો તથા 'બડાખાના' ને મિલિટરી બૅન્ડની સૂરાવલી સાથેના તે દિવસના કાર્યક્રમોમાં રંગબેરંગી સાફાવાળા આ પલટનના તથા ત્યાંની અન્ય પાંખોના નાના-મોટા અફસરોએ ઉમંગથી ભાગ લીધો હતો. (ચિત્ર : ડાબી બાજુ)

વૃક્ષ : દેશની દોલત

● કુદરતી ઊગેલાં વૃક્ષોને ઉછેરવાં ને ઉગારવાં એ નવાં વૃક્ષો રોપવાં ને ઉછેરવા કરતાં વધુ જરૂરી છે. નવું એક વૃક્ષ ઉછેરવામાં બહુ જહેમત પડે છે, ને છતાં તે ઊગીને જામે ત્યારે ખરું.

● જંગલમાં અકસ્માત દાવાનળ લાગે છે ત્યારે તેમાં કેટલી ય કિંમતી સંપત્તિ ભરખાઈ જાય છે. આગ જંગલનો કટ્ટો દુશ્મન છે. એટલે જંગલમાં જાઓ ત્યારે તકેદારી રાખો કે જેથી આગ લાગે તેવું કશું ત્યાં થવા ન પામે. જંગલને દવમાંથી બચાવવું એ વૃક્ષારોપણ અને વૃક્ષઉછેરથી અનેકગણું ચડિયાતું છે.

● વૃક્ષ દેશની દોલત છે, માટે લાકડાંનો ઉપયોગ સાચવી સાચવી કરો. એથી આપણી ખેતી સુધરશે અને આબાદી વધશે. લાકડું કરકસરથી વાપરો. એમાં એવી ઝીણી નજર રાખો કે એનું એકેએક ફાડિયું કામમાં લેવાય. લાકડાના વહેરને પણ વેડફો નહિ. ગામ, લાકડું બચાવીશું તો પ્રમાણમાં તેટલાં ઝાડ ઓછાં કપાશે. એટલે લાકડું બચાવવું એ વૃક્ષઉછેર કરવા બરાબર છે.

● વૃક્ષઉછેર કરો ત્યારે, રોપની તો નાના બચ્ચા જેવી માવજત કરો. રોપનું જતન કરો; અને જલસિંચન કરો તે પણ જાળવીને કરો. જ્યારે રોપ ઊંચું અને મજબૂત ઝાડ બની જાય છે, ત્યારે લાગે છે કે છાંયો અને ફળ આપતા ઝાડનો જીવ કેટલો પુણ્યશાળી છે! તેથી જ શાસ્ત્રમાં કહ્યું છે કે 'પુત્રાદ્ દશગુણો દ્રુમઃ' (વૃક્ષ પુત્રથી યે દશગણા મહત્ત્વનું છે).


● વૃક્ષઉછેરે છે એ સ્વાર્થ સાથે પરમાર્થ સાધે છે. પરમાર્થથી મોટું કોઈ પુણ્ય નથી. વૃક્ષ ઉછેરવાનું પુણ્યશાળી કામ કરો; જીવન સાર્થક લાગશે. ● વૃક્ષ જીવન છે. વૃક્ષ ઉછેરો.

[ગુજરાત રાજ્ય વનવિભાગનો અનુરોધ]

નિંદર ન આવે ત્રણ જણાં, કહોને સખિ કિયાં?
પ્રીતવછોયાં, બહુ રણાં, ખટકે વેર ઘણાં.

'કોણ છે એ?' સભામાંથી ગુસ્સાભર્યા અવાજો આવ્યા. 'હું છું. વિનાયક સાવરકર.' ને એ ઉત્તર સાંભળતાં જ કેટલાક અંગ્રેજો એના પર તૂટી પડયા. મારનારા થાકીને બાજુમાં ખસ્યા એટલે લોહીલુહાણ હાલતમાં પણ અ-ડગ ઊભેલા વીર સાવરકરે કહ્યું : 'આમ છતાં યે આ ઠરાવ સામે મારો વિરોધ ચાલુ જ છે.'

કહેવતોના અર્થ : 'હું રાણી, તું રાણી, કોણ મૂકે ચૂલે પાણી?' — ઘરની વહુઆરુઓ પોતપોતાની મહત્તાના અભિમાનમાં ઘરનાં સેવાકાર્યો અવગણતી હોય એ હોંસાતોંસી માટે ઉપાલંભ તરીકે આ કહેવત વપરાય છે. એવી બીજી કહેવતો હવે તમે શોધો.



પશ્ચિમ જર્મનીમાં બનેલા આ ટી.વી. ટેલિફોન-ને કાને લગાડવાની યે જરૂર નથી. એમાં બોલ-નારની છબિ દેખાવા સાથે નીચેના નાનકડા સ્પીકરમાંથી તેનો અવાજ પણ સંભળાય છે.



કેરાળાના એક આધ્યાત્મિક અગ્રણી ને સમાજસુધારક નારાયણ ગુરુની યાદમાં આ ઑગસ્ટની ૨૧મીએ બહાર પડનારી ખાસ ટપાલટિકિટ.

સમાજની આર્થિક સ્થિતિનું નિરીક્ષણ કરી રહેલા એક સામ્યવાદી નેતાએ પાવડો લઈ પસાર થતા મજૂરને પૂછ્યું : 'બોલ દોસ્ત, તને અઠવાડિયામાં કેટલા દિવસ કામ મળે છે?'

'બે દિવસ; કોઈ વાર ત્રણ દિવસ.'

એક સ્મિત સાથે પેલા નેતાએ કહ્યું : 'અને અહીં સામ્યવાદી રાજ્ય સ્થપાય તો કેટલા દિવસના કામની આશા તું રાખે છે?'

'તો તો સાહેબ, રાતદિવસ કરવું પડે એટલું કામ મળી જાય.'

'હાં.' નેતાએ ખુશ થતાં કહ્યું : 'પછી તો બેકારી દૂર થઈ જશે. સૌને જરૂરિયાત પ્રમાણે અન્નવસ્ત્ર મળી રહેશે.'

અંતે નેતાએ પોતાની ડાયરીમાં નોંધ કરવા માટે મજૂરને એનું નામ ને ધંધો પૂછ્યાં.

'નામ કેશા મથુર, સાહેબ,' મજૂરે કહ્યું : 'ને ધંધો મડદાં દાટવા માટે કબરો ખોદવાનો.'



ઉત્તર-દક્ષિણ અને પૂર્વ-પશ્ચિમ, બબ્બે હજાર માઈલ લાંબા ને પહોળા, એક ખંડ જેવડા કદના આપણા મહાન દેશમાં રશિયા સિવાયના યુરોપખંડના બધા જ દેશો સમાઈ જાય.

> અય માલિક! કોઈ સસલું મારો શિકાર બને તે પહેલાં મને જ કોઈ સિંહનો શિકાર બનાવી દેજે.

એકાક્ષરી અનેકાર્થી શબ્દ :
મા=જનેતા, જન્મભૂમિ, જ્ઞાન, ગતયૌવના, ગણિકા, પ્રકાશ, માપણી, લક્ષ્મી, લોકમાતા, માપવું, અટકાવવું, કેમ, ના, શું.

નુકશાનને નોતરશો નહિ.



ખરીદ-વેચાણ માટે જુના વજનો તથા માપોનો ઉપયોગ કરવો એ ગેરકાયદેસર છે. અગાઉના વજનમાપના એકમોમાં ભાવો દર્શાવવા એ પણ શિક્ષાપાત્ર ગુનો છે.

તદુપરાંત, જ્યારે જ્યારે તમે શેર તથા મણ લેખે લેવડ-દેવડ કરો છો ત્યારે ત્યારે તમે શિક્ષા ભોગવો છો કારણ કે પૈસાના બદલામાં વજનમાં તમને ઓછું મળે છે.

માત્ર વેપારીજ મેટ્રિક એકમોવાળા વજનો વાપરે એ પૂરતું નથી.

તમે પણ માત્ર કિલોમાંજ ખરીદી કરો.



આ. સં. ગુજ-૬૫